Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail :
saurashtrabhoomi@gmail.com
Website :
www.saurashtrabhoomi.com




જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્રનું અગ્રીમ અખબાર

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય | સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય

વર્ષ : ૪૮ અંક : ૧૬૨ જૂનાગઢ તા.૨૧-૦૬-૨૦૨૪ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 162, Junagadh : Date : 21 Jun, 2024, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# સમગ્ર વિશ્વ યોગમય બન્યું : વડાપ્રધાને શ્રીનગરમાં યોગ કર્યા





## શ્રીનગરમાં વરસાદને કારણે વડાપ્રધાનનાં યોગનાં કાર્યક્રમનું સ્થળ છેલ્લી ઘડીએ બદલવું પડયું : ભારતથી લઈ અમેરીકા, યુનો સુધી યોગનાં કાર્યક્રમો યોજાયા

નવી દિલ્હી/શ્રીનગર તા. ૨૧

આજે ૧૦મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ છે. વડાપ્રધાને શ્રીનગરમાં યોગ કર્યા હતા. આ કાર્યક્રમ દાલના સરોવર કિનારે યોજાવાનો હતો, પરંતુ વરસાદના કારણે કાર્યક્રમને હોલમાં ખસેડવામાં આવ્યો હતો. અગાઉ કાર્યક્રમ સવારે ૬:૩૦ વાગ્યે શરૂ થવાનો હતો પરંતુ કાર્યક્રમ સવારે ૮ વાગ્યાની આસપાસ શરૂ થયો હતો. ઓપન એરિયામાં વડાપ્રધાન મોદી ૭ હજાર લોકો સાથે યોગ કરવાના હતા, પરંતુ હોલમાં શિફટ થવાને કારણે વડાપ્રધાન સાથે માત્ર ૫૦ લોકોએ જ ભાગ લીધો હતો.

આ પ્રસંગેવડાપ્રધાને કહ્યું- યોગની યાત્રા ચાલુ રહે છે. આજે વિશ્વમાં યોગ કરનારા લોકોની સંખ્યા સતત વધી રહી છે. યોગ એ માત્ર જ્ઞાન નથી પણ એક વિજ્ઞાન પણ છે. આવી સ્થિતિમાં એક વિષય પર ધ્યાન કેન્દ્રિત કરવું મુશ્કેલ બની રહ્યું છે. તેનો ઉકેલ પણ યોગમાં રહેલો છે.

૧૦ વર્ષ પહેલા ૨૦૧૪માં સંયુક્ત રાષ્ટ્રએ ૨૧ જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે જાહેર કર્યો હતો. ત્યારથી તે વિવિધ થીમ પર ઉજવવામાં આવે છે. ૨૦૨૪ માટે યોગ દિવસની થીમ 'યોગ ફોર સેલ્ફ એન્ડ સોસાયટી' છે.

વડાપ્રધાન મોદી બે દિવસીય જમ્મુ-કાશ્મીરના પ્રવાસે છે. વર્ષ ૨૦૧૩ બાદ તેમની જમ્મુ-કાશ્મીરની વડાપ્રધાનની આ ૨૫મી મુલાકાત છે. ૨૦૧૯માં કલમ ૩૭૦ નાબૂદ થયા બાદ આ ૭મી મુલાકાત છે. ચૂંટણી પંચ સપ્ટેમ્બરમાં જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણી કરાવવાની તૈયારી કરી રહ્યું છે. આવી સ્થિતિમાં પીએમ મોદીની અહીં મુલાકાત અને યોગ દિવસ જેવા આંતરરાષ્ટ્રીય કાર્યક્રમોમાં ભાગ લેવાને પોઝિટિવ સંદેશ માનવામાં આવી રહ્યો છે. બીજી તરફ, યુદ્ધ જહાજ INS વિક્રમાદિત્યના સૈનિકોએ સવારે યોગાભ્યાસ કર્યો હતો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ પ્રસંગે સંબોધન કરતા કહ્યું કે વિશ્વ યોગની શકતિને ઓળખે છે. વિશ્વ યોગને વૈશ્વિક સુખાકારી માટે એક શકતિશાળી એજન્ટ તરીકે જુએ છે. તે લોકોને ભૂતકાળનો બોજ વહન કર્યા વિના વર્તમાનમાં જીવવામાં મદદ કરે છે. પીએમ મોદીએ શ્રીનગરના શેર-એ - કાશ્મીર ઈન્ટરનેશનલ કોન્ફરન્સ હોલ ખાતે ૧૦મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસના મુખ્ય સમારોહને સંબોધિત કરતી વખતે આ વાત કહી.

વડા પ્રધાને કહ્યું કે યોગે લોકોને અહેસાસ કરાવ્યો છે કે તેમની સુખાકારી તેમની આસપાસની દુનિયાની સુખાકારી સાથે જોડાયેલી છે. વડા પ્રધાને કહ્યું, વિશ્વ યોગને વૈશ્વિક સુખાકારી માટે એક શકિતશાળી એજન્ટ તરીકે જોઈ રહ્યું છે. યોગ આપણને ભૂતકાળનો બોજ વહન કર્યા વિના વર્તમાન ક્ષણમાં જીવવામાં મદદ કરે છે. વડા પ્રધાને કહ્યું, જયારે આપણે અંદરથી શાંતિપૂર્ણ હોઈએ છીએ, ત્યારે આપણે વિશ્વ પર પણ સકારાત્મક અસર કરી શકીએ છીએ... યોગ સમાજમાં સકારાત્મક પરિવર્તનના નવા માર્ગો બનાવે છે. વડાપ્રધાને કહ્યું કે વિશ્વભરમાં યોગ કરનારા લોકોની સંખ્યા દરરોજ વધી રહી છે અને આ દિનચર્યા તેમના રોજિંદા જીવનનો એક ભાગ બની રહી છે. વડાપ્રધાને કહ્યું, યોગને અનુસરનારાઓની સંખ્યા સતત વધી રહી છે. હું જયાં પણ જાઉં છું ત્યાં ભાગ્યે જ કોઈ (આંતરરાષ્ટ્રીય) નેતા હશે જે યોગના ફાયદા વિશે મારી સાથે વાત ન કરે. ભારતથી લઈ અમેરીકા, યુનો, સાઉદી અરેબીયા, જાપાન, યુરોપનાં દેશો તુર્કમેનીસ્તાન સહિત ભૂતપુર્વ સોવિયેત યુનિયનનાં દેશોમાં આજે ઠેરઠેર યોગ કાર્યક્રમો યોજાઈ રહયા છે.

## મુખ્યમંત્રીએ સરહદ સ્થિત નડાબેટ ખાતે યોગ દિવસ મનાવ્યો

અમદાવાદ તા. ૨૧

ગુજરાતમાં રાજયાકક્ષાના વિશ્વ યોગ દિવસની ઉજવણી બનાસકાંઠાના નડાબેટ ખાતે કરવામાં આવી હતી. જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી ઉપરાંત બીએસએફના જવાનો સહિત મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, આજના યુગમાં તણાવમુક્ત અને સરળ જીવનશૈલી માટે યોગ ઉત્તમ કહેવાય છે. યોગ પ્રાચીન ભારતના ઋષિમુનિઓએ આપેલી અમૂલ્ય ભેટ છે. આશરે પાંચ હજાર વર્ષ પહેલાં પતાંજલિ ઋષિએ યોગશાસ્ત્રનું સર્જન કર્યું હતું. ત્યારથી યોગની પરંપરા ચાલી આવે છે.

## મહારાષ્ટ્રમાં પાંચ મહિનામાં ૧૪૩ ખેડૂતોએ આત્મહત્યા કરી

મુંબઈ,તા.૨૧: મહારાષ્ટ્રના વિદર્ભ વિસ્તારમાં ખેડૂતોની આત્મહત્યા અટકવાનું નામ નથી લેતી. આ ક્ષેત્રનો યવતમાલ જિલ્લો રાજયમાં ખેડૂતોની આત્મહત્યાના કેસોને કારણે 'સુસાઇડ કેપિટલ'તરીકે બદનામ થઈ ચૂક્યો છે. ચાલુ વર્ષે મે માસ સુધી મહારાષ્ટ્રમાં ૧૪૩ ખેડૂતોએ આત્મહત્યા કરી હતી, એટલે કે છેલ્લા પાંચ મહિનાના ૧૫૨ દિવસોમાં આશરે પ્રતિ દિન એક ખેડૂતે આત્મહત્યા કરી હતી. રાજય સરકારના ડેટામાં આ માહિતી સામે આવી છે.

## બજેટમાં મધ્યમવર્ગને રાહત આપવા તૈયારી

નવી દિલ્હી,તા.૨૧

કેન્દ્ર સરકાર જુલાઈ મહિનામાં નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે પૂર્ણ બજેટ રજુ કરવાની તૈયારી કરી રહી છે. માનવામાં આવે છે કે તેમાં મધ્યમવર્ગ તેમજ કરદાતાઓને મોટી રાહત આપવામાં આવી શકે છે. આ વખતે બજેટમાં આવક વેરાની મુકિતની સીમા વધારવામાં આવી શકે છે. આ ફેરફાર નવી કર વ્યવસ્થા અંતર્ગત થઈ શકે છે્ નિષ્ણાંતોનું કહેવુ છે કે, સરકારે ઈચ્છે છે કે વધુ લોકો નવી કર વ્યવસ્થા પસંદ કરે તેને વધુ આકર્ષક બનાવવા માટે પગલા લેવામાં આવી શકે છે. હાલમાં નવી કર વ્યવસ્થા ત્રણ લાખથી વધુની આવક પર પાંચ ટકા કર લાગે છે.

માનવામાં આવે છે કે આ સ્લેબમાં કર મુકિતની સીમાને ત્રણ લાખથી વધારીને પાંચ લાખ રૂપિયા સુધી કરવામાં આવી શકે છે.જયારે વાર્ષિક ૧૫ લાખથી વધુની કમાણી પર ૩૦ ટકા કરની જોગવાઈ છે. આવક સીમાને વધારીને ૨૦ લાખ રૂપિયા કરવામાં આવી શકે છે.

# કેજરીવાલનાં જામીન પર હાઈકોર્ટે બ્રેક મારી દીધી ગઈકાલે ટ્રાયલ કોર્ટે જામીન આપ્યા હતા



નવી દિલ્હી તા. ૨૧

રાઉઝ એવન્યુ કોર્ટે દિલ્હી લિકર પોલિસી કેસમાં ગઈકાલે ૨૦ જૂને અરવિંદ કેજરીવાલને જામીન આપ્યા હતા. પરંતુ હાલ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ જેલમાંથી બહાર આવી શકશે નહીં. ઈડીની દરમિયાનગીરી બાદ દિલ્હી હાઈકોર્ટે કેસની સુનાવણી ન થાય ત્યાં સુધી તેમના જામીન પર રોક લગાવી દીધી છે. જસ્ટિસ સુધીર કુમાર જૈનની વેકેશન બેન્ચે આ કેસની સુનાવણી કરતા કહ્યું કે જ્યાં સુધી જામીનને પડકારતી ઈડીની અરજી પર સુનાવણી ન થાય ત્યાં સુધી ટ્રાયલ કોર્ટના આદેશને અસરકારક ગણવામાં આવશે નહીં.

અગાઉ, ઈડીએ ટ્રાયલ કોર્ટ પાસે જામીન પર ૪૮ કલાકનો સ્ટે લગાવવાની માગ કરી હતી, પરંતુ કોર્ટે ઈનકાર કરી દીધો હતો. કોર્ટે કહ્યું હતું કે આવતીકાલે ડ્યુટી જજ સમક્ષ આ દલીલો થઈ શકે છે.

દિલ્હીના સીએમને ૧ લાખ રૂપિયાના જામીન બોન્ડ ભરવાનો આદેશ મળ્યો છે. કોર્ટે કહ્યું છે કે વિગતવાર નિર્ણય શુક્રવારે અપલોડ કરવામાં આવશે. ત્યારે ખબર પડશે કે દિલ્હીના મુખ્યમંત્રીને કયા આધારે જામીન આપવામાં આવ્યા હતા.

રાઉઝ એવન્યુ કોર્ટમાં ૨૦ જૂને સતત બીજા દિવસે સવારે જામીન અરજી પર સુનાવણી થઈ હતી. ન્યાયાધીશ ન્યાયબિંદુની વેકેશન બેન્ચે ઈડી અને કેજરીવાલની દલીલો સાંભળ્યા બાદ નિર્ણય આપ્યો હતો.

# દેશનાં લોકશાહી ઈતિહાસમાં સૌપ્રથમવાર લોકસભા અધ્યક્ષની ચૂંટણી થવાનાં સંકેતો

નવી દિલ્હી,તા.૨૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૫ જૂને લોકસભાના નવા અધ્યક્ષના નામનો પ્રસ્તાવ રજુ કરે તેવી શકયતા છે. આ જાહેરાત ૨૪ જૂનથી ૩ જૂલાઈ સુધી ચાલનારા ૧૮માં લોકસભા સત્રના પ્રારંભ સાથે જ કરવામાં આવશે.

લોકસભા ચૂંટણીમાં ૨૪૦ બેઠક મેળવ્યા પછી ભાજપ અધ્યક્ષ પદ પોતાની પાસે રાખવા ઈચ્છુક છે. સૂત્રોના કહેવા મુજબ, ભાજપ, એનડીએ ગઠબંધનના સહયોગીઓને ઉપાધ્યક્ષપદ આપી શકે છે. આ માટે કેન્દ્રીય સંરક્ષણ મંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા રાજનાથસિંહ સહયોગી પક્ષો સાથે વાતચીત કરી રહ્યા છે. લોકસભા અધ્યક્ષ માટે ભાજપના સંભવિત ઉમેદવારોમાં આંધ્રપ્રદેશના સાંસદ દગ્ગુબાટી પુરદેશ્વરી અને અમલાપુરમથી પહેલીવાર ચુંટાયેલા ટીડીપી સાંસદ જીએમ હરીશ બાલયોગીની સાથે વર્તમાન અધ્યક્ષ ઓમ બિરલાના નામ ચર્ચામાં છે.

વિપક્ષોના ઈન્ડિયા ગઠબંધનનો મત એવો છે કે ભાજપે લોકસભા અધ્યક્ષ પદ એનડીએના સહયોગી જેડીયુ કે ટીડીપીને આપવું જોઈએ. જો કે, નીતીશકુમારની જેડીયુએ સ્પષ્ટ કહ્યું હતું કે, 'ભાજપના નિર્ણયનું સમર્થન કરશે.' જયારે ચંદ્રબાબુ નાયડુની ટીડીપીનું કહેવું છે કે 'સતાધારી ગઠબંધનના સહયોગીઓએ સર્વસંમતિથી અધ્યક્ષના નામ પર નિર્ણય કરવો જોઈએ.'

આ માટે એનડીએના સહયોગીઓ સાથે ભાજપ નેતૃત્વ ૨૨ કે ૨૩ જૂનની આસપાસ બેઠક યોજી શકે છે. ઈન્ડિયા ગઠબંધનના મહત્વના સહયોગી શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે કહ્યું કે "જો ટીડીપી લોકસભા અધ્યક્ષ માટેની ચુંટણીમાં ઉમેદવાર ઉભો રાખશે તો ઈન્ડિયા ગઠબંધનના તમામ સહયોગી ટીડીપી માટે સમર્થન સુનિશ્ચિત કરશે.

### સુરતનાં લિંબાયત વિસ્તારમાં બનેલી ઘટના

# ઈ-બાઈકમાં ચાર્જીંગ દરમ્યાન આગ લાગતા ગેસનો બાટલો પણ ફાટયો : ૧૮ વર્ષની યુવતિનું મોત



સુરત તા. ૨૧

સુરતમાં લિંબાયત વિસ્તારમાં આજે વહેલી સવારે બે ધડાકા થતા ભયનો માહોલ છવાઈ ગયો હતો. નીચે દુકાન અને ઉપર રેસિડેન્ટવાળા મકાનમાં પાછળના ભાગે સોસાયટીમાં ઈ-બાઈક ચાર્જિંગમાં મૂકી હતી. દરમિયાન વહેલી સવારે તેમાં બ્લાસ્ટ થતાં આગ ફાટી નીકળી હતી. દરમિયાન નજીકમાં જ રહેલા ગેસ સિલિન્ડર સુધી આગ પ્રસરી ગઈ હતી. જેથી ગેસ સિલિન્ડરમાં પણ બ્લાસ્ટ થયો હતો. આ ઘટનામાં એક દીવાલ, દરવાજો પણ તોડી નાખ્યો હતો. ઘટનાની જાણ થતાં ફાયર વિભાગ ઘટનાસ્થળે પહોંચ્યું હતું અને બાળક, વૃદ્ધ સહિત પાંચને રેસ્ક્યૂ કર્યા હતા. જ્યારે ૧૪ વર્ષની તરૂણીનું મોત નીપજ્યું છે. તે સાથે જ નીચે જવાનો પ્રયાસ કરતા દાઝી ગયેલી મહિલાને હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. સાથે અન્ય બે વ્યક્તિ સહિત ત્રણ લોકો દાઝી ગયા છે. જ્યારે વડદોરામાં પણ એક બિલ્ડિંગમાં આગ લાગતા ચાર દુકાનો ભડકે બળીને ખાખ થઈ હતી.

મળતી માહિતી પ્રમાણે, આજે રોજ વહેલી સવારે ૫.૩૫ વાગ્યે લિંબાયત ઝોનના મહારાણા પ્રતાપ ચોક પાસે લક્ષ્મી પાર્ક સોસાયટીમાં નીચે હાર્ડવેરની દુકાન અને ઉપર બે માળના રેસિડન્ટવાળું મકાન આવેલું છે. દુકાનની પાછળ વાડાના ભાગમાં સોસાયટીમા ઈલેક્ટ્રિક વાહન ચાર્જિંગમાં મૂક્યું હતું. જેમાં બ્લાસ્ટથી આગ લાગી હતી અને ત્યાં બાજુમાં ગેસ સિલિન્ડરમાં આગ લાગતા બ્લાસ્ટ થયો હતો.

બે બ્લાસ્ટના કારણે સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. બે ધડાકાના કારણે દુકાનની પાછળની દીવાલ અને ગેટનો દરવાજો તૂટી ગયો હતો. આ સાથે જ સામેનાં મકાનના બારીના કાચ પણ તૂટી ગયા હતા. બે બ્લાસ્ટ અને આગની જાણ થતાં તાત્કાલિક ફાયરની ટીમ ફાયર એન્જિન, વોટર બાઉઝર, ટર્ન ટેબલ લેડર જેવાં આધુનિક ફાયર વિભાગના વાહનો અને ફાયર બ્રિગેડના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.

# માતા-પિતાએ બાળકને રમકડા તરીકે સમજવા જોઈએ નહી : મુંબઈ હાઈકોર્ટે ફટકાર લગાવી

મુંબઈ,તા. ૨૧: બાળકની કસ્ટડી સાથે સબંધિત એક કેસની સુનાવણી કરતા હાઈકોર્ટે માતા-પિતાને સખત ફટકાર લગાવી છે. બોમ્બે હાઈકોર્ટની ગોવા બેન્ચનું કહેવું છે કે, બાળકને માતા-પિતાના રમકડાં તરીકે સમજવા જોઈએ નહી. તે સાથે જ હાઈકોર્ટે કહ્યું કે, બાળકના હિતને સૌથી ઉપર રાખવું જોઈએ. હાઈકોર્ટે માતા અને પિતા બંનેને બાળકની ગરમીની રજા દરમિયાન સમાન કસ્ટડી આપવાનો આદેશ આપ્યો છે.

બાળકની માતા દ્વારા હાઈકોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી. આ અરજી દ્વારા ફેમિલી કોર્ટના ૮ મે ના આદેશનો પડકારવામાં આવ્યો હતો. ફેમિલી કોર્ટે પિતાને ૭ અઠવાડિયા અને માતાને પાંચ અઠવાડિયાની કસ્ટડી આપી હતી. અરજી પર સુનાવણી જસ્ટિસ ભરત દેશપાંડેની બેન્ચ કરી રહી હતી. કોર્ટે સુનાવણી કરતા કહ્યું કે, અહીં એ ધ્યાન રાખવું જરૂરી છે કે, માતા-પિતાએ મુલાકાતના અધિકારોની ભરપાઈ કરવા માટે બાળકને રમકડાની જેમ ન સમજવું જોઈએ. બાળક સાથે માણસની જેમ વ્યવહાર કરવો જરૂરી છે અને સૌથી મહત્વની બાબત એ છે કે બાળકના હિત ને સૌથી ઉપર રાખવું જોઈએ.

# વિચિત્ર : ગરીબી ઘટી ત્યાં ભાજપની બેઠકો પણ ઘટી

નવી દિલ્હી, તા.૨૧: લોકસભા ચૂંટણી પ્રચાર દરમિયાન ભાજપે સતત ગરીબી ઘટાડવાના મુદ્દા પર ભાર મૂકયો હતો. આ ભાજપનો મુખ્ય મુદ્દો હતો. પરંતુ ભાજપને આ મુદ્દાનો કોઈ ફાયદો થતો જણાતો નથી. ભાજપ સરકાર દરમિયાન જ્યાં ગરીબી ઘટી હતી ત્યાં પાર્ટીને મોટો આંચકો લાગ્યો હતો. ૨૦૧૫-૨૦૧૬ દરમિયાન ગરીબીમાં ઘટાડો જોવા મળતી ૫૧૭ લોકસભા બેઠકોમાંથી, ભાજપે ૨૩૨ બેઠકો જીતી હતી, જે ૨૦૧૯માં ૨૯૫ બેઠકો જીતવાથી ૬૩ બેઠકોનો ઘટાડો છે. બીજી તરફ અહીં કોંગ્રેસની બેઠકો ૨૦૧૯માં ૪૨ હતી જે વધીને ૨૦૨૪માં ૯૨ થઈ ગઈ છે. એનડીએએ કુલ ૨૮૨ બેઠકો જીતી અને વિપક્ષી ભારત બ્લોક ૨૨૬ બેઠકો જીતવામાં સફળ રહ્યો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના ચૂંટણી ભાષણોમાં ગરીબી ઘટાડવાનો વારંવાર દાવો કર્યો હતો. તેમના ઘણા ભાષણોમાં, તેમણે છેલ્લા દાયકામાં લગભગ ૨૫ કરોડ લોકોને ગરીબીમાંથી બહાર કાઢવાની સરકાર વિશે વાત કરી. આ માટે તેમણે નીતિ આયોગને ટાંકયો. નીતિ આયોગ દર પાંચ વર્ષે એકત્રિત કરવામાં આવતા નેશનલ ફેમિલી હેલ્થ સર્વે ના ડેટાનો ઉપયોગ કરીને ગરીબી, આરોગ્ય, શિક્ષણ અને જીવનધોરણમાં ઘટાડાનું માપ લે છે.

## સમાચાર રાઉન્ડ અપ

- ડોલર સામે રૂપિયો ગગડયો : ૮૩.૬૩ની નવી નીચી સપાટી બનાવી
- દેશભરમાં હીટ સ્ટ્રોકનાં ૪૦ હજારથી વધુ કેસ નોંધાયા : ૨૪ કલાકમાં દિલ્હી - યુપીમાં ૧૦૦થી વધુનાં મોત
- મક્કમાં પણ ગરમીનો પ્રકોપ : ૧૦૦૦થી વધુ હજયાત્રીઓ લાપત્તા હોવાના અહેવાલો
- કાશ્મીરમાં ટુંકસમયમાં ચૂંટણી યોજાશે : વડાપ્રધાને કહયું' તૈયારીઓ શરૂ કરો

**સી. સી. પડદાવાળા**

- ફર્નિચર
- ફર્નિચર માલ
- પ્લાયવુડ
- હેન્ડલ
- પડદા
- સોફા
- સોફા માલ
- વોલ પેપર
- મેટ્રેસ
- પીલો
- પડદાનું કાપડ
- ઓફિસ કેર્ટન
- મોડયુલર કિચન

પડદા, સોફા, ફર્નિચર વ્યાજબી ભાવે કરી આપવામાં આવશે

તળાવ ગેઈટ, રેલ્વે ક્રોસીંગ, ૧લો માળ, સયુબ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧

મો. ૯૯૭૮૬ ૫૪૧૫૫

**લોક લાગણીને માન આપીને**

બોમ્બે બજાર શો-રૂમ બંધ કરવાનો હોવાથી

સ્ટોક કલીયર કરવા સબબ
દરેક સ્કૂલ યુનિફોર્મ તેમજ કાપડ
સેલમાં ૫૦% વળતર રાખેલ છે

આલ્ફા સ્કૂલ, કાલરીયા સ્કૂલ અને નોબલ સ્કૂલનાં યુનિફોર્મ અડધા ભાવમાં
પાણીનાં ભાવમાં રૂા. ૫૦૦ની આઈટમ

ફકત રૂા. ૧૫૦/માં
જૂજ માલ જ હોય આ ભાવમાં પછી મળશે નહી
જેનિલ શોપીંગ સેન્ટર - જૂનાગઢ
મો. ૯૪૨૯૩ ૨૦૮૦૫




તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પદ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જયાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...



# જૂનાગઢમાં રાત્રિનાં લઘુતમ તાપમાન ઉંચકાયું મહત્તમ તાપમાન ૩૮.૩ ડિગ્રી પહોંચ્યું

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૧

વરસાદની પ્રતિક્ષા વચ્ચે રાત્રિ અને મહતમ તાપમાનનો પારો સ્થિર રહેતા ઉકળાટથી લોકો ત્રસ્ત થઈ ગયા હતા. બુધવારની રાત્રે તાપમાન વધીને ૩૦.૮ ડિગ્રીએ પહોંચી ગયા બાદ ગુરૂવારની સવારે લઘુત્તમ તાપમાનનો પારો પણ ઉપર ચડીને ૨૯.૧ ડિગ્રીએ સ્થિર થયો હતો. જેની સાથે વાદળછાયું વાતાવરણ પણ થઈ ગયું હતું અને સવારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ પણ વધીને ૮૪ ટકાએ પહોંચી જતા બફારો અકલ્પનીય થયો હતો. જોકે બપોરે મહત્તમ તાપમાનનો પારો ૩૮.૩ ડીગ્રીએ સ્થિર રહ્યો હતો.ર સતત બીજા દિવસે પણ વાતાવરણમાં ભેજનું પ્રમાણ બપોરના સમયે ૫૧ ટકા રહ્યું હતું. પવનની પ્રતિ કલાકની ઝડપ ૧૪.૯ કિલોમીટરની રહી હતી.આમ પવન વધતા હાલ વરસાદની આશા નહીવત થઈ જતાં લોકોમાં નિરાશા વ્યાપી ગઈ છે. અને હજુ ૭ દિવસ વાદળછાયું વાતાવરણ રહેવાની હવામાન વિભાગે શક્યતા દર્શાવી હોવાથી લોકોએ ગરમી અને ઉકાળટનો સામનો કરવાની તૈયારી રાખવી પડશે.

### બહાઉદ્દીન કોલેજ ખાતે યોજાયેલ વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં

# ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સીટીના વિભાગીય વડા, પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ




જૂનાગઢ તા.૨૧

'સ્વયં અને સમાજ માટે યોગ'ના સંદેશ સાથે આજે તારીખ ૨૧ જૂનના રોજ જૂનાગઢનાં બહાઉદિન કોલેજ પરિસરમાં જિલ્લા કક્ષાના દશમાં 'વિશ્વ યોગ દિવસ'ની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ભકત કવિ નરસિંહ મહેતા યુનિ.નાં વિદ્યાભવનનાં વડા, જિલ્લા શિક્ષણાધિકારી લતાબેન, બહાઉદ્દિન કોલેજનાં આચાર્ય ડો. પરેશ બારસીયા સહિતના મહાનુભાવો યોગ દિવસની ઉજવણીમાં જોડાયા હતા.

આ પ્રસંગે વિશ્વ યોગ દિવસની શુભેચ્છા પાઠવતા ભક્ત કવિ નહસિંહ મહેતા યુનિ.નાં ડો. મયંકભાઈ સોનીએ ઔપચારીક વાતમાં યોગનું મહત્વ સમજાવતા જણાવ્યુ હતુ કે વિશ્વ યોગ દિવસની ઉજવણીનું થયેલ સુંદર આયોજન બદલ યોગાભ્યાસ કરતા ભાઈઓ –બહેનોને યોગ વિષે જાણકારી મળી હતી. રોજિંદા નિત્યક્રમમાં યોગને સ્થાન આપી આપણા શરીરને સ્વસ્થ રાખી તંદુરસ્ત સમાજનું નિર્માણ કરીએ. પ્રત્યેક નાગરિક નિરોગી અને તંદુરસ્ત બનશે ત્યારે જ સ્વસ્થ સમાજ અને શક્તિશાળી રાષ્ટ્રનું નિર્માણ થશે. વિશ્વ યોગ દિવસની ઉજવણી અંતર્ગત યુનિ.નાં કુલપતિ પ્રો.(ડો) ચેનત ત્રિવેદીએ દુરવાણી દ્વારા જૂનાગઢ વાસીઓને યોગદિવસની શુભકામનાં પાઠવી સ્વસ્થ જીવનનું યોગ તો ટોનીક છે, તેમ જણાવ્યુ હતુ. આ તકે ડો. મયંક સોની, ડો. બાપોદરા, ડો. જયસિંહ ઝાલા, ડો. ભાવસિંહ ડોડીયા, ડો સુહાસ વ્યાસ, શ્રી ભાલોડીયા, સહિત યુનિ.નાં સ્ટાફ અને છાત્રો ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રયાગ વિદ્યા સંકુલમાં ૧૦માં આંતરરાષ્ટ્રીય વિશ્વ યોગ દિવસની ઉજવણી




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૧

ક્રિષ્ના બોર્ડીંગ સ્કૂલ મેનેજડ બાય પ્રયાગ વિદ્યા સંકુલમાં ૧૦માં આંતરરાષ્ટ્રીય વિશ્વ યોગ દિવસની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. યોગના કાર્યક્રમમાં ટ્રસ્ટીઓ, શાળાના તમામ સ્ટાફ, વિદ્યાર્થીઓ અને વાલીઓ સાથે કુલ ૬૫૦ સંખ્યામાં ઉપસ્થિત રહેલ હતા. યોગની થીમ સ્વયં અને સમાજ માટે યોગ, યોગનો અર્થ જોડાવું. યોગ ટ્રેનર દ્વારા યોગાસન અને પ્રાણાયામ કરવામાં આવેલ યોગએ તમામ શકિતઓને વિકસાવવાની ચાવી છે. વિદ્યાર્થીઓમાં નિર્ણય શક્તિમાં વધારો થાય, યાદશકિત વધે, રોગનો પ્રતિકાર કરવાની ક્ષમતા વધે છે, મહર્ષિ પતંજલીએ અષ્ટાંગ યોગની ભેટ આપી છે. શ્રીમદ ભગવત ગીતામાં શ્રી કૃષ્ણએ કહ્યું છે યોગઃ કર્મયુ કૌશલમ. આજે દુનિયાના દરેક નાગરિકો આજના હરીફાઈના જમાનામાં અપાર સુવિધાઓ વચ્ચે માનસિક રીતે બિમાર થતા જાય છે. ચેનજી જીવવા માટે બેચેન થતા જાય છે. દુનિયાના દરેક ખુણે માણસ પોતાનાથી છુટો પડી રહ્યો છે. એકલતા માણસને કોરી ખાય છે. આના માટે યોગ એજ રામબાણ ઈલાજ છે. આ અંગેનું પ્રવચન સંસ્થાના પ્રમુખ જે.વી. બુટાણી અને પ્રિન્સીપાલ કે.એમ. ઠુંમર દ્વારા આપવામાં આવેલ હતું.

# ભેસાણમાં મામલતદાર કચેરી ખાતે યોગદિનની શાનદાર ઉજવણી કરવામાં આવી



(રેનિશ મહેતા દ્વારા)

ભેસાણ તા.૨૧

ભેસાણ શહેર ખાતે મામલતદાર કચેરીના પટાંગણમાં વહીવટી તંત્ર દ્વારા આજે ૨૧ જુન યોગદિન ની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શહેરના રાજકીય - સામાજિક અગ્રણીઓ ,વિદ્યાર્થીઓ, વેપારીઓ સહિત મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા.

ભેસાણના મામલતદાર આઈ.આર. પારગીના વડપણ હેઠળ યોજાયેલ આ યોગ દિન ની ઉજવણીમાં નગરજનોએ ખૂબ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. સામે એક ભવ્ય ડિસ્પ્લે ગોઠવવામાં આવી હતી જેમાં રાષ્ટ્રીય લેવલે પ્રસારિત થનારી ઉજવણી પણ ઉપસ્થિત સૌ લોકો નિહાળી શકે તેવુ આયોજન વહીવટી તંત્ર દ્વારા ગોઠવવામાં આવ્યુ હતુ. આ ઉપરાંત આ પ્રસારણ સમગ્ર તાલુકાના ગામડે ગામડે લોકો ટેલીવિઝનના માધ્યમથી જોઈ શકે તે માટે સ્થાનિક વહીવટી તંત્ર એ વ્યવસ્થા ઊભી કરી હતી. જેનો લાભ પણ ગ્રામ્ય જનતાએ મોટી સંખ્યામાં લીધો હતો. અને આઈ.આર. પારગી દ્વારા કરવામાં આવેલી વ્યવસ્થાને સૌ લોકોએ બિરદાવી હતી. મામલતદાર શ્રી આઈ.આર. પારગી સાહેબે સમગ્ર તાલુકાના લોકોને આ આયોજનમાં જોડાવવા માટે આહવાન કરતા મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

## મીઠાપુર દરિયાલાલ ગૃપનાં તમામ સિનિયર સિટીઝન દ્વારા યોગ દિવસની ઉજવણી



(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૨૧

મીઠાપુરનાં સિનિયર સિટીઝન કે જે મોટા ભાગનાં લોકો દરરોજ દરિયા કિનારે વોકિંગ માટે આવે છે તે લોકોએ દરિયાલાલ ગૃપ બનાવેલ છે. ૨૧ જુન યોગ દિવસની ઉજવણી આ ગૃપ દ્વારાકરાઈ હતી.

# મહિસાગર જિલ્લાના કોન્ટ્રાકટરે કરેલા આપઘાત મામલે જૂનાગઢમાં કલેકટરનો રજુઆત



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૧

મહિસાગર જિલ્લાના કોન્ટ્રાકટરના આપઘાતના જૂનાગઢમાં પડઘા પડ્યા છે. અધિકારીએ વધુ ટકાવારી માંગી બિલ પાસ ન કરતા કોન્ટ્રાકટરે આપઘાત કર્યો હતો. ત્યારે આવી ઘટના જૂનાગઢ સહિત ગુજરાતભરમાં ન બને તે માટે જૂનાગઢ કોન્ટ્રાકટર્સ એસોસિએશનના પ્રમુખ રણુભાઈ દાસા અને મંત્રી જેન્તીભાઈ વઘાસીયાની આગેવાનીમાં જૂનાગઢના કોન્ટ્રાકટરો દ્વારા જિલ્લા કલેકટરને રજૂઆત કરાઈ છે. રજૂઆતમાં જણાવાયું છે કે, મહિસાગર જિલ્લાના કોન્ટ્રાકટર કનુભાઈ પટેલે આપઘાતના બે ત્રણ દિવસ પહેલ કરેલા કામના બિલની રકમ માંગી હતી. જો બીલ નહિ ચૂકવાય તો આપઘાત કરવો પડશે તેમ પણ જણાવ્યું હતું. પરંતુ અધિકારી બીલ કાઢવા માટે ઉચ્ચ ટકાવારીની માંગણી કરી કામ ચાલુ હોવા છતાં ખોટી નોટીસ આપી માનસિક ત્રાસ આપી અમાનવીય વર્તન કરતા હતા. જેના કારણે કનુભાઈ પટેલને આપઘાત કરવો પડ્યો હતો.

## આઈકોનિક પ્લેસ નવલખા મંદિર ખાતે ઉજવાયો યોગ દિવસ



(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૧

વિશ્વ યોગ દિવસ નિમિત્તે આજરોજ સવારે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલા બરડા ડુંગરની ગોદમાં સ્થિત આઈકોનિક સ્થળ સમાન નવલખા મંદિરમાં યોગ દિવસની વિશિષ્ટ ઉજવણી કરવામાં આવી હતી.

# જૂનાગઢમાં ખેતીની જમીન નામે કરાવી દેવાનો વિશ્વાસ અપાવી રૂા.૩૮ લાખની છેતરપિંડીની ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૧

હાલ ફ્રોડનાં અનેક કિસ્સાઓ વધી રહયા છે ત્યારે જૂનાગઢમાં જ રૂા. ૩૮ લાખની છેતરપીંડી થયાની ફરીયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી છે. ખેતીની જમીન નામે કરાવી દેવાનો વિશ્વાસ અપાવી જૂનાગઢના શખ્સે રૂપિયા ૩૮ લાખ ઉછીના લઈ અને લખાણ કરી આપી નાણાં પરત નહીં કરતા જોષીપરાનાં યુવકે ફરિયાદ કરતા પોલીસે છેતરપિંડીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. જૂનાગઢમાં જોષીપરાના સરદારપરામાં રહેતા દિપેશભાઈ દાનાભાઈ મકવાણાના મોટા બા મુક્તાબેનના નામે ભેસાણ તાલુકાના ગામની સીમમાં પાંચ વીઘા ખેતીની જમીન લીધી હતી. તેઓ ખેડૂત ખાતેદાર હતા તે પછી જમીન તેઓના ખાતે ચડાવવા જતા તેઓનું નામ ખેડૂત ખાતેદરમાંથી નીકળી ગયું હોય જેથી તેમના નામે ખેતીની જમીન થયેલ નહીં. આ વાત દિપેશભાઈએ મૂળ રાજકોટના અને હાલ જૂનાગઢમાં અગ્રાવત ચોક પાસે આવેલ ગેલેકસી એપાર્ટમેન્ટમાં રહેતા હિતેન્દ્ર ભનુભાઈ સરવૈયાને કરતા તેઓએ તમામ જગ્યાએ તેમને ઓળખાણ છે અને મુક્તાબેનના નામે ખેતીની જમીન થઈ જશે તેવો વિશ્વાસ અપાવી અને આ પ્રશ્ન થોડાક સમયમાં જ ક્લિયર કરી આપવાનું કહ્યું હતું. હિતેન્દ્રભાઈએ મારે હાથ ઉછીના પૈસાની જરૂર છે, તમારો જમીનનો પ્રશ્ન પણ સોલ્વ કરી આપીશ તેમ કહી રૂપિયા ૩૫,૦૦૦ માંગતા યુવાને પૈસા આપ્યા હતા. આ પછી ૨૦૨૧ થી જુલાઈ ૨ ૨૦૨૩ દરમ્યાન અલગ અલગ રીતે કટકે કટકે ખેતીની જમીનનો પ્રશ્ન સોલ્વ કરી આપવાના બહાને અને ઉછીના પેટે પછી વિશ્વાસમાં લઈ કુલ રૂપિયા ૩૮ લાખ હિતેન્દ્ર સરવૈયાએ મેળવી અને ૧૦ જુલાઈ ૨૦૨૩ના રોજ તેઓને રૂપિયા ૩૮ લાખ આપેલ છે તે અંગેનું લખાણ કરી આપ્યું હતું. પરંતુ આજ દિન સુધી રૂપિયા ૩૮ લાખ પરત નહીં કરી છેતરપિંડી આચરી વિશ્વાસઘાત કર્યો હોવાની ફરિયાદ નોંધાતા બી ડિવિઝનના પીએસઆઈ એચ.ડી. પરમારે તપાસ હાથ ધરી હતી.

# જૂનાગઢના ઝાંઝરડા ચોકડી પાસે કાર ચાલકે બાઈકને ઠોકર મારતા યુવકનું મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૧

જૂનાગઢમાં ચોબારી ફાટક પાસે આવેલ ગ્રીન સિટીમાં રહેતા સમીરભાઈ રસિકભાઈ મોરવાડિયા ઝાંઝરડા ચોકડી પાસે આવેલ પોતાનો રેસ્ટોરન્ટ બંધ કરીને રાત્રિના ૧૨:૩૦ના અરસામાં ઈલેક્ટ્રીક બાઈક ઉપર બેસીને ઘરે જવા નીકળ્યા હતા ત્યારે ઝાંઝડા ચોકડી નજીક રોડ ઉપર આવેલ ખાનગી હોસ્પિટલ સામે મધુરમ રોડ તરફથી પૂરઝડપે આવી રહેલ જીજે-૨૩-એચ-૮૦૬૭ નંબરની ઈકો કારના ચાલકે સમીરભાઈને બાઈક સહિત ઠોકર લગાવતા ફંગોળાઈ જતા ગંભીર ઈજા થઈ હતી. તાત્કાલિક તેમને નજીકની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. બાદમાં વિશેષ સારવાર અર્થે અન્ય ખાનગી હોસ્પિટલમાં રીફર કરવામાં આવતા જ્યાં તેનો સારવાર દરમ્યાન મૃત્યું નીપજ્યું હતું. આ અકસ્માત સર્જી ઈકોનો ચાલક નાસી ગયો હતો. આ અંગે મૃતક યુવકના નાનાભાઈ કલ્પેશભાઈ મોરવાડિયાએ ફરિયાદ નોંધાવી છે.

# જૂનાગઢમાં દારૂ પી ઘરે ધમાલ કરતા પુત્રને માતાએ પોલીસને હવાલે કર્યો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૧

કેફી પીણું પી ઘરે આવી બકવાસ કરતા માતાએ પુત્રને પકડાવી દીધો હતો. જૂનાગઢ શહેરમાં નીચલા દાતાર પાસે આવેલ લેપ્રેસી હોસ્પિટલ પાસે રહેતા વિજયાબેન બાબુભાઈ જેઠવા (ઉ.વ.૫૮) ગુરૂવારે બપોરે પોતાના ઘરે હતા ત્યારે કોઈ કામ ધંધો ન કરતો પુત્ર જયેશ (ઉ.વ.૩૮) ઘરે કેફી પીણું પીધેલી હાલતમાં આવી અને બકવાસ કરી ગાળો બોલતો હોય જેથી વિજયાબેને પોલીસને જાણ કરતા એ ડિવિઝન પોલીસે આવીને જયેશને નશો કરેલી હાલતમાં ઝડપી લઈ કાર્યવાહી કરી હતી. અન્ય એક બનાવમાં દારૂ પી ઘરે ધમાલ કરતાં કેશોદના શખ્સની પોલીસે અટક કરી લોકઅપમાં ધકેલી દીધો હતો. કેશોદના ગંગનાથ પરામાં રહેતો ફારૂક ભીખુભાઈ દલ દારૂ પી તેના ઘરે ધમાલ કરતો હોવાની જાણ જૂનાગઢ પોલીસ કંટ્રોલ રૂમ તરફથી કરવામાં આવતા કોન્સ્ટેબલ સુખદેવસિંહ સિસોદિયાએ દોડી જઈને ફારૂક દલને નશો કરેલી હાલતમાં ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# જૂનાગઢ : જોષીપરા વિસ્તારના શ્રીજીનગરમાં રોડનું ખોદકામ કરતા સ્થાનિકોમાં રોષ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૧

જૂનાગઢ શહેરના જોષીપરા વિસ્તારમાં આવેલ શ્રીજીનગર સોસાયટીના મેઈન રોડનું ખોદકામ કરવામાં આવ્યુ છે. આ મેઈન રોડ પરથી આસપાસના સોસાયટીના વાહનોની અવર-જવર વધારે પ્રમાણ થાય છે. કેટલા સમયથી આ રોડની કામગીરી કરવામાં આવી ન હતી. પરંતુ જેમ- જેમ મનપાની ચૂંટણી નજીક આવી રહી છે. તેમ- તેમ તંત્રને કામગીરી કરવાની પણ ઉતાવળ વધતી જાય છે. હવામાન વિભાગ દ્વારા અઠવાડીયા બાદ વાવણીલાયક સારા વરસાદની આગાહી પણ કરવામાં આવી છે. પરંતુ આ આગાહી મનપા તંત્રએ ખબર નહીં હોય તેવુ લાગે છે. જો વરસાદી માહોલ જામશે તો આ મેઈન રોડ પર વાહનો ખૂચી જવા, સ્લીપ થઈ જવા જેવી સ્થિતી સર્જાય શકે તેમ છે. તંત્ર કોઈપણ આયોજન વગર કામગીરી શરૂ કરે જેનો ભોગ લોકો બને છે. અહીં આકસ્મિક બનાવો બનશે, લોકોને હેરાનગતિ થશે તેનુ કંઈ વિચારતુ નથી. આ રોડની કામગીરી ચોમાસામાં શરૂ કરતા સ્થાનિકોમાં રોષ ફેલાયો છે.

# માંગરોળમાં ૪ શખ્સોએ ધમકી આપતા યુવકનો ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૧


માંગરોળમાં વાડીએ આવું નહીં તેમ કહી માંગરોળના ૪ શખ્સે ધમકી આપતા યુવકે ઝેરી દવા પી આપઘાતની કોશિષ કરતા સારવાર માટે ખસેડાયો હતો. આ અંગે પોલીસે ૪ શખ્સ વિરૂધ્ધ કાર્યવાહી કરી હતી.

પોલીસમાંથી પ્રાપ્ત વિગત અનુસાર, માંગરોળમાં કગરાણા મીલની બાજુમાં રહેતા અને કાનનાથ રોડ ઉપર શીવાવ કાદી વિસ્તારમાં વાડી ધરાવતા મુસાભાઈ ઈબ્રાહીમભાઈ ચાંદા (ઉ.વ.૨૮)ની બાજુમાં ઈસ્માઈલ આમદ ચાંદાની વાડી આવેલ છે. આ શખ્સ અને તેના સગા સંબંધીઓ ઘણા સમયથી જમીન વિવાદના કારણે ધાકધમકી આપી હેરાન કરતા હતા.

જ્યારે મુસાભાઈ તેની વાડીએ જતા ત્યારે ઈસ્માઈલ આમદ ચાંદા તથા તેનો ભાઈ ઈબ્રાહીમ અને ઈસ્માઈલનો સાળો દાઉદ ભીખું ચાંદા અને મિત્ર સુલેમાન કપૂરચંદ જમીન વેચીને ભાગી જવાનું કહી ધમકી આપતા હતા.

ગઈકાલે પણ ઈસ્માઈલનો સાળો દાઉદ ભીખુ અને મિત્ર સુલેમાને જાનથી મારી નાખવાની ધમકી આપતા જેથી બીક લાગવાથી મુસાભાઈએ ઝેરી દવા પી લેતા તેને કેશોદની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. આ બનાવને લઈને પોલીસે ૪ શખ્સ વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

# રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા આંતરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી


જામનગર તા. ૨૧

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ દ્વારા ઓમ ટ્રેનીંગ સેન્ટરના સહયોગથી જામનગરમાં આંતર્રાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં ૧૫૦ કરતાં વધારે દિવ્યાંગ તથા મનોદિવ્યાંગ બાળકો તથા વાલીઓએ ભાગ લીધો હતો અને યોગાસન તેમજ પ્રાણાયામ કર્યાં હતા. રિલાયન્સના ગ્રુપ પ્રેસીડેન્ટ ધનરાજભાઈ નથવાણીના માર્ગદર્શનમાં યોજાયેલ આ કાર્યક્રમનો મૂળભૂત હેતુ વિશિષ્ટ બાળકોની શારીરિક, માનસિક અને ભાવનાત્મક સુખાકારીને પ્રોત્સાહન આપવાનો હતો. જામનગરના દિગ્જામ સર્કલ પાસે આવેલ ફ્રેન્ડસ હોલમાં યોજાયેલા આ કાર્યક્રમમાં વિશિષ્ટ બાળકોની ક્ષમતાઓ અને જરુરીયાતોને ધ્યાનમાં રાખીને પસંદ કરાયેલાં આસનો શહેરના યોગ નિષ્ણાંતોના માર્ગદર્શન હેઠળ શીખવવામાં આવ્યાં હતાં. માનસિક સ્વાસ્થ્ય માટે ઉપયોગી ધ્યાન અને પ્રાણાયામની પણ તાલીમ આપવામાં આવી હતી. આ ઉજવણીમાં વાલીઓને પણ સાંકળી લઈને યોગની પ્રવૃત્તિ બાળકોના રોજિંદા જીવનનો ભાગ બને અને તેનો શારીરિક- માનસિક અપૂર્તતાઓની અસર ઓછી કરવામાં થાય તેવો પ્રયાસ કરાયો હતો.

# દીવમાં ૧૦માં આંતરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી



(નીરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૨૧

દીવના ઘોઘલા બીચ ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવેલ જેમાં ઘોઘલા બીચ ખાતે યોગ કરવા લોકો ઉમટી પડ્યા હતા.દિવ આરોગ્ય વિભાગ અને પ્રશાસન દ્વારાયોગ દિવસની ઉજવણી કરવામાં આવેલ. ૧૫૦૦થી વધુ લોકો યોગ દિવસની ઉજવણીમાં જોડાયા હતા.

# પ્રાકૃતિક ખેતી દ્વારા માંગરોળ તાલુકાના વિજયભાઈ પરમારની આવકમાં થયો નોંધપાત્ર વધારો

## રાસાયણીક ખેતી કરતા પ્રાકૃતિક કૃષિમાં ખર્ચ ઘણો ઓછો અને આવક વધારે




જૂનાગઢ, ૨૧

માંગરોળ તાલુકાના શેપા ગામના વિજયભાઈ વિરાભાઈ પરમાર કે જેઓ બાળપણથી ખેતી સાથે જોડાયેલ છે અને **M.A. B.Ed** સુધી અભ્યાસ કરેલ છે. તેઓ વર્ષ ૨૦૧૫-૧૬ થી પ્રાકૃતિક ખેતી સાથે જોડાયેલા છે. ગાય આધારિત પ્રાકૃતિક ખેત ઉત્પાદનોનું હાલ તેઓ કામધેનુ પ્રાકૃતિક ફાર્મ હેઠળ વેચાણ કરી રહ્યા છે, સાથે-સાથે ૧૦ થી વધારે જુ.કૃ.યુ., SPNF અને આત્માની તાલીમમાં ભાગ લઈ માર્ગદર્શન મેળવ્યું અને ધીમે ધીમે ખેતીની શરૂઆત કરી જેમાં પાયામાં ઘન જીવામૃત ખાતર નાખ્યું ત્યાર બાદ બીજને પટ આપવા માટે બીજામૃતનો ઉપયોગ કર્યો અને રોગ જીવાતના નિવારણ માટે નિમાસ્ત્ર અગ્નિસ્ત્ર અને બ્રહ્માસ્ત્રનો જરૂરિયાત મુજબ છંટકાવ કરેલ. વિજયભાઈ વિરાભાઈ પરમારે આસપાસના ગામોના ૯૦૦૦ થી વધુ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કરવા કૃષી તાલીમ પણ આપી છે. ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ અંગે થયેલા અનુભવો અંગે વિજયભાઈ વિરાભાઈ પરમાર એ જણાવ્યું કે અમારા માંગરોળ તાલુકાના મુખ્ય પાકોમાં મગફળી, તુવેર અને રવિ પાકોમાં ઘઉં, બાજરાનો સમાવેશ થાય છે. અમારા વિસ્તારમાં લગભગ મોટાભાગના ખેડૂતો પરંપરાગત ખેતી કરતા હતા. શરૂઆતમાં એકર દિઠ વધારે ઉત્પાદન મળતું હતું પરંતુ જેમ-જેમ વર્ષો વીતતા ગયા તેમ ઉત્પાદન ઘટવા લાગ્યા. રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાના વધારે ઉપયોગથી જમીનની ફળદ્રુપતા ઘટવા લાગી અને ઉત્પાદન સાવ ઓછું થવા લાગ્યું. રાસાયણિક ખેતીની મુશ્કેલીઓ એ જોવા મળતી કે જમીન બંજર થવા લાગતી હતી, જેમાં ખાતર અને દવાનો ભાગ વધારે જોવા મળતો હતો. જેથી ઉત્પાદન ઘટવા લાગતુ હતું અને ખર્ચ વધારે આવતો હતો. જ્યારે જમીનમાં અળસિયાઓની સંખ્યા પણ ઘટવા લાગી હતી અને જમીન કડક થવા લાગી સાથે સેન્દ્રીય કાર્બનમાં પણ ઘટાડો થવા લાગ્યો હતો. જેથી જમીનમાં પિયત વધારે આપવું પડતું. આમ રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓનો ઉપયોગ કરતા ખર્ચ વધવાથી નફો ઓછો મળતો હતો. આ પ્રાકૃતિક ખેતીમાં આજે મગફળી, ઘઉં, ચણા, ધાણા, જીરૂ, તુવેર, હળદર અને શાકભાજી જેવા પાકો લેવામાં આવે છે. રાસાયણિક ખેતી સામે પ્રાકૃતિક ખેતીમાં ઘણા બદલાવ આવતા જોવા મળ્યા છે. જેમાં જમીનની ફળદ્રુપતા ખૂબ વધારે જોવા મળે છે. જમીન ભરભરી થવા લાગી છે. તેમજ જમીનમાં અળસિયાનું પ્રમાણ પણ વધવા લાગ્યું છે. હાલમા જીવામૃતના સતત ઉપયોગ કરવાથી જમીન જે અગાઉ બિન ઉપજાવ બની ગયેલ હતી તેની ફળદ્રુપતા વધવા લાગી હતી. જમીનમાં અળસિયા ઉત્પન થવા લાગ્યા અને અત્યારે ગમે તેટલો વધારે વરસાદ પડે તો પણ જમીન પાણી સંગ્રહ કરી લે છે. જમીનની નિતારશક્તિ વધવાથી ભેજ સંગ્રહશક્તિ પણ સુધરી પરિણામે પિયતની સંખ્યા પણ ઘટી જેથી ઉત્પાદનમાં પણ ઘણો સુધારો જોવા મળ્યો છે. પાકની ગુણવત્તા, સ્વાદ અને સુગંધમાં પણ બદલાવ જોવા મળ્યો છે. જેથી પ્રાકૃતિક કૃષિમાં ખર્ચ ઘણો ઓછો થવા લાગ્યો અને ખર્ચ ઘટવાથી આવક વધારો જોવા મળ્યો. આમ પ્રાકુતિક કૃષિમાં જમીન સુધરે છે અને લોકોને શુધ્ધ આહાર ખોરાક માટે મળી રહે છે.

### ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ દ્વારા

# ધોરણ ૧૦-૧૨માં ઉત્તીર્ણ થયેલ સફાઈ કામદારોના બાળકોને ઇનામ અને પ્રશસ્તિ પત્ર આપી પ્રોત્સાહિત કરાશે

## જૂનાગઢ જીલ્લાના સફાઈ કામદારો અને તેના આશ્રિતોને લાભ લેવા અનુરોધ

જૂનાગઢ,તા.૨૧

ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ દ્વારા ધોરણ ૧૦ અને ધોરણ ૧૨માં ઉત્તીર્ણ થયેલાં સમગ્ર રાજ્યના સફાઈ કામદારો અને તેના આશ્રિત બાળકોને ઈનામ અને પ્રશસ્તિ પત્રથી પ્રોત્સાહિત કરવાની યોજના અમલી છે. આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૪માં ધોરણ ૧૦માં પ્રથમ, બીજા અને ત્રીજા ક્રમે આવનાર વિદ્યાર્થીને અનુક્રમે રૂા.૪૧,૦૦૦, રૂા.૨૧,૦૦૦ અને રૂા.૧૧૦૦૦ આપવામાં આવશે. ઉપરાંત ધોરણ ૧૨માં વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહમાં પ્રથમ, બીજા અને ત્રીજા ક્રમે આવનાર વિદ્યાર્થીને અનુક્રમે રૂા.૩૧,૦૦૦, રૂા.૨૧,૦૦૦ અને રૂા.૧૧૦૦૦નું રોકડ ઈનામ આપવામાં આવશે.ઉલ્લેખનીય છે કે, આ યોજનાનો લાભ લેવા માટે કોઈ આવક મર્યાદા રાખવામાં આવી નથી. આ યોજનાનો લાભ લેવા માટે વિદ્યાર્થીઓએ માત્ર સફાઈ કર્મચારીના આશ્રિત હોવા અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર તેમજ વર્ષ ૨૦૨૪ની માર્કશીટની નકલ રજુ કરવાની રહેશે. આ યોજનાનો લાભ લેવા માટેની અરજી પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે. અરજદારે તા. ૧૫ જુલાઈ સુધીમાં https://esamajkalyan.gujarat.gov.in વેબસાઈટ ઉપર ઓનલાઈન અરજી કરવાની રહેશે. વધુ જાણકારી માટે જિલ્લા મેનેજર ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ અને નાયબ નિયામક (અનુજાતિ કલ્યાણ)ની કચેરી, બહુમાળી ભવન, બ્લોક નં.૧/૩, સરદાર બાગ પાસે, જૂનાગઢનો સંપર્ક સાધવા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ગીરગઢડાથી દ્વારકા અને રાજકોટ જવા માટેની બસ શરૂ કરવા ચેમ્બર ઓફ કોમર્સની માંગણી


(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૨૧

ગીરગઢડા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખ સુરેશભાઈ ગાંધી અને ઉપપ્રમુખ અનિલભાઈ વિઠલાણીએ અમરેલી એસ.ટી. ડિવઝનના વિભાગીય નિયામકને લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે કે, ગીરગઢડા તાલુકાના ૭૦થી વધુ ગામનો તાલુકો છે. ગીરગઢડાથી દ્વારકા જવા માટે એક પણ સીધી બસ નથી આગમી દિવસોમાં શ્રાવણ માસ અને તહેવારો આવતા હોય તેમજ આ વિસ્તાર ના લોકો જખો બંદરે મજૂરી કામે જતા હોય તે થી ઊના - દ્વારકા વાયા ગીર ગઢડા - જામવાળા, ઘાટવડ, પ્રાંચી સોમનાથ, વેરાવળ, માધવપુર, પોરબંદર, દ્વારકા રૂટ ઉપર બસ શરૂ કરવામાં આવે તો લોકોને ધાર્મિક પ્રવાસનની સર્કિટ મળી શકે તેમ છે અને એક નવી બસ ઊનાથી વહેલી સવારે ઉપડી ઊના રાજકોટ સુપર લોકલ બસ વાયા ગીરગઢડા, ઉમેદ પરા, હરમડિયા, ઘાટવડ , પ્રાચી, વેરાવળ, જૂનાગઢ-રાજકોટ રૂટ ઉપર બસ શરૂ કરવામાં આવે તો લોકોને ખુબ અનુકૂળ રહે તેમ છે અને ટ્રાફિક પણ ખુબ મળશે મુસાફરો મળી રહેશે. આ અંગે જૂનાગઢના સાંસદ રાજેશભાઈ ચુડાસમાએ પણ રજૂઆત કરી છે. વહેલી તકે આ બન્ને રૂટ ઉપર બસ શરૂ કરવા માંગણી કરવામાં આવી છે.

# સોમનાથ મહાદેવને કેરી મનોરથમાં ધરાયેલ ૨૫૦૦ કિલો કેરીઓનું આંગણવાડીઓના બાળકોને પ્રસાદી તરીકે અપાઈ

## વેરાવળ તાલુકાની તમામ આંગણવાડીઓમાં આઈસીડીએસ મારફત ૯,૭૦૦ જેટલા બાળકોને કેરીઓનું વિતરણ કરાયું




(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૨૧

જગવિખ્યાત સોમનાથ મંદિર ટ્રસ્ટ દ્વારા પ્રતિ વર્ષ મહાદેવને કેરીનો મનોરથ કરવામાં આવે છે. જે મનોરથની કેરીઓ પ્રસાદ સ્વરૂપે બાળકોને પોષણક્ષમ આહાર તરીકે પ્રસાદમાં આપવામાં આવે છે. ત્યારે આ વર્ષે પણ સોમનાથ મહાદેવના મનોરથમાં ઉપયોગમાં લેવાયેલ ૨૫૦૦ કિલો કેસર કેરી વેરાવળ તાલુકાની તમામ આંગણવાડીઓમાં પહોંચાડવામાં આવી હતી. જ્યારે આંગણવાડીઓમાં નાના ભૂલકાઓ ઉત્સાહ સાથે મીઠી મધુરી કેસર કેરીનો આસ્વાદ માણી રહ્યા હતા. ત્યારે જાણે બાળકોમાં વસનારા ઈશ્વર માનવતાને પોતાના સહસ્ત્ર હસ્તે આશીર્વાદ આપી રહ્યા હોય તેવી તૃપ્તાની લાગણી દ્રશ્યમાન થઈ હતી. સોમનાથ મહાદેવને મંદિર ટ્રસ્ટ દ્વારા ૨૫૦૦ કિલોથી વધુ કેસર કેરીનો મનોરથ કરવામાં આવ્યો હતો. ત્યારે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં કામ કરતું સોમનાથ ટ્રસ્ટ ભક્તિની સાથે સમાજિક જવાબદારીમાં મોખરે રહે છે. ટ્રસ્ટ દ્વારા આમ્ર મનોરથની



કેરીઓ આંગણવાડીના ભૂલકાઓને પોષણક્ષમ આહાર અને મહાદેવનો આશીર્વાદ સ્વરૂપે મળે તેવા શુભ આશયથી આ કેરીઓનું વિતરણ આઈસીડીએસના માધ્યમે વેરાવળ તાલુકાની તમામ આંગણવાડીઓના ૯૭૦૦ બાળકોને પહોંચાડી હતી. ટ્રસ્ટના જીએમ વિજયસિંહ ચાવડાએ આઈસીડીએસના અધિકારીઓની રૂબરૂ મુલાકાત લઈ કેરીઓ ઘટક સુધી પહોંચાડી હતી. જ્યાંથી આંગણવાડીઓમાં કેરીનોનું વિતરણ કરી પ્રસાદ ભૂલકાઓને આપવામાં આવ્યો હતો.

# જી.એસ.એફ.એ. દ્વારા એસ.જી.એસ.યુ, ડેસર ખાતે એ.આઈ.એફ.એફ. સિનિયર મેન્સ ફુટસલ કલબ ચેમ્પિયનશીપનું આયોજન

## નેશનલ ફુટસલને ગુજરાતમાં લાવવા બદલ જી.એસ.એફ.એ. ગર્વ અનુભવે છે : પરિમલ નથવાણી




(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૧


સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી (એસ.જી.એસ.યુ.) ખાતે આગામી તા.૨૨ જૂનથી ૭ જુલાઈ દરમિયાન એ.આઈ.એફ.એફ.ની સિનિયર મેન્સ ફુટસલ કલબ ચેમ્પિયનશીપ યોજાશે. ગુજરાતમાં પ્રથમવાર આયોજિત થઈ રહેલી આ ટુર્નામેન્ટમાં દેશભરમાંથી ૧૯ જેટલી ટીમ ભાગ લેશે. ગુજરાતમાંથી બરોડા ફૂટબોલ એકેડમીની ટીમ પણ ૨૦૨૩માં જીએસએફએ ફુટસલ કલબ ચેમ્પિયનશીપમાં વિજેતા બનવાની રૂએ આ ટૂર્નામેન્ટમાં ભાગ લેશે. દેશના પંદર સ્ટેટ એસોસીએશન દ્વારા પોતપોતાની ટીમને નોમિનેટ કરાઈ છે. જ્યારે ગત વર્ષની હીરો ફુટસલ કલબ ચેમ્પિયનશીપની ચાર સેમી-ફાઈનલિસ્ટ ટીમને (દિલ્હી ફૂટબોલ કલબ, મોહંમદન સ્પોર્ટિંગ કલબ, મિનરવા એકેડમી એફસી, ઈલેક્ટ્રિક વેંગ ફુટસાલ કલબ) ડાયરેક્ટ એન્ટ્રી અપાઈ છે. આ ટુર્નામેન્ટ લીગ કમ નોક-આઉટ રાઈન્ડ ફોર્મેટના આધારે રમાશે જેમાં તમામ ચાર ગ્રુપની વિજેતા ટીમો સેમી-ફાઈનલમાં પ્રવેશ કરશે. આ ટૂર્નામેન્ટની બંને સેમી-ફાઈનલની વિજેતા ટીમો આગામી ૭મી જુલાઈના રોજ ફાઈનલમાં ટકરાશે. ટૂર્નામેન્ટના ગ્રુપ આ મુજબ છે : ગ્રુપ **A:** મિલ્લત એફ.સી., સ્પોર્ટ્સ ઓડિશા, કલાસિક ફૂટબોલ એકેડમી, કોર્બેટ એફ.સી., મોહંમદન એફ.સી., ગ્રુપ **B:** ઈલેક્ટ્રિક વેંગ ફુટસલ કલબ, બેંગ્લોર એસોઝ એફ.સી., સતવીર ફૂટબોલ કલબ, ગોલ હન્ટર્ઝ એફ.સી., મિનરવા એકેડમી એફ.સી., ગ્રુપ **C:** બરોડા ફૂટબોલ એકેડમી, એફસી થ્રિસ્ટિયર, સ્પીડ ફોર્સ એફ.સી., ગુવાહાટી સિટી એફ.સી., એમ્બેલિમ સ્પોર્ટ્સ કલબ, ગ્રુપ **D:** જેસીટી ફૂટબોલ એકેડમી, ગોલાઝો ફૂટબોલ કલબ, કાસા બર્વાની સોકર, દિલ્હી એફ.સી. ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિયેશનના (જી.એસ.એફ.એ.) પ્રેસિડેન્ટ પરિમલભાઈ નથવાણીએ આ પ્રસંગે ખુશી વ્યકત કરતા જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય ફુટસલ ચેમ્પિયનશીપ જેવી આ ટૂર્નામેન્ટને ગુજરાતમાં લઈ આવવા અંગે જી.એસ.એફ.એ. ગૌરવ અનુભવે છે. ગત વર્ષે અમદાવાદમાં ઈન્ડિયન વિમેન લીગનું જી.એસ.એફ.એ. દ્વારા સફળતાપૂર્વક આયોજન થઈ ચૂક્યું છે, એમ તેમણે ઉમેર્યું હતું.

પરિમલ નથવાણીએ આ પ્રસંગે ફુટસલ માટે આદર્શ રીતે અનુકૂળ એવા ૬૦ટ૪૦ ફીટનો વુડન ફ્લોર ધરાવતા નવનિર્મિત ઈન્ડોર હોલ, તેમજ આ ટૂર્નામેન્ટ માટે અન્ય માળખાગત સુવિધાઓ પૂરી પાડવા બદલ એસ.જી.એસ.યુ.ના ઉપ કુલપતિ, ડો.અર્જુનસિંહ રાણાનો ખાસ આભાર માન્યો હતો.

ગુજરાતમાં ફૂટબોલ સ્પોર્ટ્સને મજબૂત બનાવવાની પોતાની વચનબદ્ધતાને અનુસરતા જી.એસ.એફ.એ. પોતાની જ આંતર-જિલ્લા ફૂટબોલ સ્પર્ધાઓ સાથે ભરચક કેલેન્ડર ધરાવે છે. બરાબર આ સમયે જ, તેણે રાષ્ટ્રીય સ્તરની ટૂર્નામેન્ટ્સને ગુજરાતમાં લાવવાની પહેલ પણ આદરી છે, જેથી અહીંના ફૂટબોલ ખેલાડીઓ તથા ચાહકોને ઘરઆંગણે રાષ્ટ્રીય કૌશલ્યોને નિહાળવાની તક મળે. જીએસએફએના મંત્રી મૂળરાજસિંહ ચૂડાસમા બધી વ્યવસ્થાઓ પર અંગત રીતે ધ્યાન આપી રહ્યા છે. એ.આઈ.એફ.એફ., જી.એસ.એફ.એ. અને એસ.જી.એસ.યુ.ના અધિકારીઓ આ ઈવેન્ટને સફળ બનાવવા નોંધપાત્ર જહેમત ઉઠાવવામાં આવી રહી છે. આ ટૂર્નામેન્ટની તમામ મેચનું એ.આઈ.એફ.એફ.ની યુ-ટ્યુબ ચેનલ પર જીવંત પ્રસારણ કરાશે.

# આજે ૨૧ જુન વિશ્વ સંગીત દિવસ

## ગિરીવર તળેટીમાં ગુંજયાતા કરતાલના નાદ, ભકિત એકાકાર પ્રભાતીયા અને પદો, રાગ કેદારો ભકિત સંગીતની દુનિયાનો અમુલ્ય વારસો છે



(ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા. ૨૧



સમગ્ર વિશ્વ ૨૧ જુને વિશ્વ સંગીત દિવસ ઉજવી રહ્યું છે ત્યારે એ પણ જાણવું રસપ્રદ થશે કે, કરતાલની પહેલી આહલેક ભકતકવિ નરસિંહ મહેતાએ ગિરીવર તળેટીના દામોદર કુંડ ખાતે ભકિત સંગીતમાં એકાકાર થઈ પ્રભુ સાક્ષાતકાર અનુભૂતિ કરી હતી. સંગીતનો ‘કેદારો’ રાગ નરસિંહ મહેતાની કથાઓ સાથે વણાયેલો છે. ‘તારી આંખનો અફીણી તારા બોલનો બંધાણી, તારા રૂપની પુનમનો પાગલ’ ગુજરાતી ગીત ઘેર ઘરે ગુંજતું કરનાર ગાયક દિલીપ ધોળકીયાનું જન્મ સ્થળ જૂનાગઢ છે. આસીત દેસાઈ, હેમા દેસાઈનો પણ જૂનાગઢ સાથે પારીવારીક નાતો છે. સંગીતકાર પંડીત આદિત્યરામ વ્યાસ જેનું શાસ્ત્રીય અને હવેલી સંગીતમાં આજે પણ આદરથી નામ લેવાય છે તેઓનો જન્મ પણ જૂનાગઢમાં થયો હતો. તેમની ગાયકી એટલી સુંદર હતી કે જૂનાગઢના નવાબ બહાદુરખાને પોતાના રાજગાયક લખનૌના ઉસ્તાદ નન્નુમીયા પાસે સંગીત શીખવા વ્યવસ્થા કરી આપી હતી અને ૮ વર્ષ તાલીમ લીધી હતી. આદિત્યરામને નવાબે રાજગાયક પણ બનાવ્યા હતા. જૂનાગઢના ગાયકો પ્રાણલાલ વ્યાસ, દિવાળીબેન ભીલને યાદ કરીયે તો તેઓએ અનેક ભજનો, લોકગીતો કંઠથી રજુ કરી પ્રાચીન વારસાથી દર્શકોને રસતરબોળ કરી ચુકેલ છે. કચ્છના પૂજય નારાયણ સ્વામીના સ્વરે આજેય લોકો આદરથી કેસેટ કે વીડીયો માધ્યમથી સાંભળે છે. સરકારી નિશાળોમાં પહેલા સંગીત શિક્ષકની ખાસ પોસ્ટ રહેતી જે રસરૂચીવાળાને સંગીતનો અભ્યાસ કરાવતા, વરસો પહેલા જમાનામાં કથાકારો માત્ર કથા જ કહેતા તેમાં સંગીતનો સમાવેશ ન હતો. આપણે આ પેઢી ભાગ્યશાળી છીએ કે હવે કથાની સાથે સંગીતકારો વાદ્યોના વાદન અને ગાયનથી કથા શ્રોતાઓને કથા પ્રસંગોનો લાભ મળી રહે છે.

# દ્વારકા જીલ્લામાં ૫ વર્ષ સુધીના ૯૪ હજાર જેટલા બાળકોને પોલિયોની રસી આપવામાં આવશે

(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા, તા. ૨૧

રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા સમગ્ર રાજ્ય સહિત દેવભૂમિ દ્વારકા જિલ્લા અંતર્ગત આવતા તમામ ગામો અને શહેરી વિસ્તારોમાં તા. ૨૩ જુનના રોજ પલ્સ પોલિયો એન.આઈ.ડી. રાઉન્ડ યોજાનાર છે. જેમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના ૫ વર્ષ સુધીના અંદાજે ૯૪,૬૫૧ બાળકોને પોલિયોની રસી આપવામાં આવશે. જિલ્લામાં ૩૭૯ બુથો પર રવિવારે કામગીરી કરવામાં આવશે. જેમાં ૭૫૭ જેટલી આરોગ્ય ટીમો દ્વારા ઘરે ઘરે ફરીને બાકી રહેલા બાળકોને આવરી લેવાનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લાના ૦ થી ૫ વર્ષના તમામ બાળકોને આગામી રવિવારે નજીકના પોલિયો બુથ ઉપર જઈ પોલિયોની રસીના બે ટીપાં અપાવવા જિલ્લા કલેક્ટર જી.ટી. પંડ્યા દ્વારા અનુરોધ કરાયો છે.

# ખંભાળિયા અને ભાણવડ તાલુકામાં પ્રાકૃતિક કૃષિ વિષયક તાલીમ અપાઈ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૧

રાજયપાલ આચાર્ય દેવવ્રતજીના સીધા માર્ગદર્શન હેઠળ પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવા માટે તેમજ વધુ ને વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ તરફ વળે તે માટે રાજ્ય સરકાર દ્વારા વિશેષ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. રાજયના તમામ જિલ્લાઓમાં ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા માટેની સમજ આપવામાં આવી રહી છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

### આપણે જળ સંરક્ષણ તથા યોગ્ય ઉપભોગને પ્રાથમિકતા આપવી પડશે, નહિ તો આ સંકટ વધુ સઘન બનતું જશે

દર વર્ષે ઉનાળામાં તાપમાન વધતું જવાથી દેશના વિભિન્ન હિસ્સામાં પીવાવા પાણીની કમીની સમસ્યા ગંભીર થતી જાય છે. સૂકાં ક્ષેત્રો અને અનેક મહાનગરોમાં તો તે બેહદ ગહન સમસ્યા બની છે. થોડા સમય પહેલાં દક્ષિણમાં બેંગલુરૂમાં પાણી માટે કેટલાય દિવસ સુધી હાહાકાર મચ્યો હતો. ત્યાં હજુ પણ સ્થિતિ સામાન્ય નથી થઈ શકી કે દિલ્હીમાં જળસંકટ આવીને ઊભું થઈ ગયું છે. અનેક શહેરોમાં પૂરવઠો બાધિત થયો છે. આપણા દેશમાં દુનિયાની ૧૮ ટકા આબાદી વસવાટ કરે છે, પરંતુ સ્વચ્છ પાણીના માત્ર ચાર ટકા આપણી પાસે ઉપલબ્ધ છે. જો આપણે દૂરદર્શિતા સાથે નદીઓ, જળાશયો, ભૂજળ અને વરસાદી પાણીનું સંરક્ષણ કર્યું હોત તથા પાણીના ઉપયોગને નિયંત્રિત રાખ્યો હોત તો આજની સ્થિતિ પેદા ન થઈ હોત.

નિશ્ચિત રૂપે ધરતીના વધતા તાપમાન સાથે જળવાયુમાં ઝડપથી બદલાવ આવી રહ્યો છે. આ બદલાવ પૃથ્વી પર બદા જીવોના અસ્તિત્વ માટે ખતરો બનતો રહ્યો છે. આ ખતરા માટે પણ માનવીય ઉપભોગ જવાબદાર છે. આપણા દેશમાં નદીઓ, જળાશયો, ભૂજળ અને વરસાદથી જેટલું પાણી ઉપલબ્ધ છે તે આપણી વર્તમાન અને ભવિષ્યની જરૂરિયાતો માટે પર્યાપ્ત છે. પરંતુ અંધાધૂંધ વધતા શહેરીકરણે મોટી સંખ્યામાં જળાશયો અને નાની નદીઓને ખતમ કરી દીધી. જમીન પર કોંક્રીટ પાથરીને આપણે વરસાદના પાણીને માટીમાં ભળવા અને ભૂજળ રિચાર્જ થવાની પ્રક્રિયાને અવરુદ્ધ કરી દીધી. આ ભૂલને કારણે પાણીની અછત જ નહીં, ઉચ્ચક વરસાદથી શહેરોમાં પૂર આવવાની ઘટનાઓમાં પણ વધારો થયો છે.

વધુ સમય નથી વીત્યો, જ્યારે બેંગલુરુમાં સરોવરો અને તળાવોની ભરમાર હતી અને દિલ્હીમાં પણ કેટલાય જળાશયો હતા. પ્રદૂષણ, કાંપ ભરાવા અને રેતી ખનન જેવા વિભિન્ન કારણોસર નદીઓનું જળસ્તર ઝડપથી ઘટી રહ્યું છે. ભયાવહ દોહને ભૂજળનું સ્તર બહુ નીચે કરી દીધું છે. કેન્દ્ર અને રાજ્ય સરકારોએ નળથી જળ પહોંચાડવા માટે ઉલ્લેખનીય પ્રયાસ કર્યા છે, પરંતુ પાણીની ઉપલબ્ધતા તથા ગુણવત્તા પર યોગ્ય ધ્યાન ાપ્યા વિના પૂરવઠાને બહેતર નહીં કરી શકાય.

એ પણ એક મોટું અસંતુલન છે કે સરકાર અને સમાજના સ્તરે પૂરવઠા પર વધુ ધ્યાન આપવામાં આવે છે. આપણે એ ભૂલવું ન જોઈએ કે નદી, જળાશય કે જમીનમાં પાણી હશે તો જ તેને ઘરો, બજારો અને ઉદ્યોગો સુધી પહોંચાડી શકાશે. દૂષિત પીવાના પાણી મામલે આપણે ૧૮૦ દેશોમાં ૧૪૧મા સ્થાન પર છીએ. આપણું લગભગ ૭૦ ટકા પાણી પ્રદૂષિત છે. દેશના સેંકડો જિલ્લામાં ભૂજળમાં આર્સેનિક તત્ત્વોનું મિશ્રણ છે. પાણીની માંગ વધતી જાય છે. એવામાં આપણે જળ સંરક્ષણ તથા યોગ્ય ઉપભોગને પ્રાથમિકતા આપવી પડશે, નહિ તો આ સંકટ વધુ સઘન બનતું જશે.

## રાજકોટમાં સળગાવેલી હાલતમાં લાશ મળી આવતાં ચકચાર મચી

રાજકોટ,તા.૨૧

રાજકોટમાં સ્વાતિ સોસાયટી પાસે સળગાવેલી હાલતમાં લાશ મળી આવતા ચકચાર મચી ગઈ હતી. સ્થાનિકોએ પોલીસને જાણ કરતા ટીમ ઘટનાસ્થળે પહોંચી ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

રાજકોટમાં સ્વાતિ સોસાટી પાસે અજાણ્યા યુવાનની સળગાવેલી હાલતમાં લાશ મળી આવતાં રહીશો ભયભીત થયા હતા. ડરના માહોલમાં પોલીસને આ ઘટનાની જાણ કરી હતી. પોલીસે યુવાનની હત્યા કઈ રીતે અને શા કારણે થઈ છે તેવા વિવિધ સવાલોને લઈ તપાસ હાથ ધરી છે. હાલમાં લાશને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવી છે. તેમજ પોલીસે સ્થાનિકોની પૂછપરછ પણ શરૂ કરી છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

તુલસી પંછિન કે પિયે ઘટૈ ન સરિતા નીર, ધર્મ કિયે ધન ના ઘટે, કરે સહાય રઘુવીર.

- સંત તુલસીદાસજી

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.બહમન-૧૩૯૩, મુ. જીલ્હજ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, જેઠ સુદ-૧૪ વ્રતની પૂનમ, વટસાવિત્રી પૂર્ણિમા તા.૨૧ જૂન ૨૦૨૪, શુક્રવાર, પારસી તા.૧૧, મુસ્લિમ તા.૧૪, જયેષ્ઠા નક્ષત્ર, શુભ યોગ, વષ્ટી કરણ, સૂ.ઉ.૬:૦૬, સૂ.અ.૭:૩૮

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય), સાંજે ૬:૧૯ ક. પછી જન્મેલા બાળકની રાશી ધન (ભ ધ ફ ઢ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: યશ, પ્રતિષ્ઠામાં વધારો થાય. નવિન લાભની તક સાંપડે.
વૃષભ:જોખમી કાર્યો ટાળવા હિતાવહ. માનસિક અશાંતિ રહે.
મિથુન:લાભની આશા ઠગારી નીવડે. અટકી-અટકીને કાર્ય પૂર્ણ થાય.
કર્ક: પ્રવાસથી લાભ થાય. નવિન યોજના સફળતાથી પાર પાડી શકશો.
સિંહ: આકસ્મીક ધન લાભ થાય. મહત્વના નિર્ણયોમાં સફળતા મળે.
કન્યા: આર્થિક સમસ્યા તીવ્ર બને. ભારે જહેમત પછી કાર્ય સફળતા મળે.
તુલા: પરિવારજનો સાથે તનાવ ઊભો થાય. અજ્ઞાત ભય સતાવે.
વૃશ્ચિક:ધીરજના ફળ મીઠા મળે. આર્થિક સ્થિતિ મજબુત બનાવી શકશો.
ધન: યોગ્ય પુરૂષાર્થ બાદ કાર્ય સફળતા મળે. જીવનસાથીના આરોગ્ય અંગે સંભાળવું.
મકર: અણધારી આફતથી સાવધ રહેવું. ગૃહવિવાદ થવાના યોગ.
કુંભ: વાણી સંયમ જાળવવો હિતાવહ. મનની મુરાદ બર આવે.
મીન: નવિન કાર્યોમાં સફળતા મળે. હિતશત્રુઓ પાછા ફરે.

---

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉજવણીમાં સહભાગી થશે

# ૧૦મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી નડાબેટ ખાતે થશે

## રાજ્યભરમાં યોજાનારા કાર્યક્રમોમાં રાજ્ય મંત્રીમંડળના સભ્યો,સાંસદો, ધારાસભ્યો પણ સહભાગી થશે

ગાંધીનગર, તા.૨૧

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું છે કે, વિશ્વભરમાં દર વર્ષે ૨૧મી જૂનને 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે સમગ્ર વિશ્વ, આંતરરાષ્ટ્રીય યોગ દિવસ " સ્વયં અને સમાજ માટે યોગ "ની થીમ પર ઉજવણી કરાશે. રાજ્ય સરકાર દ્વારા પણ રાજ્ય ભરમાં યોગ દિવસ નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

મંત્રી સંઘવી એ ઉમેર્યું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને રાજ્યકક્ષાનો કાર્યક્રમ સૌપ્રથમ વખત ભારત-પાકિસ્તાન સરહદે આવેલ નડાબેટમાં યોગ અને રાષ્ટ્રભક્તિના સંયોજનથી રાજ્ય સરકારના માધ્યમથી ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને **BSF**ના સહ આયોજનમાં આ વર્ષનો મુખ્ય કાર્યક્રમ યોજાશે.રાજ્યભરમાં ૮ મહાનગરપાલિકાઓ, ૩૨ જિલ્લાઓ તથા ૨૫૧ તાલુકા, ૨૦ નગરપાલિકા એમ કુલ ૩૧૨ મુખ્ય સ્થળોએ યોગ દિવસની ઉજવણી માટે સુદ્રઢ આયોજન કરવામાં આવ્યું છે. ગ્રામ પંચાયતથી મહાનગરપાલિકા સુધી શાળા, કોલેજ, આઈ.ટી.આઈ., જેલ, આરોગ્ય અને પોલીસ વિભાગો સહીતના તમામ વિભાગો યોગમય બનશે. આ ઉપરાંત કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ ગોટલીયા ગાર્ડન, સિંધુભવન, અમદાવાદ ખાતે, કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી મનસુખ માંડવીયા દિલ્હી ખાતે, કેન્દ્રીય જલશકિત મંત્રી સી.આર.પાટીલ સુરત ખાતે અને ગ્રાહક બાબતોના કેન્દ્રીય રાજ્ય મંત્રી નિમુબેન બાંભણીયા દિલ્હી ખાતે યોજાનાર કાર્યક્રમોમાં ઉપસ્થિત રહી યોગસાધનામાં જોડાશે.

મંત્રીશ્રી એ ઉમેર્યું કે,મુખ્યમંત્રીએ ૨૧મી જૂને યોજાનારા ૧૦મા આંતર રાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીને સવા કરોડ લોકોની સહભાગીતાથી ભવ્ય બનાવવાનો નિર્ધાર કર્યો છે. રાજ્યકક્ષાના કાર્યક્રમમાં વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી તથા મંત્રીઓ ઉપસ્થિત રહેશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સવારે ૦૬:૩૦ કલાકે તેમજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સવારે ૦૬:૪૦ કલાકે આ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં પ્રેરક સંબોધન કરશે અને તેનું સમગ્ર રાજ્યમાં જીવંત પ્રસારણ પણ કરવામાં આવશે. આખું વિશ્વ વિશાળ જન ભાગીદારી સાથે યોગ દિવસની ઉજવણી કરવાનું છે ત્યારે ગુજરાતના નાગરિકો 'યોગમય ગુજરાત' અભિયાનમાં સહભાગી થશે. રાજ્યભરમાં યોજાનાર આ કાર્યક્રમોમાં રાજ્યમંત્રી મંડળના સભ્યો,સાંસદશ્રીઓ,ધારાસભ્ય શ્રીઓ સહિત પદાધિકારીઓ અને અનેક મહાનુભાવો પણ સહભાગી થશે.

તેમણે કહ્યું કે, યોગ એ આપણી ભારતીય સંસ્કૃતિની દેન છે. પ્રાચીન ભારતીય પરંપરા દ્વારા માનવજાતને અપાયેલી એક અમૂલ્ય ભેટ એવી "યોગ વિદ્યા" ને વિશ્વ ફલક ઉપર લાવવા તથા માનવજાતને આરોગ્ય, સુખાકારી અને માનવતા તરફ દોરવાના ઉમદા હેતુથી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સંયુકત રાષ્ટ્રસંઘની ૬૮મી સામાન્ય સભા સમક્ષ ૨૧મી જુનને "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ" તરીકે ઉજવવા કરેલ પ્રસ્તાવને સંયુકત રાષ્ટ્ર સંઘ દ્વારા મંજુર કરવામાં આવેલ. જેના ભાગરૂપે સમગ્ર વિશ્વમાં તારીખ ૨૧ મી જુનના દિવસને "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ" તરીકે ઉજવવામાં આવે છે.

તેમણે ઉમેર્યું કે, ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા ફકત એક જ દિવસ યોગ દિવસની ઉજવણી ન કરતા સમગ્ર વર્ષ દરમિયાન અલગ અલગ કાર્યક્રમો કરી દરરોજ યોગ દિવસ તરીકે ઉજવી સુર્ય નમસ્કાર કાર્યક્રમ, યોગ સ્પર્ધા, બાળકો માટે સમર યોગ કેમ્પ, કાઉન્ટ ડાઉન કાર્યક્રમો, સાંસદ યોગ સ્પર્ધા, યોગ શિબિરો, યોગ જાગરણ રેલી જેવા કાર્યક્રમો દ્વારા છેવાડાના માનવી સુધી યોગ પહોંચે તે માટેના તમામ પ્રયત્નો કરવામાં આવ્યા છે.

અગાઉના વર્ષોમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસના રાજ્યમાં મળેલી ભવ્ય સફળતા અને ગુજરાતે સ્થાપેલા નવા વર્લ્ડ રેકોર્ડ્સની જેમ જ આગામી યોગ દિવસમાં પણ નવા કીર્તિમાન સ્થાપવામાં ગુજરાત અગ્રેસર રહેશે.

---

ગુજરાતના અમદાવાદ અને રાજકોટમાં પણ રમાશે મેચ

# BCCI એ ઈન્ડિયાના પાંચ મહિનાના ક્રિકેટ શેડ્યુલની જાહેરાત કરી

## ટીમ ઈન્ડિયા આગામી પાંચ મહિનામાં બાંગ્લાદેશ, ન્યુઝીલેન્ડ અને ત્યારબાદ ઈંગ્લેન્ડ સામે મેચ રમશે

નવી દિલ્હી, તા.૨૧

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે **(BCCI)** ટીમ ઈન્ડિયાના પાંચ મહિનાના ક્રિકેટ શેડ્યુલની જાહેરાત કરી છે. આ મુજબ ભારતીય ટીમ આગામી પાંચ મહિનામાં ત્રણ દેશો સામે મેચ રમશે. આ ઉપરાંત વિશ્વના સૌથી મોટા સ્ટેડિયમ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં પણ ક્રિકેટની ધૂમ મચશે.બીસીસીઆઈના શેડ્યૂલ મુજબ ભારત આગામી પાંચ મહિનામાં બાંગ્લાદેશ, ન્યુઝીલેન્ડ, ત્યારબાદ ઈંગ્લેન્ડ સામે મેચ રમશે. ટીમ ઈન્ડિયા પાંચ મહિનામાં પાંચ ટેસ્ટ મેચ, આઠ **T20** મેચ અને ત્રણ એકદિવસીય મેચ રમશે.

ભારત બાંગ્લાદેશ સામે ૧૯ સપ્ટેમ્બરથી ૧૨ ઓક્ટોબર વચ્ચે બે ટેસ્ટ મેચ અને ત્રણ ટી૨૦ રમી ધૂમ મચાવશે. પછી ન્યુઝીલેન્ડ સામે ૧૬ ઓક્ટોબરથી પાંચ નવેમ્બર વચ્ચે ત્રણ ટેસ્ટ મેચ રમશે. ત્યારબાદ ઈંગ્લેન્ડ વિરુદ્ધ ૨૨ જાન્યુઆરીથી ૧૨ ફેબ્રુઆરી વચ્ચે પાંચ ટી૨૦ અને ત્રણ વન-ડે મેચ રમશે.

૧૯ સપ્ટેમ્બર-૨૦૨૪થી ૧૨ ફેબ્રુઆરી-૨૦૨૫ સુધી ચાલનારા 'ક્રિકેટોત્સવ' દરમિયાન અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ અને રાજકોટમાં પણ મેચ રમાશે. બીસીસીઆઈના શેડ્યુલ મુજબ ચેન્નાઈ, કાનપુર, બેંગલુરુ, પુણે, મુંબઈના સ્ટેડિયમમાં ટેસ્ટ મેચની મજા માણવા મળશે. જ્યારે ધર્મશાળા, દિલ્હી, હૈદરાબાદ, ચેન્નાઈ, કોલકાતા, રાજકોટ, પુણે, મુંબઈમાં ટી૨૦ મેચોની ધૂમ મચશે. એકદિવસ મેચની વાત કરીએ તો આગામી પાંચ મહિનામાં નાગપુર, કટક, અમદાવાદમાં વન-ડે મેચ રમાશે.

બાંગ્લાદેશનો ભારત પ્રવાસ (૨૦૨૪)

૧૯થી ૨૪ સપ્ટેમ્બર : પહેલી ટેસ્ટ, ચેન્નાઈ

૨૭ સપ્ટેમ્બરથી ૧ ઓક્ટોબર : બીજી ટેસ્ટ, કાનપુર

૦૬ ઓક્ટોબર : પહેલી **T20**, ધર્મશાલા

૦૯ ઓક્ટોબર : બીજી **T20**, દિલ્હી

૧૨ ઓક્ટોબર : ત્રીજી **T20**, હૈદરાબાદ

ભારતનો ન્યુઝીલેન્ડ પ્રવાસ (૨૦૨૪)

૧૬થી ૨૦ ઓક્ટોબર : પહેલી ટેસ્ટ, બેંગલુરુ

૨૪થી ૨૮ ઓક્ટોબર : બીજી ટેસ્ટ, પુણે

૦૧થી ૦૫ નવેમ્બર : ત્રીજી ટેસ્ટ, મુંબઈ

ભારતનો ઈંગ્લેન્ડ પ્રવાસ શેડ્યૂલ (૨૦૨૫)

૨૨ જાન્યુઆરી - પ્રથમ **T20**, ચેન્નાઈ

૨૫ જાન્યુઆરી - બીજી **T20**, કોલકાતા

૨૮ જાન્યુઆરી - ત્રીજી **T20**, રાજકોટ

૩૧ જાન્યુઆરી - ચોથી **T20**, પુણે

૦૨ ફેબ્રુઆરી - પાંચમી **T20**, મુંબઈ

૦૬ ફેબ્રુઆરી - પ્રથમ વન-ડે, નાગપુર

૦૯ ફેબ્રુઆરી - બીજી વન-ડે, કટક

૧૨ ફેબ્રુઆરી - ત્રીજી વન-ડે, અમદાવાદ

---

બૌદ્ધ સમુદાય મુદ્દે ખોટો ઉલ્લેખ કરાયો હોવાનો આક્ષેપ

# ધોરણ ૧૨ના પુસ્તકમાં છબરડો: બૌદ્ધ ધર્મ વિષે માહીતી મુદ્દે મુખ્યમંત્રીને રજૂઆત

## સમાજશાસ્ત્રના પાઠય પુસ્તકમાં થયેલ છબરડા વિષે બૌદ્ધ ધર્મની ખોટી માહિતી છાપવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે

અમદાવાદ,તા.૨૧

ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનના પૂર્વ મેમ્બર મૂળચંદ રાણા દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખવામાં આવ્યો છે. આ પત્રમાં લખવામાં આવ્યું છે કે રાજય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા પ્રકાશિત કરવામાં આવેલા ધોરણ ૧૨ના સમાજ શાસ્ત્ર વિષયના પ્રકરણ ૨માં ભારતીય સંસ્કૃતિ અને સમુદાય વિષે બૌદ્ધ સમુદાય મુદ્દે ખોટો ઉલ્લેખ કરાયો હોવાનો આક્ષેપ કર્યો છે.

બુદ્ધ ધર્મમાં બે સ્તર છે. જેમાં ઉચ્ચ સ્તરના બૌદ્ધમાં બ્રાહ્મણ, ક્ષત્રિય અને અમુક કક્ષાના ગૃહપતિઓ છે, જ્યારે નિમ્ન સ્તરમાં બુદ્ધ ધર્મમાં ધર્માન્તરિત થયેલા આદિવાસીઓ અને સીમાંત સમૂહો છે. સારનાથ, સાંચી અને બૌદ્ધિ ગયાના બુદ્ધ ધર્મના મહત્વના કેન્દ્રો છે. તેમના ધર્મગુરુ લામા તરીકે ઓળખાય છે. તેમના ધર્મસ્થાનમાં વિશે વિલ હોય છે. બૌદ્ધ ધર્મ સ્થાને બૌદ્ધ મંદિર તરીકે ઓળખાય છે. તેમનું ધર્મ પુસ્તક ત્રિપિટક છે. તેમજ તેઓ કર્મ અને પુનઃ જન્મમાં માને છે."

જ્યારે મૂળચંદ રાણાએ લખ્યું છે કે બૌદ્ધ ધર્મમાં સામાજિક વાડાબંધી નથી. બૌદ્ધ ધર્મમાં દુનિયામાંથી દરેક સામાજિક વર્ગના અનેક લોકો જોડાયેલા છે. ફક્ત તિબેટીયન વિસ્તારમાં બૌદ્ધ ધર્મ ગુરુ લામા તરીકે ઓળખાય છે, અને વિશ, વિલ એક તિબેટીયન સ્થાનિક પરંપરા છે અને વિશાળ બૌદ્ધ ધમ્મ સાથે કોઈ જ શાસ્ત્રોક સંબંધ નથી. બૌદ્ધ ધમ્મ સ્થાનો બૌદ્ધ વિહાર તરીકે ઓળખાય છે અને કર્મ-પુનઃ જન્મ એ સંદતર જુઠાણું છે.તેમણે માંગણી કરી છે કે પુસ્તકના આવા સંવેદનશીલ પર્યાયો અમલી બનતાં પૂર્વે શિક્ષણ વિભાગ દ્વારા ઉચ્ચ સ્તરે એ ચકાસવા જરૂરી હતા. તેમણે આક્ષેપ કર્યો છે કે વડા પ્રધાન વિશેષ રીતે બૌદ્ધ ધર્મનો આદર કરતાં હોય ત્યાં આવા વિવાદિત લેખનોથી કુંઠિત થાય છે. એની સૌ જવાબદાર લેખકો, અધિકારીઓ ગંભીરતાપૂર્વક ધ્યાન લે અને વિવાદિત લેખન પાઠ્ય પુસ્તકમાંથી દૂર થાય એ માટે જરૂરી કાર્યવાહી કરવામાં આવે. આ પત્ર રાજયના રાજયપાલ ઉપરાંત રાજય સરકારના શિક્ષણ વિભાગના પાઠ્ય પુસ્તક મંડળને પણ લખવામાં આવ્યો છે.

---

વાનગીઓમાંથી જીવાતોના નીકળવાનો સિલસિલો યથાવત

# ભરૂચમાં નામાંકિત હોટેલના શાકમાંથી નીકળી માખી

અમદાવાદ,તા.૨૧

સ્વાદના રસિયાઓને જ્યાં સુધી તે બહારનું ચટાકેદાર ભોજન ન લઈ લે. ત્યાં સુધી "મજા" ન પડે. પણ, સ્વાદ રસિયાઓ માટે આ મજા જ હવે "સજા" સાબિત થઈ રહી છે. કારણ કે સ્વાદિષ્ટ કહેવાથી વાનગીઓમાંથી જીવાતોના નીકળવાનો સિલસિલો યથાવત છે. હજુ બુધવારે ૧૯ જુને જામનગરમાં પ્રસિદ્ધ બાલાજી બ્રાન્ડની વેફરના પેકેટમાંથી મૃત દેડકો મળ્યો હોવાની ઘટનાની શ્યાહી હજુ સુકાઈ નથી ત્યાં આજે ફરી એકવાર ચીતરી ચઢાવનારા દશ્યો સામે આવ્યા છે.

સંભારમાં મરેલો ઉંદર મળી આવવાનો વીડિયો હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. દાવા મુજબ આ ઘટના અમદાવાદના નિકોલ વિસ્તારમાં આવેલ "દેવી ઢોસા"માં ઘટી. અહીં ગ્રાહકે તેનો મનપસંદ ઓર્ડર તો આપ્યો. પણ, તેમાં સંભારમાંથી મરેલો ઉંદર નીકળ્યો. જેને જોતા જ ગ્રાહકનો રોષ ભભૂકી ઉઠ્યો. આ તરફ ભરૂચમાં પણ ખૂબ જ ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. અહીં નેશનલ હાઈવે પરની નોવસ હોટેલના કાજુના શાકમાંથી માખી મળી આવી હતી. એટલું જ નહીં અન્ય એક શાકમાંથી દોરો નીકળ્યો હોવાની પણ ફરિયાદો ઉઠી છે. ગ્રાહકનો આક્ષેપ છે કે સમગ્ર મામલે હોટલ સંચાલકને ફરિયાદ કરતાં તેને ઉડાઉ જવાબ મળ્યો હતો. જેને પગલે ગ્રાહકોએ હંગામો કર્યો હતો.

પ્રશ્ન એ છે કે શુદ્ધતાના નામે ઊંચી કિંમતો વસૂલવામાં આવતી હોવા છતાં શા માટે ભોજનની ગુણવત્તા સાથે અને ગ્રાહકોના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં કરવામાં આવે છે ? આવી તો અનેક ઘટનાઓ આજકલ સામે આવી રહી છે.

ક્યાંક સંભારમાંથી મરેલો ઉંદર નીકળી રહ્યો છે. ક્યાંક પંજાબી સબ્જીમાંથી માખી નીકળી રહી છે. તો બીજી તરફ ઊંચું ભાડું વસૂલતી અને હાઈજીનના દાવા કરતી વંદેભારત ટ્રેનમાંથી પણ ચોંકાવનારી તસવીરો સામે આવી છે. ૧૮ જૂનના રોજ ભોપાલથી આગ્રા સુધી વંદે ભારત ટ્રેનમાં પ્રવાસ કરી રહેલાં યાત્રીઓને ભોજન પીરસાયું હતું. જેમાંથી એક દંપતીને ભોજનમાંથી વંદો મળી આવ્યો હતો ! દંપતીના ભત્રીજાએ આ તસવીર સોશિયલ મીડિયામાં શેર કરીને ભોજનની ગુણવત્તા સામે સવાલ ઉઠાવ્યા છે.

બીજી તરફ ઈન્ડિયન રેલવેએ પણ સમગ્ર પ્રકરણમાં માફી માંગતા યોગ્ય કાર્યવાહીની ખાતરી આપી છે. મુદ્દો એ છે કે આવી ખાતરીઓ તો ઘણી અપાય છે. પરંતુ, તેનું પાલન થાય છે કે કેમ. તે જ મોટો સવાલ છે ?

---

# આવતીકાલે ભગવાન જગન્નાથની જળયાત્રા યોજાશે

## અમદાવાદમાં રથયાત્રાની જોરશોરથી તૈયારીઓ થઈ રહી છે



અમદાવાદ,તા.૨૧

રથયાત્રાને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. રથયાત્રાના ૧૫ દિવસ પૂર્વ જળયાત્રાનું આયોજન કરવામાં આવે છે. જે આ વર્ષે ૨૨ જૂનના રોજ કરવામાં આવ્યુ છે. રથયાત્રાને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. આ વર્ષે અષાઢી બીજ ૭ જુલાઈના રોજ છે. આ દિવસ ભગવાન જગન્નાથની ભવ્ય રથયાત્રા ઠેર – ઠેર નીકળતી હોય છે. ત્યારે અમદાવાદમાં પણ ભગવાન જગન્નાથની ભવ્ય રથયાત્રાનું આયોજન કરવામાં આવે છે. અમદાવાદમાં રથયાત્રાની જોરશોરથી તૈયારીઓ થઈ રહી છે.

રથયાત્રાના ૧૫ દિવસ પૂર્વ જળયાત્રાનું આયોજન કરવામાં આવે છે. અમદાવાદમાં ૨૨મી જૂને ભગવાન જગન્નાથની જળયાત્રા યોજાશે. ભગવાન જગન્નાથની જળયાત્રાને લઈને ખાસ તૈયારીઓ કરવામાં આવી છે. જળયાત્રા માટે ખાસ ૧૦૮ કળશના રંગ રોગાન કરાયુ છે. તેમજ ધ્વજ પતાકા અને કાવડ તૈયાર કરવામાં આવ્યુ છે. ૨૨મી જૂને એટલે કે જળયાત્રાના દિવસે ભગવાન જગન્નાથ મંદિરથી ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં ૧૮ ગજરાજ અને ૧૮થી વધારે ભજનમંડળીઓ જોડાશે. ભજન કીર્તનના નાદ સાથે જળયાત્રા યોજવામાં આવશે.

# રાજ્યમાં આગામી ત્રણ માસમાં ટાટ પાસ ૭૫૦૦ જેટલા કાયમી શિક્ષકોની ભરતી કરવા નિર્ણય

● રાજ્યમાં ૨.૬૫ લાખ ટેટ પાસ અને ૧.૧૮ લાખ ટાટ પાસ ઉમેદવાર બેકાર
● મંગળવારના પ્રદર્શન બાદ સરકાર દ્વારા માત્ર ૭૫૦૦ શિક્ષકોની ભરતીની જાહેરાત

ગાંધીનગર, તા.૨૧
મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે મળેલી કેબિનેટ બેઠકમાં ટેટ અને ટાટને લઈ મહત્વની અને ઉમેદવારોને ઉપયાગી થાય તેવી જાહેરાત કરાઈ છે. ટાટ-૧માં અને ટાટ-૨માં નવી ૭૫૦૦ કાયમી શિક્ષકોની ભરતી કરવામાં આવશે અને જે પણ ત્રણ માસમાં ભરતી કરવાની રાજ્ય સરકારે જાહેરાત કરી છે. આ ભરતી પ્રક્રિયા ટૂંક સમયમાં હાથ ધરવામાં આવશે તેમ પણ પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્યમાં છેલ્લા કેટલાક સમયથી ટેટ અને ટાટ પાસ ઉમેદવારો ભરતી મુદ્દે આંદોલન કરી રહ્યા છે. ગત રોજ પણ ગાંધીનગરમાં હલ્લાબોલ કરવામાં આવ્યો હતો અને તેમાં વિરોધ પ્રદર્શન કરી રહેલ ઉમેદવારોની ટીંગાટોળી કરી અટકાયત કરવામાં આવી હતી. તે બાદ કેટલાક ઉમેદવારો ગાંધીનગર સચિવાલય મુખ્યમંત્રીને રજૂઆત કરવા ધસી ગયા હતા તેથી તે તમામની પણ અટકાયત કરી લેવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, એક તરફ ટેટ અને ટાટના ઉમેદવારો કાયમી ભરતીને લઈ ગાંધીનગર ખાતે આંદોલન કરી રહ્યાં છે તો બીજી તરફ રાજ્ય સરકાર દ્વારા આ જાહેરાત કરવામાં આવતા ઉમેદવારોમાં કંઈક અંશે ખુશી જોવા મળી રહી છે. રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી જણાવ્યું છે કે, ગ્રાન્ટેડ અને સરકારી સ્કૂલોમાં છેલ્લા ૧૦ વર્ષમાં ૧૮ હજાર જેટલી ભરતી કરી છે, સાથે સાથ એમ પણ જણાવ્યું કે, નવી ૭૫૦૦ ભરતી પ્રથમ વખત કરી રહ્યા છીએ. મંત્રી ઋષિકેશ પટેલએ જણાવ્યું હતુ કે, રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સરકારી અને ગ્રાન્ટ-ઈન-એડ શાળાઓમાં આગામી ત્રણ મહિનામાં ૭,૫૦૦ જેટલા શિક્ષકોની કાયમી ભરતી કરાશે. રાજ્યની ગ્રાન્ટ-ઈન-એડ શાળાઓમાં **TAT-Secondary** અને **TAT- Higher Secondary** પાસ ઉમેદવારોની યોગ્યતાના આધારે કસોટી પ્રમાણે કાયમી ભરતી કરાશે. તેમણે વધુમાં કહ્યું કે, **TET-1** અને **TET-2** ઉમેદવારોની પણ ભરતી પ્રક્રિયા હાથ ટૂંક સમયમાં હાથ ધરવામાં આવશે. વધુ વિગતો આપતા મંત્રીએ જણાવ્યું હતું કે, માધ્યમિક એટલે કે ઘોરણ ૯ અને ઘોરણ ૧૦ની સરકારી શાળામાં કુલ ૫૦૦ અને ગ્રાન્ટ-ઈન-એડ શાળામાં ૩,૦૦૦ એમ કુલ **3500 TAT-1** પાસ થયેલ ઉમેદવારોની ભરતી કરાશે. જ્યારે ઉચ્ચતર માધ્યમિક એટલે કે ઘોરણ ૧૧ અને ઘોરણ ૧૨ માં સરકારી શાળામાં ૭૫૦ અને ગ્રાન્ટ-ઈન-એડ શાળામાં ૩૨૫૦ એમ મળીને **TAT-2**ના કુલ ૪૦૦૦ જેટલા ઉમેદવારોની ભરતી કરાશે તેમ જણાવતા મંત્રી ઋષિકેશ પટેલે વધુમાં કહ્યું કે, તાજેતરમાં ૧૫૦૦ જેટલા **HMAT** પ્રિન્સીપાલની ભરતી રાજ્યની ગ્રાન્ટ ઈન એડ શાળાઓમાં કરવામાં આવી છે. અત્રો નોંધનીય છે કે, રાજ્યમાં છેલ્લા ૧૦ વર્ષમાં કુલ ૧૮,૩૮૨ જેટલા શિક્ષકોની કાયમી ભરતી કરવામાં આવી છે. અત્રો ઉલ્લેખનીય છે કે રાજ્યમાં ટેટ પાસ ૨.૬૫ અને ટાટ પાસ ૧.૧૮ લાખ ઉમેદવારો બેકાર બેઠા છે. તેમાં સરકારે જ્ઞાન સહાયકોની ભરતી કરવાનું શરૂ કરતા આ ઉમેદવારો આંદોલને ચડ્યા હતા. આમ લાખો બેકાર ઉમેદવારો સામે સરકારે માત્ર ૭૫૦૦ની ભરતી કરવાનો નિર્ણય કર્યો છે.

# મુંબઈ-અમદાવાદ રૂટની ટ્રેનો ૧૫ ઓગસ્ટથી ૧૬૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દોડશે

મુંબઈ, તા.૧૯
૧૫ ઓગસ્ટથી મુંબઈ-અમદાવાદ રૂટ ઉપર વંદે ભારત, શતાબ્દી, આઈઆરસીટીસી તેજસ, ડબલ ડેકર અને દિલ્હી-મુંબઈ રાજધાની જેવી ટ્રેનોની ઝડપ ૧૩૦ કિ.મી. પ્રતિ કલાકથી વધીને ૧૬૦ કિ.મી. પ્રતિ કલાક થઈ જશે. સ્પીડ લિમિટ મુંબઈ સેન્ટ્રલથી બોરીવલી સુધી ૧૦૦ **kmph** અને બોરીવલી અને વિરાર વચ્ચે ૧૧૦ **kmph** હશે. કમિશ્નર ઓફ રેલવે સેફટી **(CRS)** જુલાઈમાં સ્પીડ અપગ્રેડને અધિકૃત કરવા માટે નિરીક્ષણ કરશે, જે ઝડપી ગતિ પ્રાપ્ત કરવા માટે જરૂરી છે, નોંધપાત્ર ટ્રેક સમારકામ, ઓવરહેડ વાયરિંગ અને આર્મર ટેક્નોલોજીની સ્થાપના પૂર્ણ કરવામાં આવી છે. રેલવે બોર્ડે ડિવિઝનલ રેલવે મેનેજરોને ફરજિયાત ટ્રેક બ્લોક સહિત તમામ બાકી કામો ૩૦ જૂન સુધીમાં પૂર્ણ કરવા નિર્દેશ આપ્યો છે. અત્યાર સુધી મુખ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ૫૬૫ કિ.મી.ના ટ્રેક ઉપર બેરિકેડ અવરોધો, ટ્રેકનું નવીનીકરણ, ૧૨૬ રેલવે પુલ ઉપર સિગ્નલિંગ સુધારણા અને ઓવરહેડ વાયર ઈન્સ્ટોલેશનનો સમાવેશ થાય છે. વધુમાં બખ્તર તક્નિક અને ઉચ્ચ સ્લીપર ઘનતાની જમાવટનો હેતુ ઝડપ-સંબંધિત મુદ્દાઓને ઉકેલવાનો છે. નવીનીકરણનો ઉદ્દેશ્ય મુસાફરોની મુસાફરીનો સમય ઘટાડવાનો છે. ઉદાહરણ તરીકે વંદે ભારત એક્સપ્રેસ જે હાલમાં ૫.૨૫ કલાક લે છે, તે ૧૬૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે ૪:૪૦ કલાકમાં દોડશે. એ જ રીતે શતાબ્દી એકસપ્રેસ ૫:૫૦થી ૪:૫૦ કલાક કરશે.

# રાજ્યમાં શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ હવે એક દિવસ વહેલો યોજાશે

● અગાઉ ૨૭ જૂનથી ૨૯ જૂન સુધી યોજવામાં આવનાર હતો, હવે ૨૬થી ૨૮ જૂને યોજાશે
● શિક્ષણ વિભાગ દ્વારા તમામ અધિકારીઓને પ્રવેશોત્સવના કાર્યક્રમમાં ફેરફાર અંગે જાણ કરી



અમદાવાદ, તા.૨૧
રાજયના શિક્ષણ વિભાગ દ્વારા શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્વસની તારીખમાં ફેરફાર કર્યો છે. અગાઉ જાહેર થયેલા કાર્યક્રમ અનુસાર રાજયમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ ૨૭થી ૨૯ જૂન દરમ્યાન યોજાનાર હતો. પરંતુ હવે તેમાં ફેરફાર કરાયા બાદ હવે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ ૨૬થી ૨૮ જૂન દરમ્યાન યોજવાનું નક્કી કરાયું છે. આમ, હવે એક દિવસ વહેલા પ્રવેશોત્સવનો કાર્યક્રમ યોજવા માટે અધિકારીઓને સૂચના આપી દેવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા દરવર્ષે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ કાર્યક્રમ શાળાઓ શરૂ થાય બાદ યોજવામાં આવતો હોય છે. આ વખતનો કાર્યક્રમ ૨૭ જૂનથી શરૂ કરી ૨૯ જૂન દરમ્યાન યોજવા માટેનું આયોજન કરાયું હતું. શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારનો સંયુક્ત રીતે કાર્યક્રમ યોજવાનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ આ વખતે રાજયની બાલવાટિકા, પ્રાથમિક સ્કૂલો, માધ્યમિક સ્કૂલો, ઉચ્ચતર માધ્યમિક સ્કૂલો, જ્ઞાન શક્તિ રેસિડેન્સિયલ સ્કૂલ તથા રક્ષા શક્તિ રેસિડેન્સિયલ સ્કૂલમાં યોજવાનો નિર્ણય કરાયો હતો. જો કે, આ નિર્ણય લેવામાં આવ્યા બાદ શિક્ષણ વિભાગ દ્વારા ફરી તેમાં ફેરફાર કરવાનો નિર્ણય કર્યો હોવાનું જાણવા મળે છે. આ માટે રાજયના શિક્ષણ વિભાગ દ્વારા બુધવારના રોજ તમામ અધિકારીઓને ફેરફાર અંગેનાપત્ર મોકલ્યો છે. શિક્ષણ વિભાગ દ્વારા મોકલવામાં આવેલા પત્રમાં જણાવ્યા અનુસાર, કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ૨૭ જૂનથી ૨૯ જૂન દરમ્યાન યોજાનાર હતો. જો કે, હવે તેમાં ફેરફાર કરવામાં આવ્યો છે અને ફેરફાર મુજબ હવે શાળા પ્રવેશોત્સવ ૨૬ જૂનથી ૨૮ જૂન દરમ્યાન યોજાશે. જેથી ફેરફાર થયેલી તારીખ અનુસાર કાર્યક્રમ યોજવા માટે અધિકારીઓએ આનુષાંગિક કાર્યવાહી કરવાની રહેશે.

# વાયુ પ્રદૂષણથી વૈશ્વિક સ્તરે ૨૦૨૧માં ૮૧ લાખના મૃત્યુ થયા, ભારતમાં ૨૧ લાખ : અહેવાલ

નવી દિલ્હી તા.૨૧
યુનિસેફ સાથેની ભાગીદારીમાં સ્વતંત્ર યુએસ સ્થિત સંશોધન સંસ્થા, હેલ્થ ઈફેક્ટ્સ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા પ્રકાશિત અહેવાલમાં જણાવાયું છે કે ૨૦૨૧માં ભારતમાં પાંચ વર્ષથી ઓછી ઉંમરના ૧,૬૯,૪૦૦ બાળકોના મૃત્યુમાં વાયુ પ્રદૂષણનો ફાળો હતો . તાજેતારમાં જાહેર કરાયેલા એક અહેવાલમાં જણાવાયું છે કે, પ્રદૂષણે ૨૦૨૧ માં વિશ્વભરમાં ૮.૧ મિલિયન મૃત્યુમાં ફાળો આપ્યો હતો, જેમાં ભારત અને ચીનમાં અનુક્રમે ૨.૧ મિલિયન અને ૨.૩ મિલિયન મૃત્યુ નોંધાયા હતા. યુનિસેફ સાથે ભાગીદારીમાં સ્વતંત્ર યુએસ સ્થિત સંશોધન સંસ્થા હેલ્થ ઈફેક્ટ્સ ઈન્સ્ટિટ્યૂટ **(HEI)** દ્વારા પ્રકાશિત, અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ૨૦૨૧માં ભારતમાં પાંચ વર્ષથી ઓછી ઉંમરના ૧,૬૯,૪૦૦ બાળકોના મૃત્યુમાં વાયુ પ્રદૂષણ ફાળો આપે છે. ત્યારબાદ નાઈજીરિયામાં ૧,૧૪,૧૦૦ બાળકોનાં મૃત્યુ, પાકિસ્તાનમાં ૬૮,૧૦૦, ઈથોપિયામાં ૩૧,૧૦૦ અને બાંગ્લાદેશમાં ૧૯,૧૦૦ બાળકોનાં મોત થયા છે. અહેવાલમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે દક્ષિણ એશિયામાં મૃત્યુ માટે હવાનું પ્રદૂષણ અગ્રણી જોખમ પરિબળ છે, ત્યારબાદ હાઈ બ્લડ પ્રેશર, આહાર અને તમાકુ છે. રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે કે, "૨૦૨૧માં વાયુ પ્રદૂષણને કારણે અગાઉના કોઈપણ વર્ષના અંદાજ કરતાં વધુ મૃત્યુ જોવા મળ્યા હતા. પ્રત્યેક ૧ અબજથી વધુ વસ્તી સાથે, ભારત (૨.૧ મિલિયન મૃત્યુ) અને ચીન (૨.૩ મિલિયન મૃત્યુ) મળીને કુલ વૈશ્વિક કુલ ૫૪ ટકા હિસ્સો ધરાવે છે." ઉચ્ચ અસર ધરાવતા અન્ય દેશોમાં દક્ષિણ એશિયામાં પાકિસ્તાન (૨,૫૬,૦૦૦ મૃત્યુ), બાંગ્લાદેશ (૨,૩૬,૩૦૦) અને મ્યાનમાર (૧,૦૧,૬૦૦ મૃત્યુ)નો સમાવેશ થાય છે; દક્ષિણપૂર્વ એશિયામાં ઈન્ડોનેશિયા (૨,૨૧,૬૦૦ મૃત્યુ), વિયેતનામ (૯૯,૭૦૦ મૃત્યુ), અને ફિલિપાઈન્સ (૯૮,૨૦૯); અને આફ્રિકામાં નાઈજીરીયા (૨,૦૬,૭૦૦ મૃત્યુ) અને ઈજિપ્ત (૧,૧૬,૫૦૦ મૃત્યુ). એકસાથે લેવામાં આવે તો, **PM2.5** અને ઓઝોનનું વાયુ પ્રદૂષણ ૨૦૨૧માં ૮.૧ મિલિયન મૃત્યુમાં ફાળો આપવાનો અંદાજ છે જે કુલ વૈશ્વિક મૃત્યુના લગભગ ૧૨ ટકા છે . આ





વૈશ્વિક વાયુ પ્રદૂષણના ૯૦ ટકાથી વધુ મૃત્યુ,૭.૮ મિલિયન લોકો, **PM2.5** વાયુ પ્રદૂષણને આભારી છે, જેમાં આસપાસના **PM2.5** અને ઘરગથ્થુ વાયુ પ્રદૂષણનો સમાવેશ થાય છે. આ નાના કણો ૨.૫ માઈક્રોમીટરથી ઓછા વ્યાસનું માપન કરે છે, તે એટલા નાના છે કે તેઓ ફેફસામાં રહે છે અને લોહીના પ્રવાહમાં પ્રવેશી શકે છે, જે ઘણી અંગ પ્રણાલીઓને અસર કરે છે અને પુખ્ત વયના લોકોમાં હૃદયરોગ, સ્ટ્રોક, ડાયાબિટીસ, ફેફસાના કેન્સર અને ક્રોનિક અવરોધક પલ્મોનરી રોગ **(COPD)** જેવા બિનસંચારી રોગો માટે જોખમો વધારે છે. રિપોર્ટ અનુસાર, **PM2.5** એ વિશ્વભરમાં ખરાબ સ્વાસ્થ્ય પરિણામોનું સૌથી સુસંગત અને સચોટ અનુમાન છે. **HEI** પ્રમુખ એલેના ક્રાફટે જણાવ્યું હતું કે, "અમે આશા રાખીએ છીએ કે અમારો સ્ટેટ ઓફ ગ્લોબલ એર રિપોર્ટ માહિતી અને પરિવર્તન માટે પ્રેરણા બંને પ્રદાન કરશે." તેમણે જણાવ્યું હતું કે,"વાયુ પ્રદૂષણ સ્વાસ્થ્ય માટે પ્રચંડ અસરો ધરાવે છે. અમે જાણીએ છીએ કે હવાની ગુણવત્તા અને વૈશ્વિક જાહેર આરોગ્યમાં સુધારો કરવો વ્યવહારૂં અને પ્રાપ્ત કરી શકાય તેવું છે." ગ્લોબલ હેલ્થના **HEI**ના વડા પલ્લવી પંત કે જેમણે **SoGA** રિપોર્ટ રિલીઝની દેખરેખ રાખી હતી તેમણે જણાવ્યું હતું કે, "આ નવો અહેવાલ નાના બાળકો, વૃદ્ધ વસ્તીઓ અને ઓછી અને મધ્યમ આવક ધરાવતા દેશો દ્વારા વહન કરાયેલા બોજના ઘણા બધા બોજ સાથે, માનવ સ્વાસ્થ્ય ઉપર વાયુ પ્રદૂષણની નોંધપાત્ર અસરોની સ્પષ્ટ રીમાઈન્ડર આપે છે." "આરોગ્ય નીતિઓ અને અન્ય બિનસંચારી રોગ નિવારણ અને નિયંત્રણ કાર્યક્રમો વિકસાવતી વખતે શહેરો અને દેશો માટે હવાની ગુણવત્તા અને વાયુ પ્રદૂષણને ઉચ્ચ જોખમી પરિબળો તરીકે ધ્યાનમાં લેવાની આ એક તક તરફ તીવ્રપણે નિર્દેશ કરે છે."

## ડો. વૈશાલી જોષીની આત્મહત્યાના ચકચારભર્યા મામલામાં

# આરોપી પોલીસ ઈન્સ્પેકટર ખાચરની ધરપકડ સામે હાઈકોર્ટે સ્ટે લંબાવ્યા

અમદાવાદ તા.૨૧
ગાયકવાડ હવેલી ક્રાઈમબ્રાંચ સંકુલમાં જ ગત તા.૬-૩-૨૦૨૪ના રોજ રહસ્યમય સંજોગોમાં ડો.વૈશાલી જોષીની આત્મહત્યાના ચકચારભર્યા કેસમાં આરોપી પીઆઈ ખાચર તપાસનીશ અધિકારી સમક્ષ હાજર થયા હતા. ત્યારબાદ આ કેસની વધુ સુનવણી નીકળતા હાઈકોર્ટમાં તપાસનો અહેવાલ રજૂ કરાયો હતો અને તેમની ધરપકડ સામેનો મનાઈ હુકમ લંબાવતા હાઈકોર્ટે ઠરાવ્યું હતું કે ખાચરે તપાસમાં સહકાર આપવાનો રહેશે. આ કેસની વધુ સુનાવણી આગામી તા. ૨૪ જૂનનાં રોજ રાખવામાં આવી હતી. ખાચરની આગોતરા જામીન અરજીની આજે વધુ સુનાવણીમાં સરકારે અહેવાલ રજૂ કરી જણાવ્યું કે, પીઆઈ ખાચરની ત્રણ દિવસથી સતત તપાસ અને પૂછપરછ કરાઈ રહી છે, તેમનો પાસપોર્ટ અને ફોન જમા લેવાયો છે. જેમાં છેલ્લા સાત મહિનાનો ડેટા લેવામાં આવ્યો છે. જસ્ટિસ એમ.આર.મેંગડેએ પીઆઈ ખાચરને કેસની તપાસમાં સાથ-સહકાર આપવા તાકીદ કરી તેમની વચગાળાની રાહત ચાલુ રાખી હતી અને કેસની સુનાવણી તા.૨૪મી જૂને રાખી હતી. અગાઉ આ કેસમાં પીઆઈ બી.કે.ખાચર સતત નાસતા ફરતા હોઈ અને પોલીસ સમક્ષ હાજર ન થતા હોઈ હાઈકોર્ટે તેમનો જોરદાર ઉધડો લીધો હતો અને આકરૂં વલણ દાખવ્યું હતું. જેને પગલે પીઆઈ ખાચર તરફથી તપાસનીશ અધિકારી સમક્ષ હાજર થવાની અદાલતને હૈયાધારણ આપી પોતે બીજા જ દિવસે પોલીસ સમક્ષ હાજર થઈ ગયા હતા. દરમ્યાન આજે સરકારપક્ષ તરફથી અદાલતને જાણ કરાઈ હતી કે, કેસની તપાસના ભાગરૂપે પીઆઈ બી.કે.ખાચર તપાસનીશ અધિકારી સમક્ષ હાજર થયા છે અને ત્રણ દિવસ તેમની પૂછપરછ અને તપાસ ચાલ્યા છે. મૃતક મહિલા તબીબના વોટ્સઅપનો પીઆઈએ જવાબ નહી આપતાં અને તેની સાથે સંબંધ તોડી નાંખતાં તેણીએ હતાશામાં આત્મહત્યાનું પગલું ભર્યુ હતું. ઘટના બની ત્યારે પીઆઈ ખાચર ત્યાં હાજર ન હતા અને તેઓ અન્યત્ર હતા. જો કે, પોલીસે આરોપી પીઆઈ ખાચરનો મોબાઈલ ફોન અને પાસપોર્ટ જમા લઈ લીધા છે. મોબાઈલમાંથી છેલ્લા સાત મહિનાનો ડેટા પેન ડ્રાઈવમાં લઈ તપાસ હાથ ધરાઈ છે. જેથી હાઈકોર્ટે ટકોર કરી હતી કે, ત્રણ મહિના પછી હવે આરોપીના ફોનમાંથી શું મળશે? સરકારપક્ષ તરફથી જણાવાયું કે, કેસની નિષ્પક્ષ રીતે તપાસ ચાલી રહી છે અને જે કંઈ પ્રગતિ થશે તે અદાલતના ધ્યાને મૂકાશે. આરોપીપક્ષ તરફથી પણ કેસમાં સહકાર આપવાની હૈયાધારણ દાખવાઈ હતી. જેથી જસ્ટિસ મેંગડેએ પીઆઈ ખાચરની ધરપકડ સામે સ્ટેની રાહત તા.૨૪મી જૂન સુધી લંબાવી હતી. ઉલ્લેખનીય છે કે પોતાની સંભવિત ધરપકડ ટાળવા ક્રાઈમબ્રાંચના આરોપી પીઆઈ બી.કે.ખાચરે ગુજરાત હાઈકોર્ટમાં કરેલી આગોતરા જામીન અરજીની સુનાવણી દરમ્યાન હાઈકોર્ટે આરોપી પીઆઈ બી.કે.ખાચરનો ઉધડો લીધો હતો. જસ્ટિસ એમ.આર.મેંગડેએ આકરી ટકોર કરતા જણાવ્યું કે, તમે એક જવાબદાર પોલીસ અધિકારી હોવાછતાં તપાસનીશ અધિકારી સમક્ષ હાજર થઈ કેસની તપાસમાં સહકાર આપવાની ફરજ નિભાવી રહ્યા નથી., તે બહુ ગંભીર વાત કહી શકાય. આરોપી એક સામાન્ય વ્યકિત નહી પરંતુ ઉચ્ચ પોલીસ અધિકારી છે. તેમને કોઈપણ રીતે રક્ષણ આપી શકાય નહી, તેમની સામે તપાસ થવી જ જોઈએ. તમારે આ કેસની તપાસના ભાગરૂપે તપાસનીશ અધિકારી સમક્ષ હાજર થવાની ફરજ હતી. હાઈકોર્ટેર પોલીસ ઈન્સ્પેકટર ખાચરના તપાસમાં સહકાર નહી આપવાના અને ગુનો બન્યા બાદ સતત નાસતા ફરતા રહેવાના વલણને લઈ ગંભીર નારાજગી દર્શાવી હતી અને હાજર રહેવા આદેશ આપ્યો હતો.

# રાજ્યના અંદાજીત ૨૩ લાખ જેટલા બાળકોનું રસીકરણ હાથ ધરાશે

ગાંધીનગર,તા.૨૧
તાજેતરમાં ગાંધીનગર ખાતેથી ્દ (ટિટેનસ અને ડિપ્થેરીયા) અને **DPT** (ત્રિગુણી) રસીકરણ અભિયાનનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવાયો હતો. જુન-જુલાઈ-ઓગષ્ટ મહિના દરમ્યાન રાજ્યના અંદાજીત ૨૩ લાખ બાળકોનું રસીકરણ હાથ ધરાશે. આ વેક્સિન ધનૂર અને ડિપ્થેરીયા સહિતના ૧૧ પ્રકારના ઘાતક રોગો સામે પ્રતિરોધક છે. આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે કહ્યું નિઃશુલ્ક રસીકરણ અભિયાનનો મહત્તમ લાભ લેવાનું જણાવ્યું છે. રસીકરણનો પ્રારંભ કરાવતા તેમણે ધનૂર અને ડિપ્થેરીયા ઉપરાંત ઝેરી કમળો, બાળ ટી.બી., પોલીયો, ઓરી, રૂબેલા, ન્યુમોનિયા અને મગજના તાવ જેવા ઘાતક રોગો સામે પ્રતિરોધક આ રસીનો રાજ્યના મહત્તમ બાળકોને લાભ લેવા અનુરોધ કર્યો હતો. વધુ વિગતો આપતા તેમણે કહ્યું કે, આ વર્ષે જુન-જુલાઈ અને ઓગષ્ટ મહિનામાં રાજયના અંદાજીત ૨૩ લાખ બાળકોને ઉક્ત રસીકરણ અભિયાન અંતર્ગત રોગ પ્રતિરોધક રસી આપવામાં આવશે. રાજ્યની તમામ સરકારી અને ખાનગી શાળામાં અભ્યાસ કરતા ઘોરણ ૫ અને ઘોરણ-૧૦ના તમામ બાળકોને ધનૂર અને ડિપ્થેરીયા) રોગ પ્રતિરોધક રસી અપાશે.

# એમેઝોન ઈન્ડિયાના સ્ટાફને લક્ષ્યો પૂરા કરવા માટે 'નો બ્રેક' શપથ લેવાની ફરજ પડી, શૌચાલય ઉપર ચાંપતી નજર રાખી

તબીબી અથવા બીમાર માટે રૂમ ફાળવવા છતાં કોઈપણ કર્મચારીને કથિત રીતે ૧૦ મિનિટથી વધુ આરામ કરવાની મંજૂરી આપવામાં આવતી નથી અને તેમને પાછા મોકલવામાં આવે છે




મુંબઈ તા.૨૧
યુએસ સ્થિત કંપની એમેઝોને ભારતમાં તેના કર્મચારીઓ સાથેની સારવારને લઈને ફરી એકવાર વિવાદ ઉભો કર્યો છે. મીડિયા દ્વારા પ્રકાશિત અહેવાલ મુજબ, એમેઝોન ઈન્ડિયાના હરિયાણા વેરહાઉસમાં કામદારોને માનવ હોવા બદલ કોઈ વિરામ અને દંડ વિના કામની કઠિન પરિસ્થિતિઓનો સામનો કરવો પડ્યો છે. માનેસરના વેરહાઉસના એક યુવાન કાર્યકરએ મીડિયાને જણાવ્યું કે જ્યાં સુધી દિવસના લક્ષ્યાંકો પૂરા ન થાય ત્યાં સુધી કામદારોને "નો બ્રેક નહીં" શપથ લેવાની ફરજ પાડવામાં આવી હતી. કર્મચારીઓ કાયદેસર રીતે બ્રેક માટે હકદાર છે, જો કે કર્મચારીઓના વોશરૂમ, ચા અને પાણીના વિરામ ઉપર પણ નજર રાખવામાં આવે છે. એક કર્મચારીએ કહ્યું કે, લક્ષ્યાંકોમાં સામાન્ય રીતે સખત શારીરિક પ્રવૃત્તિનો સમાવેશ થાય છે જેમાં ટ્રકને અનલોડ કરવી અથવા લોડ કરવી શામેલ છે. આ કર્મચારીઓનું લક્ષ્ય ૬ ટ્રક ઉતારવાનું છે, દરેક ૨૪ ફૂટ ઉંચી છે. "સૌથી વધુ અસર સ્ત્રીઓને પડે છે. ટ્રક બહાર પાર્ક થવાથી ગરમ હોય છે અને જ્યારે તેઓ વસ્તુઓ ઉતારે છે, ત્યારે તેઓ ઝડપથી થાકી જાય છે." અન્ય એક કાર્યકરે મીડિયાને જણાવ્યું કે કર્મચારીઓને શપથ લેવાની ફરજ પડી હતી, જેમાં શૌચાલય અને પાણી સહિત તમામ વિરામો છોડી દેવાની ફરજ પડી હતી. એક ટીમ કે જે વેરહાઉસમાં આવતા સામાનનું ધ્યાન રાખે છે તેણે મહિનામાં ઘણી વખત આવા શપથ લીધા. તેમના બપોરના ભોજન અને ચાના વિરામ છોડી દીધા પછી પણ, તેઓ ચાર ટ્રકથી વધુ ઉતારી શક્યા નહીં. એમેઝોન ઈન્ડિયાએ આ દાવાને નકારી કાઢ્યા છે. જો કે, એક અધિકારીએ કહ્યું કે તે દાવાની તપાસ કરી રહ્યા છે. "પરંતુ સ્પષ્ટતા માટે, અમે માનક વ્યવસાય પ્રેક્ટિસના ભાગ રૂપે અમારા કર્મચારીઓ ઉપર આ પ્રકારની વિનંતીઓ ક્યારેય નહીં કરીએ. જો અમને કથિત ઘટના જેવી કોઈ ઘટના મળી હોય, તો અમે તરત જ તેના ઉપર રોક લગાવીશું અને ખાતરી કરીશું કે સામેલ મેનેજરને ટીમ સપોર્ટ, સ્વાસ્થ્ય અને સલામતીની અમારી અપેક્ષાઓ ઉપર ફરીથી તાલીમ આપવામાં આવે. અમે તપાસ કરવાનું ચાલુ રાખીશું,". એમેઝોન ઈન્ડિયાના કર્મચારીઓએ એવો પણ આક્ષેપ કર્યો છે કે કર્મચારીઓ દ્વારા સમયનો "બગાડ" ન થાય તે સુનિશ્ચિત કરવા માટે વોશરૂમ નિયમિતપણે તપાસવામાં આવે છે. એક ઉદાહરણમાં એક કર્મચારી વોશરૂમમાં આરામ કરી રહ્યો હતો, જ્યારે સુપરવાઈઝરે તેને પકડી લીધો અને તેનું આઈડી બ્લોક કરવાની ધમકી આપી. તબીબી કારણસર અથવા બીમાર માટે રૂમ ફાળવવામાં આવ્યો હોવા છતાં કોઈપણ કર્મચારીને કથિત રીતે ૧૦ મિનિટથી વધુ સમય માટે આરામ કરવાની મંજૂરી આપવામાં આવતી નથી અને તેને પાછા મોકલવામાં આવે છે. ગ્રાહક રિટર્નનો હવાલો સંભાળતા એક કર્મચારી, જે દર મહિને રૂા.૧૦,૦૮૮ કમાય છે, તે દિવસમાં નવ કલાક ઊભા રહેવાની અને રિટર્ન માટે લાયક ઉત્પાદનોની તપાસ કરવા ૬૦ નાની પ્રોડક્ટ્સ અથવા ૪૦ મધ્યમ કદની પ્રોડક્ટ્સ તપાસે તેવી અપેક્ષા છે. તેમના વિભાગને પણ આવા જ શપથ લેવાની ફરજ પડી હતી.

**એમેઝોન માટે આ પ્રથમ વખત નથી**

ભારતમાં આ પહેલીવાર નથી કે જ્યારે સંગઠનને આ પ્રકારના આરોપોનો સામનો કરવો પડ્યો હોય. એમેઝોનની નીતિઓની આંતરરાષ્ટ્રીય સ્તરે પણ નિંદા કરવામાં આવી છે. ગાર્ડિયનના અહેવાલ મુજબ, યુ.એસ.એ ૨૦૨૨ અને ૨૦૨૩માં અસુરક્ષિત વેરહાઉસ કાર્યકારી પરિસ્થિતિઓને લઈને છ કેસમાં કંપની સામે ટકોર જારી કરી હતી. ફેક્ટરી એક્ટ, ૧૯૪૮ હેઠળ ફેક્ટરી કામદારો કે જેઓ દિવસમાં નવ કલાક અથવા અઠવાડિયામાં ૪૮ કલાક કામ કરે છે તેઓ જણાવેલ વેતન કરતાં બમણા હકદાર છે. જો કે, કામદારોના જૂથો દાવો કરે છે કે કાયદાનું પાલન કરવામાં આવતું નથી. આ કાયદો કામદારોને ઓછામાં ઓછા દર પાંચ કલાકે ૩૦ મિનિટ માટે આંતરિક આરામ કરવાનો અધિકાર પણ આપે છે.

# કેશોદ તાલુકા પંથકમાં એનઓસી વગર ધમધમતા ગેરકાયદેસર બાયોડીઝલ પંપનાં સંચાલકો સામે પગલા ભરવા માંગણી

## જૂનાગઢ ડીસ્ટ્રીકટ પેટ્રોલીયમ ડીલર્સ એસોસીએશન દ્વારા કેશોદ મામલતદારને લેખિત પત્ર પાઠવી રજુઆત કરાઈ

જૂનાગઢ તા. ૨૧

જૂનાગઢ ડીસ્ટ્રીકટ પેટ્રોલીયમ ડીલર્સ એસોસીએશન દ્વારા મામલતદારશ્રી કેશોદને એક લેખિત પત્ર પાઠવી કેશોદ તાલુકા પંથકમાં સરકારી વિભાગના એનઓસી વગર તેમજ નિયમોનું ઉલ્લંઘન કરી ચલાવવામાં આવતા બાયોડીઝલ ફયુલ પંપના સંચાલકો સામે કડક કાર્યવાહી કરવા માંગણી કરી છે.

મામલતદારને પાઠવેલા પત્રમાં જણાવેલ છે કે, કોઈપણ બાયોડીઝલ પંપ અથવા તો વાહન માલીક જે તે બાયો ડીઝલનો સીધો ઉપયોગ કરી શકતા નથી. ગેઝેટમાં પ્રસિધ્ધ થયેલ પરીપત્ર મુજબ તેમાં લખાયેલ તમામ શરતોનું પાલન કરવાનું હોય છે પરંતુ બાયોડીઝલ વિક્રેતાઓ હાલના સમયમાં શરતોનું પાલન કરતા ન હોય અને ગેઝેટ એટલે કે રાજપત્રમાં લખાયેલ અલગ અલગ ડીપાર્ટમેન્ટના એનઓસી લીધા વગર સદરહું બાયોડીઝલનું વેંચાણ કરી રહયા છે. બાયોડીઝલના નામે તેમાં એલડીઓ તથા અન્ય જવલનશીલ પદાથ મિશ્રણ કરીને વેચાણ કરતા હોય તેવું જાણવા મળી રહયું છે. તેમજ પંપ વિક્રેતા બાયોડીઝલ કયાંથી ખરીદે છે તેનો કોઈ ડેટા પણ તેઓ રાખતા નથી અથવા એકના એક બીલ ઉપર ખરીદી બતાવ્યા રાખે છે જેથી સરકારને પણ ટેક્ષમાં મોટી નુકશાની જાય છે તેને લીધે રેગ્યુલર ડીઝલ પંપ વિક્રેતાઓનું પણ વેચાણ ઘટે છે જેમાં પણ સરકારને જી.એસ.ટી. ની મસ મોટી નુકશાની જાય છે જેથી સરકારને બેવડી નુકશાની વેઠવી પડે છે અને બાયોડીઝલની ખરીદી ઉપર સરકારનું નિયંત્રણ ન હોય કે પોલીસી ન હોય જેથી મોટા પાયે કાળાબજાર થઈ રહયું હોય જેને લીધે સદર રાજપત્રમાં લખાયેલ શરતોનું ખુલ્લે આમ ભંગ થઈ રહયો છે.

સદર હું બાયો ડીઝલના નામે ઉપયોગ થતા ફયુલના નમુના લઈ તટસ્થ રીતે પૃથક્કરણમાં મોકલવા જોઈએ અને આકરા પગલા ભરવા જોઈએ આ મિશ્રિત ફયુલ રેગ્યુલર ડીઝલ કરતા ૧૦ થી ૧૫ રૂપિયા જેટલું સસ્તુ મળવાને કારણે ટ્રક બસ ટ્રેકટર તથા અન્ય વાહનો વપરાશ કરતા આ મિશ્રિત ફયુલનો ખૂબ જ મોટા પ્રમાણમાં ઉપયોગ કરે છે. આનાથી જે તે વાહનમાં પેટ્રોલ-ડીઝલને બદલે આ જવલનશીલ પ્રવાહી વાહનોમાં હોવાને કારણે તેમાં કોઈપણ સમયે પણ આગજનીનો બનાવ બની શકે છે. એકસપ્લોઝીવ તથા અન્ય કોઈ લાયસન્સ, ફાયર એનઓસી કે કોઈપણ જાતની સરકારી એનઓસી વગર આવા લોકો કોઈપણ જાતના અનુભવ અને જ્ઞાન વગર આવા જ્વલનશીલ ફ્યુઅલના હજારો લાખો લિટરનો સંગ્રહ કરે છે.

આ પેટ્રોલ, ડીઝલ કરતા સસ્તું હોવાથી બસો, ટ્રકો, બોરવેલો, ટ્રેકટરો તથા અન્ય વાહનો અનાયસે તે સ્થળ ઉપર જ્વલનશીલ ફયુલ પુરાવા જાય છે ત્યારે બસ ઓપરેટરો સાથે સાથે તેમાં બેસેલા મુસાફરો પણ ત્યાં જાય છે, ત્યારે એનઓસી વગરના પંપ ઉપર જાય છે, જે જગ્યા ઉપર હજારો લાખો લિટરનો સંગ્રહ કરેલો હોય છે જે એક જીવતા વિસ્ફોટક બોમ્બ જેવા છે. સદરહુ બાયોડીઝલમાં મીશ્રણને કારણે તથા રેગ્યુલર ડીઝલ કરતા આશરે ૧૦-૧૫ રૂપિયા જેટલુ સ્સ્તુ વેચવાના કારણે ટ્રક તથા બસ વાળા કે જેઓ ખુબ જ મોટા પ્રમાણમાં આ વાપરે છે જેના લીધે તે વાહનનોના એન્જીન જલ્દીથી બગડે છે તથા તેના વાહન બગડવાના લીધે પોલ્યુશનમાં પણ ખુબ જ મોટા પાયે વધારો થાય છે.

સદરહું બાયોડીઝલ પંપ ઉપર કોઈનું કોમ્પ્યુટરાઈઝડ નિયંત્રણ ન હોય જેથી તેઓના સેફટી મેઝર તેમજ એકસપ્લોઝીવ લાયસન્સ ન લેવાને કારણે તથા સદર પંપ કોઈપણ જગ્યાએ ગામડાઓમાં ખેતરોમાં જગ્યાઓ ભાડે લઈ ખોલી નાખેલ હોય અને સદરહુ પ્રોડકટ અત્યંત જલનશીલ પ્રોડકટમાં આવતી હોય શહેરો તથા ગામડાઓની નજીક તથા ખેતરોમાં કામ કરતા ખેડુતો તથા શહેરોમાં ભીડ ભાડ વાળા વિસ્તારોમાં તેનું વેચાણ થઈ રહયું હોય જેને કારણે કયારેય પણ અઘટીત ઘટના બને તો તેના માટે જવાબદાર કોણ? તે પ્રશ્ન અહી ખુબ મોટો બની રહે છે. કારણ કે તેઓ કોઈપણ જાતાના લાયસન્સ લીધા વગર અને સરકારના નિયંત્રણ વગર સદર વેચાણ કરી રહયા છે તેવું જાણવા મળેલ છે. જેમાં કેશલેશની પણ કોઈ સુવીધા ન રાખતા હોય જેથી સરકારશ્રીના ડીજીટલ ઈન્ડીયાના સ્વપ્રને કચડી નાખવાનો પ્રયાસ થઈ રહયો હોય તેવું લાગે છે. ઉપરોકત બાબતો અમારા ધ્યાને આવેલ હોય જેથી અમો આપશ્રી દ્વારા સરકારશ્રીનું માર્ગદશન કરવા માંગતા હોય અને ઉપરોકત બાબતોને લીધે સરકારનું તથા સામાન્ય માનવીનું તથા અમારા પંપ ધારકોને મસ મોટી નુકશાની થતી હોય આપશ્રી દ્વારા ત્વરીત પગલા લેવામાં આવે અને આવા બાયોડીઝલ પંપ સત્વરે બંધ કરવામાં આવે તેમજ કડક કાયદા બનાવવા તથા ડીઝીટલાઈઝેશન વેચાણ કરવા, વાહનોમાં આ પ્રવાહીનો ઉપયોગ સદંતર બંધ કરાવીને, તદ ઉપરાંત વાહનોમાં ચેકીંગ કરી આવા વાહનોને ડીટેઈન કરવા તથા સરકારના નિયંત્રણ હેઠળ લાવવા માંગણી કરી છે. જો આ બાબતે કોઈ પગલા લેવામાં ન આવે તો અમો જૂનાગઢ જીલ્લાના તમામ પંપ ધારક એશોશીએશન આગામી દિવસોમાં મોટાપાયે ગાંધી ચીંધ્યા માર્ગે સમગ્ર જીલ્લાના પેટ્રોલ પંપો બંધ કરી ઉગ્ર આંદોલન કરીશ તેવી ચીમકી પણ પત્રના અંતે ઉચ્ચારેલ હોવાનું જૂનાગઢ ડીસ્ટ્રીકટ પેટ્રોલીયમ ડીલર્સ એસો.ના પ્રમુખ ગોવિંદભાઈ કે. રામ તથા સેક્રેટરી કંદર્પ એ. માકડીયાની યાદીમાં જણાવાયું છે.

# ઓનલી ઈન્ડિયન વનમેન એનજીઓ દ્વારા ગરીબ બાળકોને સ્કુલ બેગનું વિતરણ કરાયું

જૂનાગઢ તા. ૨૧

હાલમાં ઉનાળું વેકેશન પુરૂં થયેલ છે અને આવી કારમી મોંઘવારીમાં સામાન્ય વર્ગના શ્રમજીવી પરિવારના દિકરા દિકરીઓના ભણતરનો ખર્ચ વાલીઓ માટે અતિ ચિંતાજનક છે. ત્યારે જગદીશ બ્રધર્સ જૂનાગઢના સહયોગથી ઓનલી ઈન્ડીયન, વનમેન એનજીઓ દ્વારા ગિરનાર રોડ વિસ્તારના વાલ્મીકી સમાજના ૨૭ દિકરા દિકરીઓને નવા સ્કુલ બેગ, કંપાસ, પેન્સીલ બોક્ષની ભેટ આપવામાં આવતા બાળકો તથા વાલીઓને ભણતર ખર્ચમાં થોડી રાહત થતા ખુશ થયા હતા.

આ ઉપરાતં ઓનલી ઈન્ડિયન દ્વારા ચોમાસાની ઋતુ પહેલા શહેરના આર્થિક પછાત સ્લમ એરીયામાં ફરી કયા પરિવારને ઘર ઢાંકવા, ઘરવખરી પલળતી બચાવવા, કાચા મકાન કે ઝુંપડાની છત ઢાંકવા પ્લાસ્ટીક કે તાલપત્રીની જરૂર છે તેની તપાસ કરી શહેરના અલગ અલગ વિસ્તારમાં ૧૫ જેટલા ગરીબ પરિવારને તાલપત્રી તથા પ્લાસ્ટીક પીસનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ વરસાદની સિઝન શરૂ થયા પછી રસ્તા પર પલળતા જરૂરીયાત મંદ લોકોને છત્રી તથા રેઈનકોટ પણ આપવામાં આવશે તેમ ઓનલી ઈન્ડિયનની યાદીમાં જણાવાયું છે.

# કોડીનારના મુળદ્વારકા ગામે જાહેરમાં જુગાર રમતા ૧૪ શખ્સો ઝડપાયા

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા. ૨૧



કોડીનારના મુળદ્વારકા ગામે જાહેરમાં જુગાર રમતા કુલ ૧૪ આરોપીઓને રોકડ રૂા.૫૬,૮૬૦/- તથા જુગાર રમવાના સાહિત્ય કોડીનાર પોલીસે પકડી પાડયા હતા. પો.સબ.ઈન્સ કે.એમ.ચાવડા સુચના મુજબ વડનગર બીટ ઈન્ચાર્જ પો.હેડ કોન્સ. હરેંદ્રસિંહ ભીખુભા ગોહિલ તથા પો.હેડ કોન્સ. અભિજીતસિંહ રાજેંદ્રસિંહ જાડેજા તથા પો.કોન્સ. પૃથ્વિરાજસિંહ ગોહિલ તથા પો.કોન્સ. હરેન્દ્રસિંહ ગોહિલ એ રીતેના પો.સ્ટાફ બીટ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન પો.હેડ કોન્સ. હરેંદ્રસિંહ ગોહિલને મળેલ બાતમીની હકિકત આધારે મુળદ્વારકા ગામે જુગાર રમતા ઈસમો ઉપર જુગારની રેઈડ કરતા કાંતિભાઈ કરશનભાઈ કોટીયા રહે. મુળદ્વારકા, ૨. મુસ્તાકભાઈ જાકુબભાઈ ખારાઈ રહે. મુળદ્વારકા, ૩. સંજયભાઈ બાબુભાઈ સોલંકી રહે. મુળદ્વારકા, ૪. યોગેશભાઈ રામજીભાઈ ગોહેલ રહે. મુળદ્વારકા, ૫. બીપીનભાઈ ભીમજીભાઈ લોઢારી રહે. વેરાવળ, ૬.કનૈયાલાલ ગોકળભાઈ સોલંકી રહે. મુળદ્વારકા, ૭. હરેશભાઈ વશરામભાઈ ગોહેલ રહે. મુળદ્વારકાને કુલ રોકડ રૂા.૫૬,૮૬૦/-તથા જુગાર રમવાના સાહિત્ય સાથે પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરી કોડીનાર પો.સ્ટેશનમાં જુગારધારા કલમ ૧૨ મુજબનો ગુન્હો દાખલ કરવામા આવેલ છે.

### ટેમ્પરરી ગ્રેજ્યુએટ વિસામાં પણ ફેરફાર કરાયો

# ઓસ્ટ્રેલિયાએ તેના સ્ટુડન્ટ વિસા નિયમોમાં ફેરફાર કર્યા

## વિદ્યાર્થીઓના બહાને દેશમાં વિદેશી વસાહતી વધી રહી હોવાથી ઓસ્ટ્રેલિયાની સરકારે નિયંત્રણમાં કર્યા ફેરફાર

સિડની, તા.૨૧

ઓસ્ટ્રેલિયાએ તેના સ્ટુડન્ટ વિસા નિયમો તેમજ **T Visa** તરીકે ઓળખાતા ટેમ્પરરી ગ્રેજ્યુએટ વિસામાં પણ ફેરફાર કર્યો છે. વિદ્યાર્થીઓના બહાને દેશમાં વિદેશી વસાહતીઓની સંખ્યા વધી રહી હોવાથી ઓસ્ટ્રેલિયાની સરકારે તેને નિયંત્રણમાં લેવા આ ફેરફાર કર્યા છે. આ ફેરફારો આવતા મહિનાથી અર્થાત ૧ જુલાઈ, ૨૦૨૪થી અમલમાં આવશે.

ઓસ્ટ્રેલિયાએ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ અને અસ્થાયી વિસાધારકોને ઓસ્ટ્રેલિયામાં તેમના રોકાણને અનિશ્ચિત સમય સુધી લંબાવવાથી રોકવા માટે પગલાં અમલમાં મૂકયા છે. આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ મોટાભાગે દેશમાં તેમનો અભ્યાસ પૂર્ણ કર્યા પછી ઓસ્ટ્રેલિયામાં તેમના રોકાણને લંબાવતા જોવા મળે છે. ઓસ્ટ્રેલિયાની ઈમિગ્રેશન નીતિમાં ગયા વર્ષે રજૂ કરવામાં આવેલા મુખ્ય ફેરફારમાં 'વિસા હૉપિંગ' પર પ્રતિબંધ મૂકવાની હતી અને એ દ્વારા વિદ્યાર્થીઓ તથા અન્ય અસ્થાયી વિસાધારકોને કેટલાક કિસ્સામાં અનિશ્ચિત સમય માટે ઓસ્ટ્રેલિયામાં તેમના રોકાણને સતત લંબાવવાની મંજૂરી આપતી છટકબારીઓને સમાપ્ત કરવી. ઈમિગ્રેશન નીતિમાં નોંધ્યું છે તેમ, ૨૦૨૨-૨૩માં વિદ્યાર્થી વિસા પર ઓસ્ટ્રેલિયામાં રહેતા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની સંખ્યા ૩૦ ટકા વધીને ૧૫૦,૦૦૦ કરતાં વધુ થઈ ગઈ છે.

ઓસ્ટ્રેલિયાની સરકાર દ્વારા કરવામાં આવી રહેલા સૂચિત ફેરફારો વિશે સત્તાવાર માહિતી આ વેબસાઈટ **https://immi.homeaffairs.gov.au/visas/gªting-a-visa/visa-listing/temporary-graduate-485/changes** દ્વારા જાણી શકાશે.

વિઝિટર વિસા પર કોઈ વધુ રોકાણની શરતોનો ઉપયોગ કરીને અને માર્ચમાં અમલમાં મુકવામાં આવેલી જેન્યુઈન સ્ટુડન્ટ આવશ્યકતા દ્વારા ઓસ્ટ્રેલિયાની સરકારે તેને નિયંત્રણમાં લેવા માટે પહેલેથી જ પગલાં લીધાં છે, જેણે વિશ્વાસપાત્ર અભ્યાસક્રમની પ્રગતિ ન થાય ત્યાં સુધી હજારો વિદ્યાર્થીઓને એક કેટેગરીના સ્ટુડન્ટ વિસાથી બીજી કેટેગરીના સ્ટુડન્ટ વિસા તરફ જવાનું બંધ કરી દીધું છે. ૧ જુલાઈ, ૨૦૨૪ ના રોજ, ઓસ્ટ્રેલિયાની સરકાર આ પ્રથાને એક પગલું આગળ લઈ રહી છે. પ્રથમ, વિઝિટર વિસાધારકો ઓસ્ટ્રેલિયામાં રોકાણ દરમિયાન સ્ટુડન્ટ વિસા માટે અરજી કરી શકશે નહીં. આ પગલું લેવાનું કારણ એ છે કે, ૧ જુલાઈ ૨૦૨૩ થી મે ૨૦૨૪ ના અંત સુધી ૩૬,૦૦૦ થી વધુ અરજીઓ વિઝિટર વિસામાંથી સ્ટુડન્ટ વિસા માગવાનું પ્રચલન વધી ગયેલું જોવા મળ્યું છે.

બીજું, ટેમ્પરરી ગ્રેજ્યુએટ વિસાધારકો ઓનશોર સ્ટુડન્ટ વિઝા માટે અરજી કરી શકશે નહીં. તાજેતરના ગ્રેજ્યુએટ્સ ઈન લિમ્બો રિપોર્ટમાં ગ્રેટન ઈન્સ્ટિટ્યૂટને જાણવા મળ્યું છે કે ૩૨ ટકા ટેમ્પરરી ગ્રેજ્યુએટ વિસાધારકો ઓસ્ટ્રેલિયામાં તેમના રોકાણને લંબાવવા માટે તેમના વિસાની મુદત પૂરી થાય છે ત્યારે સ્ટુડન્ટ વિસા માટે અરજી કરે છે. હવે કરવામાં આવેલા આ ફેરફાર સ્પષ્ટ કરે છે કે સ્નાતકોએ તેમના અભ્યાસને યોગ્ય નોકરીઓ શોધવી જોઈએ અને સ્થાયી નિવાસી બનવું જોઈએ, અને કાયમી ધોરણે હંગામી રીતે રહી જવાના વિકલ્પો શોધવાને બદલે દેશ છોડીને જતા રહેવું જોઈએ. આ ફેરફારો અસ્થાયી સ્નાતક વિસાધારકો માટે ૧ જુલાઈ, ૨૦૨૪ના રોજ અમલમાં આવી રહેલા અન્ય ફેરફારોની શ્રેણીને સમર્થન આપે છે. આમાં નોંધપાત્ર રીતે ટૂંકા અભ્યાસ પછીના કામના અધિકારો, વય મર્યાદામાં ૫૦ને બદલે ૩૫ વર્ષ કરવી તથા અંગ્રેજી ભાષાની જરૂરિયાતોમાં વધારો કરવા જેવી શરતો સામેલ છે. આ ઉપરાંત ઓસ્ટ્રેલિયન સરકારે ટેમ્પરરી ગ્રેજ્યુએટ વિસા પ્રોગ્રામમાં ફેરફારની જાહેરાત કરી છે, જે ૧ જુલાઈથી અમલમાં આવશે. આ ફેરફારોનો હેતુ વિસા પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવાનો અને ઓસ્ટ્રેલિયામાં કામ કરવા માંગતા આંતરરાષ્ટ્રીય સ્નાતકો માટે વધુ સ્પષ્ટતા પ્રદાન કરવાનો છે.

ઑસ્ટ્રેલિયાના ટેમ્પરરી ગ્રેજ્યુએટ વિઝા પ્રોગ્રામમાં ફેરફાર ૧ જુલાઈથી અમલમાં આવશે, જેના હેઠળ : – અરજદારોએ તેમની લાયકાત સાથે મેળ ખાતો પ્રવાહ પસંદ કરવો આવશ્યક છે; વય મર્યાદા ૩૫ રહેશે.

– પદવીના પ્રકારને આધારે પોસ્ટ-હાયર એજ્યુકેશન વર્ક સ્ટ્રીમ માટે રોકાણના સમયગાળામાં સુધારો કરવામાં આવ્યો છે.

# બીસીસીઆઈએ ટીમ ઈન્ડિયા (સિનિયર મેન) ઈન્ટરનેશનલ હોમ સીઝન ૨૦૨૪-૨૫ માટે ફિક્સરની જાહેરાત કરી

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૨૧

ઈન્ટરનેશનલ હોમ સીઝન સપ્ટેમ્બરમાં બાંગ્લાદેશ સામેની બે મેચની **IDFC** ફર્સ્ટ બેંક ટેસ્ટ શ્રેણી સાથે શરૂ થશે, ત્યારબાદ ત્રણ મેચ **T20I** શ્રેણી. ચેન્નાઈ ૧૯ સપ્ટેમ્બરથી શરૂ થનારી પ્રથમ ટેસ્ટની યજમાની કરશે જ્યારે કાનપુર ૨૭ સપ્ટેમ્બરથી બીજી ટેસ્ટની યજમાની કરશે. ત્રણ **T20I** ધર્મશાલા, દિલ્હી અને હૈદરાબાદમાં રમાશે.

આ પછી બેંગલુરુમાં ૧૬મી ઓક્ટોબરથી શરૂ થનારી પ્રથમ ટેસ્ટ સાથે ન્યૂઝીલેન્ડ સામે ત્રણ મેચની ટેસ્ટ શ્રેણી રમાશે. પુણે અને મુંબઈ અનુક્રમે બીજી અને ત્રીજી ટેસ્ટની યજમાની કરશે. નવા વર્ષના આગમનથી ઈંગ્લેન્ડ પાંચ **T20I** અને ત્રણ **ODI** મેચો માટે ભારતની મુલાકાતે આવશે ત્યારે સફેદ બોલનો રોમાંચક શોડાઉન જોવા મળશે. આંતરરાષ્ટ્રીય હોમ સીઝન ૨૦૨૪-૨૫નું વિગતવાર શેડ્યૂલ નીચે મુજબ છે.

ઈંગ્લેન્ડનો ભારત પ્રવાસ

| S. નં. | તારીખ થી) | | તારીખ (પ્રતિ) | | સમય | મેચ | સ્થળ |
|---|---|---|---|---|---|---|---|
| 1 | બુધ | 22-જાન્યુ-25 | - | - | 7:00 PM | 1લી T20I | ચેન્નાઈ |
| 2 | શનિ | 25-જાન્યુ-25 | - | - | 7:00 PM | બીજી T20I | કોલકાતા |
| 3 | મંગળ | 28-જાન્યુ-25 | - | - | 7:00 PM | ત્રીજી T20I | રાજકોટ |
| 4 | શુક્ર | 31-જાન્યુ-25 | - | - | 7:00 PM | 4થી T20I | પુણે |
| 5 | સૂર્ય | 02-ફેબ્રુઆરી-25 | - | - | 7:00 PM | 5મી T20I | મુંબઈ |
| 6 | ગુરૂ | 06-ફેબ્રુઆરી-25 | - | - | 1:30 PM | 1લી ODI | નાગપુર |
| 7 | સૂર્ય | 09-ફેબ્રુઆરી-25 | - | - | 1:30 PM | બીજી વનડે | કટક |
| 8 | બુધ | 12-ફેબ્રુઆરી-25 | - | - | 1:30 PM | ત્રીજી ODI | અમદાવાદ |

બાંગ્લાદેશનો ભારત પ્રવાસ

| S. નં. | તારીખ થી) | | તારીખ (પ્રતિ) | | સમય | મેચ | સ્થળ |
|---|---|---|---|---|---|---|---|
| 1 | ગુરૂ | 19-સપ્ટે-24 | સોમ | 23-સપ્ટે-24 | 9:30 AM | 1લી ટેસ્ટ | ચેન્નાઈ |
| 2 | શુક્ર | 27-સપ્ટે-24 | મંગળ | 01-ઓક્ટો-24 | 9:30 AM | 2જી ટેસ્ટ | કાનપુર |
| 3 | સૂર્ય | 06-ઓક્ટો-24 | - | - | 7:00 PM | 1લી T20I | ધર્મશાળા |
| 4 | બુધ | 09-ઓક્ટો-24 | - | - | 7:00 PM | બીજી T20I | દિલ્હી |
| 5 | શનિ | 12-ઓક્ટો-24 | - | - | 7:00 PM | ત્રીજી T20I | હૈદરાબાદ |

ન્યુઝીલેન્ડનો ભારત પ્રવાસ

| S. નં. | તારીખ થી) | | તારીખ (પ્રતિ) | | સમય | મેચ | સ્થળ |
|---|---|---|---|---|---|---|---|
| 1 | બુધ | 16-ઓક્ટો-24 | સૂર્ય | 20-ઓક્ટો-24 | 9:30 AM | 1લી ટેસ્ટ | બેંગલુરૂ |
| 2 | ગુરૂ | 24-ઓક્ટો-24 | સોમ | 28-ઓક્ટો-24 | 9:30 AM | 2જી ટેસ્ટ | પુણે |
| 3 | શુક્ર | 01-નવે-24 | મંગળ | 05-નવે-24 | 9:30 AM | 3જી ટેસ્ટ | મુંબઈ |

### નીટ મામલે શિક્ષણ મંત્રાલયે જવાબ આપ્યો

# પરીક્ષાની નવી તારીખો ટુંક સમયમાં જ જાહેર કરાશે

## UGC-NET પરીક્ષા રદ થયા બાદ દેશભરમાં આક્રોશ

નવી દિલ્હી, તા.૨૧

મેડિકલ પ્રવેશ પરીક્ષા 'નીટ' **(NEET 2024)**ની બબાલ વચ્ચે નેશનલ ટેસ્ટિંગ એજન્સી **(NTA)** દ્વારા યોજાયેલી **UGC-NET** પરીક્ષા રદ થયા બાદ દેશભરમાં આક્રોશ અને ચર્ચાનો વિષય બની ગયો છે. જે વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી છે, તેઓ જાણવા માંગે છે કે, ફરી ક્યારે પરીક્ષા લેવાશે?, ત્યારે હવે આ મામલે શિક્ષણ મંત્રાલયે જવાબ આપ્યો છે.

યુજીસી-નેટની પરીક્ષા રદ કરવામાં આવ્યા બાદ શિક્ષણ મંત્રાલયના અધિકારીઓએ કહ્યું કે, યુજીસી-નેટની પરીક્ષા અંગે કોઈપણ ફરિયાદ મળી નથી. આ બાબતમાં સરકારે પોતે ધ્યાન આપી પરીક્ષા રદ કરી દીધી છે. અધિકારીઓએ એવું પણ કહ્યું કે, પરીક્ષાની નવી તારીખો ટુંક સમયમાં જાહેર કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા ગઈકાલે ૧૮મી જૂને દેશના જુદાં જુદાં શહેરોમાં (ઓએમઆર) પેન અને પેપર બંને મોડમાં આ પરીક્ષા લેવામાં આવી હતી. જોકે, આ પરીક્ષાનું પેપર લીક થયાની ફરિયાદ મળી હતી. કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય હેઠળના સાયબર ક્રાઈમ કો ઓર્ડિનેશન સેન્ટરના નેશનલ સાયબર ક્રાઈમ થ્રેટ એનાલિટિક્સ યુનિટને ચોક્કસ ઈનપૂટ પ્રાપ્ત થયા હતા. તે અનુસાર આ પરીક્ષાનું પેપર લીક થયાનું કન્ફર્મ થયું હતું.

આ રીપોર્ટ બાદ કેન્દ્ર સરકારના શિક્ષણ મંત્રાલયે ગઈકાલે યોજાયેલી પરીક્ષા રદ કરવાનો નિર્ણય લીધો છે. હવે નવેસરથી પરીક્ષા યોજાશે. તેની તારીખ સહિતની વિગતો હવે પછી જાહેર કરાશે. સાથે સાથે પેપર લીક થવાની સમગ્ર ઘટનાની તપાસ પણ સીબીઆઈને સોંપાવમાં આવી છે. એક સત્તાવાર યાદી અનુસાર બિહાર પોલીસની આર્થિક ગુના અપરાધ નિવારણ શાખા પાસેથી સમગ્ર અહેવાલ મેળવવામાં આવી રહ્યો છે. તે મળ્યા બાદ સરકાર આગળની કાર્યવાહી કરશે.

### એક યુવતી નસ કાપવા તો બીજી યુવતી ફાંસો ખાવા તૈયાર

# મોબાઈલની એટલી ખરાબ આદત કે યુવતીઓ મરી જવા તૈયાર થઈ ગઈ !

નવી દિલ્હી, તા.૨૧

મોબાઈલના એડિકશનને કારણે કુમળી વયના બાળકો ઉપર કેવી ગંભીર અસર પડી રહી છે તેની પ્રતીતિ કરાવતા બે કિસ્સા અભયમ સમક્ષ આવ્યા છે. એક કિસ્સામાં અભયમે કિશોરીને નજીકના પોલીસ સ્ટેશનમાં રજૂ કરવી પડી હતી તો બીજા કિસ્સામાં યુવતીને સમજાવતા નાકે દમ આવી ગયો હતો. એક કિસ્સામાં માતા પિતાએ અભયમને કહ્યું હતું કે અમારી પુત્રી ૧૮ વર્ષની થવા આવી છે. મોબાઈલ વગર તેને ચાલતું નથી. ઘરમાં તોડફોડ કરે છે અને મોબાઈલ લઈ લઈએ તો ચપ્પુથી હાથની નસ કાપે છે. અમારી પુત્રી એક સગીર વયના પ્રેમી સાથે ચેટિંગ કરે છે. પહેલા અમને એવું હતું કે છોકરો સારો છે એટલે ભવિષ્યમાં લગ્ન કરાવી દઈશું. પરંતુ ચેટિંગ જોતા છોકરો તમારી પુત્રીને ખૂબ જ ગલીચ ભાષામાં વાત કરે છે અને અમને પણ ગાળો ભાંડે છે. અભયમની ટીમે સગીરાનું કાઉન્સેલિંગ કરતા તેણે કહ્યું હતું કે મોબાઈલ વગર મને ચાલવાનું નથી. લગ્ન કરીશ તો પણ આ યુવક સાથે જ કરવાની છું. તેણે ફરીથી ચપ્પુ વડે નસ કાપવાની ધમકી આપતા અભય અમે તેને નજીકના પોલીસ સ્ટેશનમાં રજૂ કરી હતી. અન્ય



એક કિસ્સામાં મોબાઈલની લતે ચડેલી ૧૯ વર્ષીય યુવતી તેના માતા પિતાને વારંવાર ધમકાવી રહી છે. મા બાપે અભયમને કહ્યું હતું કે, અમારી દીકરી આખો દિવસ કોઈ છોકરા સાથે મોબાઈલ પર વાતો કરી રહી છે. મોબાઈલને હાથ પણ લગાડવા દેતી નથી અને અમે કંઈ પણ કહીએ છીએ તો મોબાઈલ વગર જીવી શકું નહીં તેમ કહી પંખા સાથે દુપટ્ટો બાંધી આપઘાત કરવાની ધમકી આપે છે. અભયમની ટીમે તેનું કાઉન્સિલિંગ કરી પોલીસને પણ જાણ કરી હતી.

# સોમનાથ ખાતે ૧૦ માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી





## સોમનાથ ટ્રસ્ટ દ્વારા હજારો યોગ અભ્યાસુઓને લીંબુ શરબત પીવડાવી ગ્લુકોઝ યુક્ત બિસ્કીટ વિતરણ કરાયું

સોમનાથ તા.૨૧

સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ અને દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ સમગ્ર વિશ્વ ૨૧ જૂનને વિશ્વ યોગ દિવસ તરીકે ઉજવી રહ્યું છે. પર્યટન વિભાગ દ્વારા આઈકોનિક પ્લેસ તરીકે ઘોષિત પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથમાં ચોપાટી ગ્રાઉન્ડ ખાતે પ્રતિ વર્ષ વિશ્વ યોગ દિવસ પર હજારો યોગ અભ્યાસુ યોગાસનો કરે છે. શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા ગીર સોમનાથ જિલ્લા વહીવટી તંત્ર ના સહયોગમાં રહીને વિશ્વ યોગ દિવસ પર વધુને વધુ લોકો યોગ સાથે જોડાઈ તે પ્રકારની પ્રવૃત્તિ કરવામાં આવે છે. ત્યારે આજરોજ જ્યારે ૧૦' માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પર હજારોની સંખ્યામાં યોગ અભ્યાસુઓએ શ્રી સોમનાથ મહાદેવના સાનિધ્યમાં યોગ અભ્યાસ પૂર્ણ કર્યો ત્યારે શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા વિશેષ વ્યવસ્થા અનુસાર પ્રત્યેક યોગ અભ્યાસુ ને ઠંડું લીંબુ શરબત પીવડાવવામાં આવ્યું હતું. તેમજ યોગ અભ્યાસ કરવા આવેલ શાળાના બાળકો માટે શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા ગ્લુકોઝ યુક્ત બિસ્કીટ નું વિતરણ કરવામાં આવ્યું હતું.

# દ્વારકાધીશ જગતમંદિરમાં જલ યાત્રાની પૂર્વ સંધ્યાએ પૂજારી પરિવાર દ્વારા ભવ્ય ઉજવણી

### જગતમંદિરેથી વાજતે ગાજતે ચાંદીના બેડા, જારીજી લઈ પુજારી પરીવારે ભદ્રકાલી મંદિર પરીસરમાં અઘોરી કુંડમાંથી પવિત્ર જલ ભર્યું





### દ્વારકા જગતમંદિરમાં આજે જલયાત્રા મનોરથ દર્શન : શ્રીજીને ખુલ્લા પડદે આંબાથી સ્નાન અભિષેક કરાવાશે

(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૨૧

જગ પ્રસિદ્ધ દ્વારકાધીશ જગતમંદિરે દર વર્ષની જેમ આજે શુક્રવારે જલયાત્રા ઉત્સવ ઉજવવામાં આવશે. ઉત્સવની પૂર્વ સંધ્યાએ એટલે ગઈકાલ ગુરૂવારના પરંપરાગત રીતે જલયાત્રાની તૈયારી રૂપે પુજારી પરીવારની મહિલાઓ અને પુરૂષો જગત મંદિરેથી વાજતે ગાજતે ચાંદીના બેડા જારીજી લઈ દ્વારકાના ભદ્રકાલી મંદિર પરીસરમાં આવેલ અઘોરી કુંડ માંથી પવિત્ર જલ ભરવા ગયા હતા. જયા પાવન જલ ચાંદીના વાસણોમાં જલ ભરી પુજારી પરીવાર જગત મંદિરે લઈ ગયેલ હતા. જલનું પુજન વિધિ કરી જગતમંદિર ગર્ભગ્રુહ પાસે પાવન જળથી પુજારી પરીવારના પૂરૂષો દ્વારા શાષ્ત્રો વિધીથી સાથે આજે સાંજે કુંડ (હોજ) ભરવામાં આવશે. શ્રીજીના બાલ સ્વરૂપ ગોપાલજીને જુઈ, ચમેલી, મોગરા સહિતના પુષ્પ શણગાર કરી નાવમાં બેસાડવામાં આવશે.

ત્યાર બાદ શ્રીજીને આજે સાંજે ઉત્થાપન બાદ જલયાત્રા (નાવ મનોરથ) દર્શન ૭:૦૦ થી ૯:૩૦ વાગ્યા સુધી રાખવામાં આવ્યા છે. વર્ષ દરમ્યાન ઠાકોરજીને બે વખત જ ખુલ્લા પડદે સ્નાન અભિષેક કરાવામાં આવે છે. એક જન્માષ્ટમીના તેમજ જેઠ માસની પુનમના જયેષ્ઠાભિષેક દરમ્યાન ઠાકોરજીને ખુલ્લા પડદે સ્નાન કરાવવામાં આવતુ હોય છે.

# ખંભાળિયામાં સ્વયં અને સમાજ માટે યોગ થીમ સાથે પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે ઉજવાયો યોગ દિવસ



(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૧

ખંભાળિયામાં આવેલા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે આજરોજ સવારે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં અહીંના ધારાસભ્ય તથા વન અને પર્યાવરણ, પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને ક્લાઈમેટ ચેન્જ વિભાગના કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાની અધ્યક્ષતામાં આ ઉજવણી કરાઈ હતી.

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિતે ઉપસ્થિત સૌને શુભેચ્છા પાઠવતા પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરાએ જણાવાયું હતું કે, "આપણા ઋષિમુનીઓએ માનવજાતને આપેલી અમૂલ્ય ભેટ એટલે યોગ. યોગએ આપણી પ્રાચીન સંસ્કૃતિ છે. દરેક રોગની સમસ્યાઓનું સમાધાન પણ યોગ છે. યોગને વિશ્વ ફલક પર અંકિત કરવા તેમજ યોગનો લાભ વિશ્વના દરેક નાગરિકોને પ્રાપ્ત થાય તેવા અભિગમ સાથે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સયુંકત રાષ્ટ્રની મહાસભામાં પ્રસ્તાવ મૂક્યો હતો. જેને સયુંકત રાષ્ટ્રની મહાસભા દ્વારા ૨૧ જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી પ્રસ્તાવ સ્વીકાર કરી વર્ષ ૨૦૧૫ થી દર વર્ષે ઉજવણી કરવામાં આવે છે.

યોગએ શારીરિક, માનસિક અને આધ્યાત્મિકતાથી જીવનની સુખાકારી વધારવાનું કાર્ય કરે છે. યોગથી પ્રેરણા મળે છે. યોગએ આપણી વિરાસત છે જે વિરાસત અને વિકાસને જોડે છે. આજના તણાવયુક્ત જીવનમાં શારીરિક અને માનસિક સ્વસ્થતા કેળવવા યોગએ ઉત્તમ માધ્યમ બન્યું છે. સ્વયં અને સમાજને સ્વસ્થ રાખવા માટે યોગ ખૂબ ફાયદાકારક છે. આ વર્ષે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની થીમ પણ "સ્વયં અને સમાજ માટે યોગ" છે. ઉપરાંત રાજ્યમાં યોગની પ્રવૃત્તિને વ્યાપક પ્રમાણમાં વિકસાવવા માટે તથા જન સમુદાયમાં યોગ અંગે જાગૃતિ ફેલાવવા તથા યોગ પ્રવૃત્તિના વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા ૨૧મી જૂન, ૨૦૧૯ ના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિતે "ગુજરાત રાજ્ય યોગ બોર્ડ" ની સ્થાપના કરવામાં આવી હતી. તેમ તેમણે જણાવ્યું હતું. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ફકત એક જ દિવસ યોગ દિવસની ઉજવણી ન કરતા સમગ્ર વર્ષ દરમિયાન અલગ અલગ કાર્યક્રમો થકી દરરોજ યોગ દિવસ તરીકે ઉજવી સૂર્ય નમસ્કાર કાર્યક્રમ, યોગ સ્પર્ધા, બાળકો માટે સમર યોગ કેમ્પ, કાઉન્ટ ડાઉન કાર્યક્રમો, સાંસદ યોગ સ્પર્ધા, યોગ શિબિરો, યોગ જાગરણ રેલી વિગેરે કાર્યક્રમો કરી છેવાડાના માનવી સુધી યોગની જાગૃતતા કેળવવામાં મદદરૂપ થઈ રહી છે. આ સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સંબોધનનું જીવંત પ્રસારણ ઉપસ્થિત સૌ કોઈએ નિહાળ્યું હતું. આ પ્રસંગે કલેકટર જી.ટી. પંડ્યા, પોલીસ વડા નિતેશ પાંડેય, નિવાસી અધિક કલેકટર ભૂપેષ જોટાણીયા, નગરપાલિકા પ્રમુખ રચનાબેન મોટાણી, અગ્રણી પી.એસ. જાડેજા, વિગેરે સાથે અધિકારીઓ, કર્મચારીઓ, યોગ સાધકો, વિદ્યાર્થીઓ સહિત મોટી સંખ્યામાં નાગરિકો પણ જોડાયા હતા.

# સોમનાથ મંદિર પોલીસે ખોવાયેલ મોબાઈલ મુળ માલીકને પરત કર્યો



(પ્રતિનિધી દ્વારા)પ્રભાસ પાટણ તા.૨૧

સોમનાથ મંદિરે સુરતથી દર્શન કરવા આવેલ રશ્મીબેનનો ૩૦ હજારની કિંમતનો મોબાઈલ ખોવાયેલ ગયેલ જે ફરજ પરના પોલીસ કોન્સ્ટેબલ કલ્યાણદાસ મુકુલદાસ નાઓને મળી આવેલ જેઓએ સુરક્ષાના અધિકારી ડીવાયએસપી ખટાણા, પીઆઈ રાજપૂત, પીએસઆઈ વાવૈયા, અને પીએસઆઈ રાવલને જાણ કરી ત્યાર પછી તેઓએ મૂળ માલિકને શોધી ખરાઈ કરી તેઓને મોબાઈલ પરત કરેલો છે જેમાં સોમનાથ મંદિર પોલીસે માનવ અભિગમ રાખી એક સરાહનીય કામગીરી કરી હતી.

# વેરાવળમાં સ્પે. (પોકસો) કોર્ટે બાળકી ઉપર બળજબરી કરનાર આરોપીને ૨૦ વર્ષની સખ્ત કેદની સજા ફટકારી

(પ્રતિનિધી દ્વારા)

વેરાવળ તા.૨૦

વેરાવળ પંથકમાં ચર્ચાસ્પદ એવા આ કેસની વિગતો આપતા ગીર સોમનાથ જીલ્લા સરકારી વકીલ કેતનસિંહ ડી.વાળાએ જણાવેલ કે, આરોપી અબ્દુલ ગની ફારૂકભાઈ કુકસવાડીયા રહે.વેરાવળ એ લલચાવી ફોસલાવી માતા પાસે લઈ જવાનુ કહી મેમણ કોલોનીના ત્રીજા માળે ધાબા ઉપર લઈ જઈ થપ્પડ મારી, ઉપરથી નીચે ફેકીદેવાની ધમકી આપી સાત વર્ષની બાળા ની સાથે બળજબરી કરેલ તે અંગે સગીર બાળકીની માતાએ પોલીસમાં ફરીયાદ નોંધાવતા પી.આઈ. એન.જી.વાધેલા આરોપી સામે ઈ.પી.કો. ૩૭૬(એ) (બી), ૩૭૭, ૫૦૬(૨) તેમજ બાળકોને જાતીય રક્ષણ આપવાના અધિનિયમ-૨૦૧૨ ની કલમ ૩(એ), ૪,૫(એલ), મુજબ ગુન્હો નોંધી તપાસ કરી ચાર્જશીટ કોર્ટમાં રજુ કરતા સ્પે. (પોકસો) કોર્ટમાં કેસ ચાલેલ જેમાં ડિસ્ટ્રીકટ પબ્લીક પ્રોસીકયુટર કે.ડી.વાળા સરકાર પક્ષે રોકાયેલા હતા. સમગ્ર કેસનુ પ્રોસીકયુશન ચલાવી કેસને સાબીત કરવા માટે ફરીયાદી અને અન્ય સાહેદો તેમજ પંચ વિટનેસ, ડોકટર વિટનેસ અને પોલીસ વિટનેસ સહીત અંદાજે ૨૧ જેટલા સાહેદોની મુખજુબાનીઓ લીધેલી અને આ જુબાનીઓ દરમ્યાન દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ હતા. આ કેસમાં સરકાર તરફે કે.ડી.વાળા એ દલીલ કરતાં જણાવેલ કે, સમાજમાં દિકરીઓ સલામત રહે તે માટે સરકારે સ્પે. પોકસો એકટની જોગવાઈ કરેલી છે અને સગીરાએ જે જુબાની આપેલી છે તે જ માત્ર સજા માટે પુરતી છે તેમ છતાં મેડીકલ એવીડન્સ તથા અન્ય સાહદોની જુબાની પણ બનાવને તેમજ ભોગ બનનારની જુબાનીને સમર્થન કરતી જુબાની આપેલી છે અને સગીર વયની દિકરીઓને લાલચ આપી ફોસલાવી પટાવી અને ભગાડી જઈ તેની ઈચ્છા વિરૂધ્ધ બળજબરી કરતાં ઈસમના કૃત્યને કોઈપણ રીતે હળવાશથી લઈ શકાય નહી. જેથી સમાજમાં સગીર વયની દિકરીઓ સલામત રહે તે માટે આરોપીને તકસીરવાન ઠરાવવા જોઈએ અને આરોપીને સખ્ત સજા કરવા દલીલો કરેલ તેમજ વડી અદાલતોના ચુકાદાઓ મુજબ ગુન્હેગાર સાથે સખ્ત હાથે કામ લેવું જોઈએ અને મહત્તમ સજા થવી જોઈએ તેવી રજુઆત કરેલી જેને ધ્યાને લઈ વેરાવળના ત્રીજા એડીશ્નલ સેશન્સ કોર્ટના જજ શ્રી જે.જે.પંડયા એ આરોપી અબ્દુલ ગની ફારૂકભાઈ કુકસવાડીયા ને બાળકોને જાતીય રક્ષાણ આપવાના અધિનિયમ-૨૦૧૨ ની કલમ ૪, ૫(એલ) મુજબના તેમજ આઈ.પી.સી. કલમો હેઠળ તકસીરવાન ઠરાવી ૨૦ વર્ષની કેદની સજા ફટકારેલ હતી. આ કેસમાં સરકારી વકીલ કેતનસિંહ વાળાએ ખુબ જ ખંત, કુનેહથી કામગીરી કરેલ જેના પરીણામે આ ચુકાદો આવેલ હોય જે સમગ્ર સમાજમાં આવકારપાત્ર બનેલ હોવાનું યાદીમાં જણાવેલ છે.

# ગોમતી ઘાટે ફોટોસેશન કરતો યુવાન તણાયો સ્થાનિકો દ્વારા મહા મુસીબતે બચાવી લેવાયો



(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૧

અરબી સમુદ્રના પાણીના ખતરનાક કરન્ટથી અજાણ સહેલાણીઓ ગોમતી કિનારે ઘાટ ઉપરથી જ નહાતા અને મોજાની મોજ માણતા તેમજ ફોટોસેશન (સેલ્ફી) લેતાં જોવા મળ્યા હતા. તે દરમ્યાન ગઈકાલે ગુરુવારે અચાનક ફોટોસેશન કરતો એક યુવાન મોજાની થપાટથી નદીમાં ડૂબવા લાગ્યો હતો. જેના કારણે ભારે ઉહાપોહ મચી જવા પામી હતી. સ્થાનિકોએ મહામુસીબતે આ યુવાનને ધસમસતા વહેણમાંથી બચાવી લેવાયો હતો. જો કે આવી ગંભીર પરિસ્થિતિમાં પણ તંત્ર ઊંઘતું ઝડપાયું હતું. ગઈકાલની આ દુર્ઘટના બાદ આખરના વહેણમાં કોઈ વ્યકિત તણાય તો તેને બચાવવા જરૂરી સામગ્રીઓ કે રેસ્કયુ ટીમ તંત્ર દ્વારા ઉપલબ્ધ રાખવામાં આવેલી ન હોય, જો અકસ્માત સર્જાશે તો જવાબદારી કોની ? તેવા પ્રશ્નો પણ ચર્ચાતા થયા છે.

# પ્રાચી તીર્થ ખાતે વિનામૂલ્યે મેગા નેત્ર નિદાન કેમ્પ હાર્ડવૈદ, દંત યજ્ઞ, જનરલ ચેકઅપ કેમ્પ યોજાયો



તસવીર જાદવભાઈ ચુડાસમા પ્રાંચી તીર્થ

પ્રાંચી તીર્થ તા.૨૧

પ્રાચી તીર્થ ખાતે અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર તથા રંભુબેન ઉકાભાઈ ચુડાસમા સેવા સમિતિ દ્વારા વિનામૂલ્યે સદગુરુ સુપર મેગા નેત્ર નિદાન કેમ્પ, હાર્ડવૈદ, દંત યજ્ઞ,જનરલ ચેકઅપ કેમ્પ શ્રી કોળી સમાજ ભવન પ્રાચી ખાતે યોજાયો હતો આ કેમ્પના દાતાશ્રી ડો. સાવલિયા સાહેબ (રોહિતભાઈ પટેલ) પ્રાચી તેમનો સહ પરિવાર તથા શ્રી રણછોડદાસ બાપુ આંખ ની હોસ્પિટલ ના ડોકટર અલકેશભાઈ, યોગેશભાઈ નેના ચોરવાડ તથા મટાણાના પાધેશ્વરી આશ્રમના મહંત ઉપવાસી કરસનદાસ બાપુ સહિતના અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર ના પરિવારજનો ના કર કમલો દ્વારા દિપ પ્રાગટય કરી તથા ગાયત્રી પરિવાર ના કાર્યકર્તા પત્રકાર જાદવભાઈ ચુડાસમા એ કેમ્પને ઉદ્બબોધન કરીને આ કેમ્પને ખુલ્લો મુકવામાં આવ્યો હતો આતકે સૌના માટે વિશ્વના કલ્યાણ તથા સૌનો સદબુદ્ધિ તથા ઉજજવળ ભવિષ્ય માટે ગાયત્રી મહામંત્ર,પાંચ મહામૃત્યુંજય મંત્રનો સામુહિક જાપ કરેલ ગાયત્રી પરિવારના સંસ્થાપક વેદમુર્તિ તપોનિષ્ઠ પંડિત શ્રી રામ શર્મા આચાર્યજીના જીવન નો સંદેશ પાઠવેલ લોકોને હૃદય ગંમ કરવા આહવાન કરેલ હતું કેમ્પના દાતા શ્રી સાવલિયા (રોહિતભાઈ પટેલ) પ્રાચી તથા તેમના પરિવારનુ સન્માન પરમ પૂજ્ય ગુરુદેવ ના દેવસ્થાપન ફોટો તથા ગુરુદેવના સાહિત્ય વડે પાધેશ્વરી આશ્રમ મટાણા ઉપવાસી મહંત કરસનદાસ બાપુ દ્વારા મોમેન્ટ આપીને સન્માન કરવામાં આવેલ હતુ આ કેમ્પમાં ડો.અલકેશભાઈ એ કુલ ૧૬૨ દર્દીઓ ને તપાસી જેમાં થી ૪૩ દર્દીઓ ને મોતિયાના ઓપરેશન માટે રાજકોટ ખાતે લઈ ગયેલ હતા તથા દાંત ના ડો.નયનાબેન રાવલીયા અક્ષર ડેન્ટલ ક્લિનિક વેરાવળ દ્વારા ૩૦ દર્દીઓને તપાસી સારવાર આપવામાં આવી હતી જનરલ ચેકઅપ કેમ્પમાં ડો. રોહિતભાઈ પટેલ પ્રાચી તીર્થએ ૭૦ થી વધુ દર્દીઓને તપાસી વિનામૂલ્યે દવા આપવામાં આવી હતી તથા હાર્ડવૈદ હમીરભાઈ પ્રાચી એ ૩૦ દર્દીને હાથ પગ સાંધા ના દુખાવા ના મસાજ કરેલ તથા દાતા તરફ થી સૌના માટે ચા - પાણી તથા સુંદર ભોજન પ્રસાદની સુંદર વ્યવસ્થા ગોઠવવામાંઆવી હતી આ કેમ્પ ને સફળ બનાવવા માટે કાનાભાઈ સોલંકી (બોસન ) નાથાભાઈ સોલંકી (થરેલી ) નારણભાઈ વાળા (પાધરૂકા તથા રોહિતભાઈ દરબાર અમરાપુર, રાહુલભાઈ રાઠોડ બોસન તથા વાલાભાઈ કંટાળા તથા વજુભાઈ ગોહિલ તથા નરસિંહભાઈ વાઢેર છગિયા દિવાળીબેન પ્રાચી,સોનીબેન ગોરખમઢી તથા,પત્રકાર જાદવભાઈ ચુડાસમા તથા અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર તથા રંભુબેન ઉકાભાઈ ચુડાસમા સેવા સમિતિના સેવાભાવી ભાઈ બહેનો દ્વારા ખુબ જ જહેમત ઉઠાવીને આ કેમ્પને સફળ બનાવ્યો હતો.

## ઓખા મંડળની સગીરાના અપહરણ સબબ રાજકોટના શખ્સ સામે ફરિયાદ

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૧

ઓખા મંડળના મીઠાપુર વિસ્તારમાં રહેતા એક પરિવારની આશરે ૧૮ વર્ષની સગીર વયની પુત્રીને રાજકોટ ખાતે રહેતો પારસ વાઘેલા નામનો શખ્સ લલચાવી, ફોસલાવીને બદકામ કરવાના ઈરાદાથી અપહરણ કરીને લઈ ગયો હોવાની ફરિયાદ સગીરાના પરિવારજન દ્વારા મીઠાપુર પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે. જે અંગે પોલીસે અપહરણ તથા પોક્સો એક્ટની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ખંભાળિયાની પોસ્ટ કચેરીમાં આધાર કાર્ડની કામગીરીનો પ્રારંભ

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૧

ખંભાળિયામાં પાંચ હાટડી ચોક નજીક આવેલી પોસ્ટ ઓફિસ ખાતે આધાર કાર્ડને લગતી વિવિધ કામગીરી શરૂ કરવામાં આવી છે. જેમાં કોઈ પણ વ્યક્તિએ પોતાના આધારકાર્ડમાં સુધારો-વધારો કે ફેરફાર કરવા કે નવા આધાર કાર્ડ કઢાવવા માટેની કામગીરી આ પોસ્ટ ઓફિસ ખાતે થઈ શકશે. જેનો લાભ લેવા ખંભાળિયા તથા આસપાસના વિસ્તારોના લોકોને પોસ્ટ અધિકારી દ્વારા અપીલ કરવામાં આવી છે.


## જાહેર નિવિદા

આથી સને ૨૦૨૪-૨૫ ના વર્ષમાં સામાજીક વનીકરણ વિભાગ, ગીર સોમનાથ હેઠળની ગીર ગઢડા રેન્જ હેઠળના કાર્યક્ષેત્રમાં રેન્જ ટેન્ડર નં. ૧ સામાજીક વનીકરણ કામગીરી તથા રસ્તાના સમાર કામ સબબ મટીરીયલ્સ પુરૂ પાડવાની કામગીરી તથા રેન્જ ટેન્ડર નં. ૨ વન મહોત્સવ, અન્ય કાર્યક્રમ, સ્ટેશનરી, કોમ્પ્યુટર રીપેરીંગ અને સાઈન બોર્ડ પુરૂ પાડવાની કામગીરી કામો માટે ઓફ લાઈન ટેન્ડર મારફત વાર્ષિક ભાવો મગાવવામાં આવે છે.જેથી રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી સીલ બંધ કવરમાં રૂબરૂ/રજી.એ.ડી.થી ટેન્ડર મગાવવામાં આવે છે.તે અંગેના ટેન્ડર ફોર્મ,ટેન્ડરની શરતો.ભરેલ ટેન્ડરો રજુ કરવા અંગેની સુચનાઓ તથા અન્ય માહિતી સામાજીક વનીકરણ રેન્જ કચેરી,મું. ગીર ગઢડા ખાતે થી રૂબરૂ મેળવી લેવી. અથવા નીચે આપેલ મોબાઈલ નંબરમાં સંપર્ક કરવા નોંધ લેવી.

| | | |
|---|---|---|
| ટેન્ડરફોર્મ મેળવવાની છેલ્લી તારીખ / સમય | :- | તા.૨૫/૦૬/૨૦૨૪ ના રોજ ૧૮:૦૦ કલાક સુધી |
| ટેન્ડરફોર્મ ફી(નોનરીફંડેબલ) ટેન્ડર ફોર્મ મેળવતી વખતે ડી.ડી. જમા કરાવવાનો રહેશે. | :- | રૂ.૫૦૦/- ડીમાન્ડ ડ્રાફ્ટ એક ટેન્ડરના (Deputy Conservator of Forests, Social Forestry Division, Gir Somnath) નાયબ વન સંરક્ષકશ્રી સામાજીક વનીકરણ વિભાગ, ગીર સોમનાથના નામનો |
| ઈ.એમ.ડી. ની રકમ | :- | રૂ. ૫૦૦૦/- એફ.ડી.આર. ( Deputy Conservator of Forests, Social Forestry Division, Gir Somnath) નાયબ વન સંરક્ષકશ્રી સામાજીક વનીકરણ વિભાગ, ગીર સોમનાથના નામનો |
| ટેન્ડર ભરીને આપવાનું સ્થળ | :- | રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રીની કચેરી, સામાજીક વનીકરણ રેન્જ, મું. ગીર ગઢડા |
| ટેન્ડર ભરીને મોકલવવાની છેલ્લી તારીખ અને સમય | :- | તા. ૨૬/૦૬/૨૦૨૪ ના રોજ ૧૮:૦૦ કલાક સુધી |
| ટેન્ડર ખોલવાની તારીખ, સમય અને સ્થળ | :- | તા. ૨૭/૦૬/૨૦૨૪ ના રોજ ૧૨:૦૦ કલાકે અથવા ત્યારબાદ અનુકુળતા મજબ ખોલવામાં આવશે. મદદનીશ વન સંરક્ષકશ્રીની કચેરી, સામાજીક વનીકરણ વિભાગ, ગીર સોમનાથ (વેરાવળ) |

**વધુ માહિતી માટે સંપર્ક :-**

રેન્જ ફોરેસ્ટ ઓફિસરશ્રીની કચેરી, સામાજીક વનીકરણ રેન્જ, મું. ગીર ગઢડા મો. નં. 98255 64410

રેન્જ ફોરેસ્ટ ઓફિસર
સામાજીક વનીકરણ રેન્જ, ગીર ગઢડા

માહિતી/જુના/જા.ખ./૧૯૬/૨૪

### જૂનાગઢ મનપાનાં અંતિમ બોર્ડમાં શાસક વિપક્ષ વચ્ચે ભારે ધમાસણ મચી ગયું

# ગેરકાયદે દબાણ મુદ્દે પુનિત શર્માએ મંજુલાબેન પરસાણાને કહ્યું ''તારાથી થાય તે કરી લેજે''



**આખરે મ્યુ. કમિશ્નર ઓમ પ્રકાશે એકશન લેવાની ખાત્રી આપતા મામલો થાળે**

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૧

જૂનાગઢમાં જનરલ બોર્ડમાં નગરસેવક મંજુલાબેન પરસાણાએ ગેરકાયદે દબાણો કરનારા સામે બોર્ડમાં ઠરાવ કરવા માટેની દરખાસ્ત મુકી હતી પરંતુ શાસક ભાજપે તે અંગે કોઈપણ રજુઆત સાંભળ્યા વગર બહુમતીના જોરે બોર્ડ પુર્ણ કરી નાખી જન ગણ મન કરી નાખતા મામલો ગરમાયો હતો. બોર્ડ પુરૂ થયા પછી આ મુદ્દે નગરસેવક મંજુલાબેન પરસાણા અને કોર્પોરેટર તેમજ શહેર ભાજપ પ્રમુખ પુનિત શર્મા વચ્ચે બોર્ડ રૂમમાં જ જાહેરમાં સામ-સામે શાબ્દિક પ્રહારો શરૂ થયા હતા. જેમાં મહિલા નગરસેવક સાથે ગેરવર્તન કરતા મંજુલાબેન આ મુદ્દે નારી શકિતનું અપમાન થયું હોવાનું અને દબાણકારોને બચાવવાના પ્રયાસો કરવામાં આવ્યા હોવાના આક્ષેપ સાથે કમિશ્નરની ચેમ્બર બહાર ધરણા ઉપર બેસી ગયા હતા. અડધો કલાક સુધી મંજુલાબેનને મનાવવા માટે પ્રયત્નો કરવામાં આવ્યા હતા. પરંતુ મંજુલાબેન ઉભા નહીં થતા અંતે કમિશ્નર ડો. ઓમ પ્રકાશ ચેમ્બરમાંથી બહાર આવ્યા અને મંજુલાબેનનો પ્રશ્ન સાંભળ્યો અને કહ્યું કે તમારી જે કઈ પણ રજુઆત હશે કોઈપણ દબાણ અંગે લેખિત રજુઆત હશે તેની સામે એકશન લેવાની ખાતરી આપતા અંતે મામલો થાળે પડયો હતો. આ અંગે મંજુલાબેન પણસારાએ જણાવ્યું હતું કે, બોર્ડ પુરૂ કરવાની ઉતાવળ કરતા મે કહ્યું કે અમારો પુરવણી એજન્ડા છે તે વોકળા દબાણના કારણે નુકસાન થશે તો જવાબદાર કોણ તેનો બોર્ડમાં ઠરાવ કરો. ત્યાં રાષ્ટ્રગીત શરૂ કરી દઈ બોર્ડ પુરૂ કરવાનો પ્રયાસ કર્યો હતો. રાષ્ટ્રગીત બાદ મે કહ્યું કે,ગત ચોમાસામાં મકાન પડ્યું તેમાં ચારના મોત થયા તો જવાબદારી કમિશ્નર ઉપર ઢોળી દીધી હતી. ત્યારે વોકળા દબાણમાં આવું ન બને અને બને તો જવાબદાર નક્કી થાય તે માટે ઠરાવ કરવાની હું વાત કરતી હતી. ત્યારે પુનિત શર્માએ આવીને કહ્યું કે, કંઈ નથી કરવું લેખીતમાં આપી દેજો કોઈએ દબાણ નથી કર્યું. મે કહ્યું કે દબાણ કર્યું છે, ત્યારે કોણે કર્યું તેમ પુનિત શર્માએ કહેતા મે કહ્યું કે તમે દબાણ કર્યું છે. ત્યારે પુનિત શર્માએ કહ્યું કે તારાથી થાય તે કરી લેજે. જે કરવું હોય તે છૂટ છે તેમ કહી બિભત્સ શબ્દો બોલી પુનિત શર્મા બોર્ડની બહાર નિકળી ગયો હતો. પછી મે કમિશ્નર કચેરી સામે જ ધરણા શરૂ કર્યા અને જ્યાં સુધી પુનિત શર્માનાં દબાણો મામલે કાર્યવાહી નહીં થાય ત્યાં સુધી અન્ન, જળ ત્યાગ કરી ધરણાં કરવા મારા કોર્પોરેટર પુત્ર



અને અન્ય સાથે બેસી ગઈ હતી. બાદમાં કમિશ્નરે બહાર આવી અઠવાડિયામાં યોગ્ય કરવાની ખાતરી આપતા ધરણાં સમેટવા કહેતા ધરણાં સમેટી લીધા છે. જોકે, અઠવાડિયામાં કંઈ નહિ થાય તો ફરી ધરણાં કરીશું એવી મંજુલાબેન પરસાણાએ ચિમકી ઉચ્ચારી છે. આમ જૂનાગઢ મહાનગરપાલિકાનું છેલ્લું જનરલ બોર્ડ ભારે બઘડાટીભર્યુ સાબીત થયું હતું.

## જૂનાગઢ મનપા જનરલ બોર્ડ સમક્ષ બીયુ સર્ટી. મુદ્દે રજુઆત કરવા જઈ રહેલા ટયુશન-શાળા સંચાલકો અને વેપારીઓને પોલીસે અટકાવ્યા

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૧

જૂનાગઢ મહાનગરપાલિકાના જનરલ બોર્ડમાં બી.યુ. સર્ટી અને ફાયર એનઓસી મુદ્દે ટયુશન તથા શાળા સંચાલકો, વેપારીઓ રજુઆત કરવા દોડી આવ્યા હતા. સત્તાધિશોએ પોલીસને આગળ કરી જનરલ બોર્ડમાં રજુઆત કરવા જતા અટકાવતા વેપારીઓ અને ટયુશન સંચાલકો રોષે ભરાયા હતા. રાજકોટની ઘટના બાદ જૂનાગઢ શહેરમાં અનેક ટયુશન કલાસીસો, શાળા અને દુકાનોને બીયુ સર્ટી તથા ફાયર એનઓસી મુદ્દે સીલ મારી દેવાની કામગીરી ચાલી રહી છે. આ અંગે છેલ્લા કેટલાય દિવસોથી બીયુ સર્ટી મુદ્દે રજુઆતો કરવામાં આવતી હોવા છતાં મનપાના અધિકારીઓ કોઈ વાત સાંભળતા નથી. જેથી જનરલ બોર્ડ સમક્ષ આ મુદ્દે રજુઆત કરવા માટે આવેલા લોકોને પોલીસે અટકાવ્યા હતા.

જેમાં ટયુશન સંચાલકો અને વેપારીઓની રજુઆત હતી કે, બીયુ સર્ટી જે તે બિલ્ડરે લેવાની હોય છે તેને બદલે દુકાનદારો પાસેથી બીયુ સર્ટી માંગવામાં આવે છે. જૂનાગઢમાં ૯૦ ટકાથી વધુ બિલ્ડીંગોમાં બીયુ સર્ટી માંગાવમાં આવે છે, જૂનાગઢમાં ૯૦ ટકાથી વધુ બિલ્ડીંગોમાં બી.યુ. સર્ટી નથી, મોટા બિલ્ડરોને બદલે નાના વેપારીઓને કનડગત કરવામાં આવી રહી છે. જો બિલ્ડીંગનું બીયુ સર્ટી ન હોય તો આખી બિલ્ડીંગને સીલ મારવાને બદલે મનપાના અધિકારીઓ એક-બે દુકાનોને સીલ મારી સંતોષ માની લે છે. સીલીંગની કામગીરીથી અનેક લોકો ધંધા-રોજગાર વગરના બન્યા છે. આ અંગેની રજુઆત કરવા માટે આવેલા લોકોની માંગ હતી કે, મનપા દ્વારા સીલ ખોલી આપવામાં આવે અથવા જૂનાગઢના બીયુ વગરના તમામ બિલ્ડીંગોને સીલ કરી દેવામાં આવે અથવા મનપા દ્વારા અમોને નોકરી આપવામાં આવે અથવા પરિવાર સાથે જેલમાં પુરી દેવામાં આવે તેવી માંગણી કરવામાં આવતી હતી છતાં પણ પોલીસ દ્વારા રજુઆત કરવા આવેલા લોકોને શાસકોના ઈશારે જનરલ બોર્ડ સમક્ષ જવા દીધા નહી. રજુઆત કરવા આવેલા લોકોએ રોષભેર જણાવ્યું હતું કે, કયા કાયદામાં આવી જોગવાઈ છે કે જનરલ બોર્ડમાં પ્રજાજનો રજુઆત કરવા માટે ન જઈ શકે? અમોએ પણ મત આપ્યા છે, અમારો રજુઆત કરવાનો પણ અધિકારી નથી ? આવી અડધી કલાથી વધુ બબાલ કરવા છતાં પણ શાસકો સુધી રજુઆત કરવા જવા દેવામાં ન આવ્યા અંતે તેઓએ પદાધિકારીઓને પોતાની રીતે વ્યકિગત સંબંધના કારણે રજુઆત કરી સંતોષ માનવો પડયો હતો.

## જૂનાગઢ જીલ્લા પંચાયતની સાધારણ સભામાં બઘડાટી બોલતાં ડીડીઓ અને પૂર્વ પ્રમુખના પતિ સામસામે આવી ગયા

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૧

અચારસંહિતા બાદ પ્રથમ વખત જૂનાગઢ જીલ્લા પંચાયતની ખાસ સાધારણ સભા જીલ્લા પંચાયતના કચેરીના સભા ખંડ ખાતે મળી હતી. આ સભા શરૂ થતા જ જીલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખના પતી અને જીલ્લા વિકાસ અધિકારી આમને-સામને આવી જતા માહોલ ગરમાયો હતો. દરમ્યાન સભા રદ કરવા અમુક સભ્યોએ જણાવી તેમની સાથે સહમતી દર્શાવી વિરોધ કર્યો હતો. જેના અંતે સભા શરૂ રહેતા વિવિધ ૧૨ મુદદાઓ પૈકી ૧૧ મુદ્દાને બહાલી આપી સભા પુર્ણ થતા ઘીના ઠામમાં ઘી ભળી ગયું હોવાનો સુર જોવા મળ્યો હતો. જૂનાગઢ જીલ્લા પંચાયત ખાતે દિવસ દરમ્યાન બેઠકોનો દોર જોવા મળ્યો હતો.

દિવસભર વિવિધ વિભાગોની, કારોબારી અને સામાન્ય સભા સહિત ૬ જેટલી બેઠકો મળી હતી. દરમ્યાન ખાસ સાધારણ સભાની બેઠક પ્રમુખ અને ડીડીઓના અધ્યક્ષ સ્થાને મળી હતી. બેઠક શરૂ થતાની ત્રીજી મીનીટે જ જીલ્લા પંચાયતના પુર્વ પ્રમુખ અને હાલ કારોબારી સમિતીના સભ્ય શાંતાબેન ખટારીયાના પતિ દિનેશભમાઈ ખટારીયાએ જીલ્લા પંચાયતના પ્રમુખ હરેશ ઠુંમરને અગાઉ થયેલી કામગીરીને લઈને હાલ જે તપાસ ચાલી રહી છે તેને લઈને સવાલ કરતા જણાવ્યું હતું કે, તમે સમિતી અને બોર્ડની મંજૂરી વગર ભુતકાળમાં થયેલા કામોની તપાસ કરવાના આદેશ કેમ કર્યા છે.

દરમ્યાન પ્રમુખે વળતો જવાબ આપતા જણાવ્યું હતું કે, મારી જાણ વગર તપાસ કરવામાં આવી રહી છે. જેથી અન્ય સભ્યોએ સામાન્ય સભા રદ કરવા સહમતી દર્શાવી હોબાળો કર્યો હતો. પરંતુ તપાસ કરતા જીલ્લા વિકાસ અધિકારી નિતીન સાંગવાનને જવાબ અપતા અને નાણા પંચની જોગવાઈ અને ધારા કલમ ૧૫ મુજબ મે તપાસ શરૂ કરી હોવાનું જણાવ્યું હતું. દરમ્યાન પુર્વ પ્રમુખના પતીએ તેમને પણ ઉધડા લેતા માહોલ ગરમાયો હતો. દિનેશભાઈના જણાવ્યા મુજબ ફરિયાદ વગર તપાસ કરી શકાય નહી તેમ અધિકારીને પાઠ ભણાવતા મામલો ઉગ્ર બન્યો હતો.

આમ સભામાં મુખ્યત્વે ૧૨ મુદ્દાઓ રજુ કરવામાં આવ્યા હતા. જે પૈકી ૧૧ મુદ્દાને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી. જેમાં પંચાયતના કુલ ૩૦ સભ્યો પૈકી ૨૨ સભ્યો હાજર જયારે ૮ ગેરહાજર રહ્યા હતા. તેમજ દિવસ દરમ્યાન મળેલી શિક્ષણ, પશુપાલન, કારોબારી, સિંચાઈ અને બાંધકામ વિભાગની બેઠક મળી હતી. જેમાં પણ વિવિધ પ્રશ્નો રજુ કરતા નવા કામો અને પડતર રહેલા કામોમાં મુદત વધારવા બહાલી આપવામાં આવી હતી.

## જૂનાગઢ જીલ્લામાં ગેરકાયદે બાયોડીઝલનું વેચાણ બંધ કરાવવા પેટ્રોલીયમ ડીલર એસો દ્વારા આવેદનપત્ર પાઠવાયું



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૧

જૂનાગઢ જીલ્લામાં છેલ્લા ઘણા સમયથી ગેરકાયદેસર રીતે વેચાતા બાયોડીઝલ વિક્રેતા ઉપર તંત્ર દ્વારા તવાઈ બોલાવવામાં આવી હતી. ત્યારે હજુ પણ જૂનાગઢ જિલ્લામાં ૩૫થી વધુ જગ્યા ઉપર ગેરકાયદેસર બાયોડીઝલનું વેચાણ થતું હોવાની પેટ્રોલપંપ એસોસિએશન દ્વારા માહિતી આપવામાં આવી હતી. જેને લઈ જૂનાગઢ જિલ્લા પેટ્રોલિયમ એસોસિએશન દ્વારા ગેરકાયદેસર રીતે વેચાતા બાયોડીઝલ મામલે કલેકટરને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી હતી. એસોસિએશન દ્વારા રજૂઆતમાં જણાવવામાં આવ્યું હતું કે, કોઈપણ બાયો ડીઝલ પંપ અથવા તો વાહન માલિક બાયો ડીઝલનો સીધો ઉપયોગ કરી શકતા નથી. પરિપત્ર મુજબ બાયો ડીઝલ વિક્રેતાઓ હાલના સમયમાં નિમણૂક પાલન કરતા નથી. તેમજ રાજપત્રમાં લખાયેલ અલગ અલગ ડીપાર્ટમેન્ટની તમામ એન.ઓ.સી લીધા વગર બાયોડીઝલનું વેચાણ કરી રહ્યા છે. ત્યારે બાયોડીઝલના નામ એલડીઓ તથા અન્ય જલ્લનશીલ પદાર્થ મીશ્રણ કરી વેચાણ કરવામાં આવે છે. ત્યારે બાયોડીઝલનો સ્ત્રોત આખા ભારતમાં બહુજ સીમીત છે. જેથી તેનું પ્રોડકશન કરવું ખુબ જ અઘરૂ છે તથા બહુ જ સીમીત પુરવઠો છે ત્યારે બાયો ડીઝલમાં અન્ય પદાર્થ મીશ્રણ કરવામાં આવે છે. બાયો ડીઝલ પંપ વિક્રેતાઓ બાયો ડીઝલ કયાંથી ખરીદે છે તેનો કોઈ ડેટા રાખતા નથી કે લેતા નથી અથવા તેના એકના એક બીલ ઉપર ખરીદી બતાવ્યા રાખે કે વેચાણ બતાવ્યા રાખે છે. જેને લઈ જેથી સરકારને જી.એસ.ટી.માં મસ મોટી નુકશાની જાય છે અને જેના લીધે કાયદેસર ડીઝલ પંપ વીક્રેતાઓનું પણ વેચાણ ઘટે છે. વધુમાં જણાવ્યું હતું કે, ગેરકાયદેસર બાયોડીઝલના વેચાણના કારણે ઓઈલ કંપનીમાં દર વર્ષે ડીઝલ વાહનોમાં વધારો થવા છતા ડીઝલનું વેચાણ ખુબ જ ઓછું થઈ રહ્યું છે. વેચાણ ઓછું થવાના કારણે સરકારને વેટનું તથા કંપનીઓને વેચાણનું તથા ટ્રાન્સપોર્ટરોને વેચાણ ઓછું થવાના કારણે ટ્રાન્સપોર્ટેશન ઓછું થવાથી મંદી આવી છે. ત્યારે પેટ્રોલ એસોસિએશનને બાયો ડીઝલના નામે ઉપયોગ થતા ફ્યુલના નમુના લઈ તટસ્થ રીતે પૃથક્કરણમાં મોકલવા જોઈએ અને આકરા પગલા ભરવા જોઈએ એને મિશ્રિત ફયુલ રેગ્યુલર ડીઝલ કરતા ૧૦થી ૧૫ રૂપિયા જેટલું સસ્તુ મળવાને કારણે ટ્રક, બસ, ટ્રેકટર તથા અન્ય વાહનો વપરાશ કરતા આ મિશ્રિત ફયુલને ખૂબ જ મોટા પ્રમાણમાં ઉપયોગથી જે તે વાહનમાં પેટ્રોલ-ડીઝલને બદલે આ જ્વલનશીલ પ્રવાહી રીતે વાહનોમાં હોવાને કારણે તેમાં કોઈપણ સમયે પણ આગજનીનો બનાવ બની શકે છે. એક્સપ્લોઝિવ તથા અન્ય કોઈ લાયસન્સ, ફાયર એનઓસી કે કોઈપણ જાતની સરકારી એનઓસી વગર આવા લોકો કોઈપણ જાતના અનુભવ જ્ઞાન વગર જ્વલનશીલ ફ્યુઅલના હજારો લાખો લિટરનો સંગ્રહ કરે છે આ ફ્યુઅલનો ક્યારેય પણ કોઈપણ વાહનોમાં ઉપયોગ કરવાનો હોતો નથી. આ પેટ્રોલ ડીઝલ કરતા સસ્તુ હોવાથી બસો, ટ્રકો, બોરવેલો, ટ્રેકટરો તથા અન્ય વાહનો અનાયસે તે સ્થળ ઉપર જ્વલનશીલ ફ્યુલ પુરાવવા જાય છે ત્યારે બસ ઓપરેટરો સાથે સાથે તેમાં બેસેલા મુસાફરો પણ ત્યાં જાય છે, ત્યારે એનઓસી વગરના પંપ ઉપર જાય છે, જે જગ્યા ઉપર હજારો લાખો લિટરનો સંગ્રહ કરેલો હોય છે જે એક જીવતા વિસ્ફોટક બોમ્બ જેવા છે. જૂનાગઢ પેટ્રોલ ડીઝલ એસોસિએશનના પ્રમુખ ગોવિંદ રામે જણાવ્યું હતું કે, જૂનાગઢ કલેક્ટરને બાયોડીઝલ મામલે આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. જૂનાગઢ જિલ્લામાં રોડ ઉપર ગેરકાયદેસર રીતે બાયોડીઝલ વેચાઈ રહ્યું છે.

જૂનાગઢ જિલ્લામાં ૩૫થી વધુ જગ્યાએ ગેરકાયદેસર બાયોડીઝલ વેચવામાં આવી રહ્યું છે. ત્યારે આ ગેરકાયદેસર રીતે વેચાતા બાયોડીઝલ બંધ થાય અથવા અમને બંધ કરવાની પરવાનગી આપવામાં આવે. આ ગેરકાયદેસર રીતે વેચાતા બાયોડીઝલથી બાયો ડીઝલ બનાવનાર વેચનાર અને જે ગેરકાયદેસર રીતે વહેંચવાની પરવાનગી આપે છે તેને ફાયદો થાય છે. ત્યારે જૂનાગઢ કલેક્ટરને બાયોડીઝલ મામલે આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે અને જો આવનાર સમયમાં ગેરકાયદેસર રીતે વહેંચાતા બાયો ડીઝલ બંધ કરવામાં નહીં આવે તો અચોક્કસ મુદતની હડતાલ સુધી અમારા પેટ્રોલ ડીઝલના પંપ બંધ કરીશું તેવી ચિમકી ઉચ્ચારી છે.

## માળિયા તાલુકા પંચાયતના પ્રમુખ કચેરીએ નહીં આવતા હોવાના આક્ષેપ સાથે અવિશ્વાસની દરખાસ્ત

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૧

માળિયાહાટીના તાલુકા પંચાયતના પ્રમુખ નયનાબેન આશિષભાઈ લાડાણી સામે અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરવામાં આવતા સ્થાનિક રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે.માળીયાહાટીના તાલુકા પંચાયતના પ્રમુખ નયનાબેન આશિષભાઈ ૧ વર્ષથી પ્રમુખ તરીકેના હોદા ઉપર કાર્યરત છે. નયનાબેન આશિષભાઈ લાડાણી સામે તેમના જ પક્ષના ભાજપના તાલુકા પંચાયતના ૧૭ સભ્યોએ પોતાની સહી સાથે અવિશ્વાસની દરખાસ્ત કરી ટીડીઓને લેખિતમાં આવેદનપત્ર આપ્યું છે. તાલુકા પંચાયતના ઉપપ્રમુખ રણજીતભાઈ મશરી ભાઈ યાદવે જણાવ્યું છે કે કે તાલુકા પંચાયતના પ્રમુખ નયનાબેન આશિષભાઈ લાડાણી ઘણા લાંબા સમયથી તાલુકા પંચાયતની ઓફિસમાં આવતા નથી અને કોઈના કામ પણ કરતા નથી જેથી તાલુકા પંચાયતના સભ્યોમાં ખૂબ જ અસંતોષ ઊભો થયો છે. તાલુકા પંચાયતના ૨૦ સભ્યોમાંથી ભાજપના ૧૭ સભ્યોને પોતાની સહી સાથે પ્રમુખ નયનાબેન સામે અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરી છે. તાલુકા પંચાયતના અમુક સભ્યો એવો પણ આક્ષેપ કરી રહ્યા છે કે તાલુકા પંચાયતના પ્રમુખ કોંગ્રેસના જ કામ કર્યા હતા અને તેમની બેઠક કોંગ્રેસ ના આગેવાનો સાથે જ હતી એમ મોટાભાગના સભ્યોએ આક્ષેપ કર્યો છે. અવિશ્વાસની દરખાસ્ત થતા જ માળીયાહાટીના રાજકારણમાં ગરમાવો જોવા મળ્યો છે. અત્રે નોંધનીય એ છે કે, માળિયા તાલુકા પંચાયતના પ્રમુખ સામે જ અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરવામાં આવતા ભારે ચર્ચા જાગી છે અને ૧૭ સભ્યોએ પોતાની સહી કરી કાગળ રજૂ કર્યો છે. આ ઉપરાંત કચેરીએ ન આવતા હોવાનો પણ ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો હતો.

## જૂનાગઢ માર્કેટીંગ યાર્ડમાં કેરીની આવક ઘટી : સિઝન પૂર્ણતાના આરે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૧

કેસર કેરીની સિઝન હવે ધીમે- ધીમે પૂર્ણતાના આરે છે. જૂનાગઢ માર્કેટીંગ યાર્ડમાં કેરીની આવકમાં ૭૦ ટકાનો ઘટાડો થયો છે. ઉપરાંત શહેરમાં ઠેર- ઠેર કેસર કેરીના સ્ટોલ નાખીને વેચાણ કરતા વેપારીઓ પણ સ્ટોલ સમેટી લીધા છે. જૂનાગઢ માર્કેટીંગ યાર્ડ ફ્રૂટ વિભાગના હરેશભાઈ ગજેરાએ જણાવ્યું કે, યાર્ડમાં ધીમે- ધીમે કેસર કેરીની આવકમાં ઘટાડો થયો છે. શરૂઆત કરતા ૭૦ ટકા જેવી આવક ઘટી છે. મહિના દિવસ પૂર્વે જે ૧૫ થી ૨૦ બોક્સની બોક્સની આવક થતી હતી તે હવે ૨ થી ૩ હજાર બોક્સની થવા મંડી છે. હવે આગામી ૫ થી ૬ દિવસ સુધી જ યાર્ડમાં આવક થશે તેવું લાગી રહ્યું છે. યાર્ડમાં આવક ઘટવાની સાથે બોક્સના ભાવ પણ ઘટી ગયા છે.છેલ્લા બે દિવસની વાત કરીએ તો, તારીખ ૧૯ જૂન ને બુધવારે જૂનાગઢ માર્કેટીંગ યાર્ડમાં કેરીના ૨,૧૮૦ બોક્સની આવક થઈ હતી જેમાં ૧૦ કિલોના ભાવ રૂપિયા ૪૦૦ થી ૮૦૦ની વચ્ચે બોલાયા હતા. જ્યારે તારીખ ૨૦ જૂનને ગુરૂવારે કેરીના ૩,૩૪૦ બોક્સની આવક થઈ હતી. ઉપરાંત શહેરમાં ઠેર- ઠેર કેસર કેરીના સ્ટોલ રાખી વેચાણ કરતા વેપારીઓ પણ સ્ટોલ સમેટવા લાગ્યા છે. આમ, હવે ગણતરીના દિવસો જ કેસર કેરીની સિઝન રહેનાર છે.

## જૂનાગઢમાં યુવાનના આપઘાત મામલે પત્ની સહિત ૭ વ્યકિત સામે મરવા મજબુર કર્યાની ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૧

જૂનાગઢ શહેરના ઝાંઝરડા રોડ ઉપર રહેતા યુવાને ગત તા.૧૪ના ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ યુવાને લખેલી સુસાઈડ નોટ મળી આવી હતી જેના આધારે મૃતકના માતાએ યુવકની પત્ની, સાસુ-સસરા સહિત સાત સામે મરવા મજબુર કર્યાની ફરિયાદ કરતા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. સુસાઈડ નોટમાં જે ચાર શખ્સના નામ છે તે પૈસાની લેતી-દેતી બાબતે ત્રાસ આપતા હોવાનો ઉલ્લેખ કર્યો છે. આ અંગેની પોલીસમાંથી પ્રાપ્ત વિગત અનુસાર, શહેરના ઝાંઝરડા રોડ ઉપર આવેલા કુંજ એપાર્ટમેન્ટમાં રહેતા ગૌરવ પરષોતમભાઈ ભુત નામના યુવાને ગત તા.૧૫ના ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ યુવાને ઓસીકા નીચે રાખેલ સુસાઈડ નોટ મળી આવી હતી. જેમાં ગૌરવે મારી જીંદગીના દુશ્મન મારી ઘરવારી નેન્સી ભુત છે. તા.૩૧-૫-૨૦૨૪થી તે કયાં છે તેની ખબર નથી, તેના મા-બાપ પણ કંઈ કહેતા નથી, નેન્સીના બધા શોખ પુરા કરાવ્યા હવે મારી પાસે પૈસા કે કંઈ નથી, તેના મા-બાપે મારી પત્ની અને તેની બહેનને કલકતા ડાન્સબારમાં પૈસા કમાવાવ મોકલેલ છે તે વસ્તુ મને પસંદ નથી, નેન્સી વગર હું જીવી શકું તેમ નથી. આ ઉપરાંત વિજય રબારી, રમેશ ઓડેદરા અને કોકન રબારી અને ભીલો ઉર્ફે મામોનું નામ લખ્યું હતું. આ શખ્સો પૈસાની ઉઘરાણી કરવા આવતા હતા. ગૌરવ ભુતના માતા રૂક્ષ્મણીબેન પરષોતમભાઈ ભુતે નેન્સી ગૌરવ ભુત, માણાવદર રહેતા ગૌરવના સસરા રાજેશ રામાનંદી, સાસુ પ્રગ્યાબેન રાજેશ રામાનંદી, જૂનાગઢના વિજય રબારી, રમેશ ઓડેદરા, કોકન રબારી અને ભીલો ઉર્ફે મામો સામે ગૌરવને મરવા મજબુર કર્યાની ફરિયાદ કરતા બી ડીવીઝન પોલીસે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## ચોમાસા ટાણે જ દીપાલી પાર્ક-૧ ડ્રેનેજ લાઈન માટે ફરી ખોદકામ કરાતા રોષ



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૧ : જૂનાગઢના ઝાંઝરડા રોડ ઉપર આવેલ દીપાલી પાર્ક ૧ અને આસપાસના વિસ્તારમાં ખોદકામથી રોડની સ્થિતી ખરાબ બની છે. મેઘરાજના આગમનમાં હવે જુજ સમય બાકી નથી. ત્યારે ખોદેલા રોડ ઉપર કાદવ કિચળ થવાની ભિતી સેવાઈ રહી છે. આ વિસ્તારમાં બધા કામ એક સાથે કરવાને બદલે પહેલા પાણીની લાઈન માટે, બાદમાં ખાનગી ગેસ કંપની દ્વારા ગેસની લાઈન માટે અને હવે ડ્રેનેજ લાઈન માટે ખોદકામ કરાતા સતત અઢી માસથી રોડ ખોદાયેલી હાલતમાં જ છે. જેને લઈને આસપાસના વિસ્તારના સ્થાનિકોને હલન-ચલન માટે ભારે મુશ્કેલી પડી રહી છે. સ્થાનિક રહેવાસીએ જણાવ્યુ કે, મનપા તંત્ર કામગીરી આયોજન વગર કરી રહી છે.


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
MI-GL
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્કર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.